


# શારીરિક શિક્ષણ સહાયક
# (પ્રારંભિક વર્ષો)

## (લાયકાત પેક: સંદર્ભ આઈડી. એસપીએફ/ક્યુ4005)
## ક્ષેત્ર: શારીરિક શિક્ષણ, રમતગમત અને વિરામના સમયની પ્રવૃત્તિઓ
## ધોરણ-12


**પીએસએસ સેન્ટ્રલ ઇન્સ્ટિટયુટ ઓફ વોકેશનલ એજ્યુકેશન**

**(ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળ, એનસીઈઆરટીનું એક ઘટક એકમ)**

**શ્યામલા હિલ્સ, ભોપાલ-462 002, એમ. પી., ભારત**

http://www.psscive.ac.in

**© પીએસએસ સેન્ટ્રલ ઇન્સ્ટિટયુટ ઓફ વોકેશનલ એજ્યુકેશન, ભોપાલ 2024**

આ પ્રકાશનનો કોઈપણ ભાગ પ્રકાશકની પૂર્વ પરવાનગી વિના ઇલેક્ટ્રોનિક, યાંત્રિક, ફોટોકોપી, રેકોર્ડિંગ અથવા અન્ય કોઈપણ સ્વરૂપ અથવા માધ્યમમાં પુનઃઉત્પાદિત, પુનઃપ્રાપ્તિ પ્રણાલીમાં સંગ્રહિત અથવા પ્રસારિત કરી શકાશે નહીં,

# પ્રસ્તાવના

વ્યવસાયિક શિક્ષણ એક ગતિશીલ અને વિકાસશીલ ક્ષેત્ર છે, અને તે સુનિશ્ચિત કરે છે કે દરેક વિદ્યાર્થીને ગુણવત્તાયુક્ત અધ્યયન સામગ્રીની પ્રાપ્યતા હોય કે જેનું મહત્વ સર્વોપરી છે. PSS સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વોકેશનલ એજ્યુકેશન (PSSCIVE)નો આ પ્રવાસ વ્યાપક ઉત્પાદન તરફી અને સમાવેશી અભ્યાસ સામગ્રી પૂરી પાડવા તરફનો છે, જે સઘન પ્રયાસો અને સમય માંગી લે છે, જે માટે સંપૂર્ણ સંશોધન, નિષ્ણાત પરામર્શ અને રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT) દ્વારા પ્રકાશન કરવાની જરૂરિયાત રહે છે. જોકે, અંતિમ અભ્યાસ સામગ્રીનો અભાવ આપણા વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિમાં અવરોધરૂપ ન બનવા જોઈએ. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, અમે ડ્રાફ્ટ અભ્યાસ સામગ્રી રજૂ કરીએ છીએ, જે એક કામચલાઉ છતાં વ્યાપક માર્ગદર્શિકા છે, જે અધ્યયન અને અધ્યાપન વચ્ચેના અંતરને દૂર કરવા માટે રચાયેલ છે, જ્યાં સુધી અધિકૃત સંસ્કરણ પ્રકાશિત ન થાય. ત્યાં સુધી એનસીઇઆરટી દ્વારા બનાવેલ આ અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ છે. આ ડ્રાફ્ટ અભ્યાસ સામગ્રી વ્યવસ્થિત અને સુલભ સેટ સ્વરૂપે શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે આ વચગાળાના સમયમાં ઉપયોગ માટે ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ તેમની અધ્યયન નિષ્પત્તિઓ સાથે ટ્રેક પર રહે તે સુનિશ્ચિત કરવા માટે આ સામગ્રી નિર્ધારિત અભ્યાસક્રમ સાથે સંરેખિત છે.

શિક્ષણમાં સાતત્યતા અને વ્યાવસાયિક શિક્ષણમાં અધ્યયન-અધ્યાપનની ગતિ જાળવી રાખવા માટે આ સામગ્રી ના મોડ્યુલ્સ ક્યુરેટેડ છે, તેમાં જે તે શૈક્ષણિક ધોરણને અનુરૂપ અભ્યાસક્રમ મુજબ આવશ્યક સંકલ્પનાઓ અને કૌશલ્યોનો સમાવેશ થાય છે. અમે ડ્રાફ્ટ અભ્યાસ સામગ્રીના નિર્માણમાં પોતાની કુશળતા અને સૂઝનું યોગદાન આપનારા શિક્ષણવિદો, વ્યાવસાયિક શિક્ષકો, વિષય નિષ્ણાતો, ઉદ્યોગ નિષ્ણાતો, શૈક્ષણિક સલાહકારો અને અન્ય તમામ લોકોનો આભાર માનીએ છીએ.

આ ડ્રાફ્ટ મોડ્યુલનો વિદ્યાર્થીઓની અનન્ય શિક્ષણ શૈલીઓ અને જરૂરિયાતોને પૂર્ણ કરવામાં માર્ગદર્શિકા અને વધારાના સંશાધનો અને પ્રવૃત્તિઓ ધરાવતી પૂરક સામગ્રી તરીકે ઉપયોગ કરવા માટે શિક્ષકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે, જે માટે સહયોગ અને પ્રતિભાવ મહત્વપૂર્ણ છે; તેથી, અમે અભ્યાસ સામગ્રીના કન્ટેન્ટમાં સુધારો કરવા માટેના, ખાસ કરીને શિક્ષકોના સૂચનોનું સ્વાગત કરીએ છીએ.

આ સામગ્રી કોપીરાઇટથી સુરક્ષિત છે અને NCERT-PSSCIVE ની પરવાનગી વિના છાપવી જોઈએ નહીં .

દીપક પાલીવાલ
સંયુક્ત નિયામક
PSSCIVE, ભોપાલ

તારીખ: 3 ડિસેમ્બર 2024

# અભ્યાસ સામગ્રી વિકાસ સમિતિ

## સભ્યો

*આઝાદ ખાન, વડા – ઉત્પાદન અને તાલીમ,* વ્યાવસાયિક શિક્ષણ, સ્પોર્ટ્ઝ વિલેઝ પ્રા. લિ., બેંગલુરૂ, કર્ણાટ

હસન અહમદ નૂરી, *મેનેજર - ઉત્પાદન અને તાલીમ,* સ્પોર્ટ્ઝ વિલેજ પ્રા. લિ., બેંગલુરૂ, કર્ણાટક.

પ્રિયા દ્વિવેદી, *સિનિયર મેનેજર,* સ્પોર્ટ્સ ફિઝિકલ એજ્યુકેશન ફિટનેસ એન્ડ લેઝર સેક્ટર કાઉન્સિલ, 207, ડીએલએફ ટાવર, ગેલેરિયા મોલ, મયુર વિહાર એક્સટેન્શન, દિલ્હી

તહસીન ઝૈદ, સીઓઓ, સ્પોર્ટ્સ ફિઝિકલ એજ્યુકેશન ફિટનેસ એન્ડ લેઝર સેક્ટર કાઉન્સિલ, 207 ડીએલએફ ટાવર, ગેલેરિયા મોલ, મયુર વિહાર એક્સટેન્શન, દિલ્હી

## સભ્ય સંયોજક

**ડૉ. વિનય સ્વરૂપ મેહરોત્રા**, પ્રોફેસર અને વડા, અભ્યાસક્રમ વિકાસ અને મૂલ્યાંકન કેન્દ્ર, પીએસએસ સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વોકેશનલ એજ્યુકેશન, શ્યામલા હિલ્સ, ભોપાલ - 462 002, મધ્યપ્રદેશ, ભારત

# અનુક્રમણિકા


| ક્રમ નં. | શીર્ષક | પૃષ્ઠ નં |
|---|---|---|
| 1. | **મોડ્યુલ 1: વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન** | 1 |
| | મોડ્યુલ પરિચય | 1 |
| | અધ્યયન નિષ્પત્તિ | 1 |
| | મોડ્યુલનું માળખું | 2 |
| | **સત્ર 1: મૂલ્યાંકનની સંકલ્પના** | 2 |
| | પ્રવૃત્તિઓ | 14 |
| | તમારી પ્રગતિ તપાસો | 15 |
| | **સત્ર 2: ગુણાત્મક અને માત્રાત્મક મૂલ્યાંકન** | 16 |
| | પ્રવૃત્તિઓ | 27 |
| | તમારી પ્રગતિ તપાસો | 28 |
| | **સત્ર 3: મૂલ્યાંકન આયોજન અને મૂલ્યાંકન** | 29 |
| | પ્રવૃત્તિઓ | 33 |
| | તમારી પ્રગતિ તપાસો | 34 |
| | **સત્ર 4: વાલીઓ સાથે વાર્તાલાપનું આયોજન** | 35 |
| | પ્રવૃત્તિઓ | 41 |
| | તમારી પ્રગતિ તપાસો | 42 |
| 2. | **મોડ્યુલ 2: કટોકટી વ્યવસ્થાપન** | 44 |
| | મોડ્યુલ પરિચય | 44 |
| | અધ્યયન નિષ્પત્તિ | 44 |
| | મોડ્યુલનું માળખું | 44 |
| | **સત્ર 1: કટોકટી સમયે લેવાના થતા પગલાં** | 45 |
| | પ્રવૃત્તિઓ | 48 |
| | તમારી પ્રગતિ તપાસો | 49 |
| | **સત્ર 2: રમતના મેદાનમાં કટોકટીની સ્થિતિ** | 50 |
| | પ્રવૃત્તિઓ | 55 |
| | તમારી પ્રગતિ તપાસો | 56 |
| 3. | **સત્ર 3: કટોકટી માટે તૈયારી કરો એક ક્રિયાત્મક યોજના** | 57 |
| | પ્રવૃત્તિઓ | 66 |
| | તમારી પ્રગતિ તપાસો | 67 |
| | **મોડ્યુલ 3: રમતના મેદાનમાં આરોગ્ય અને સ્વચ્છતા** | 69 |
| | મોડ્યુલ પરિચય | 69 |
| | અધ્યયન નિષ્પત્તિ | 69 |
| | મોડ્યુલનું માળખું | 69 |
| | **સત્ર 1: ખેલાડીઓનું આરોગ્ય અને સ્વચ્છતા** | 69 |
| | પ્રવૃત્તિઓ | 74 |
| | તમારી પ્રગતિ તપાસો | 74 |
| | **સત્ર 2: રમતની જગ્યાને સ્વસ્થ અને આરોગ્યપ્રદ બનાવવી** | 75 |
| | પ્રવૃત્તિઓ | 79 |

| | | |
|---|---|---|
| | તમારી પ્રગતિ તપાસો | 80 |
| 4. | જવાબો | 81 |
| 5. | શબ્દાવલિ | 83 |

| મોડ્યુલ 1 | વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન |
|---|---|

## મોડ્યુલ પરિચય

મોડ્યુલ 1 વિદ્યાર્થી મૂલ્યાંકનના આવશ્યક સિદ્ધાંતો અને પધ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે શિક્ષકોને જરૂરી જ્ઞાન અને કૌશલ્યોથી સજ્જ કરી વિદ્યાર્થીઓએ મેળવેલ જ્ઞાનનું અસરકારક રીતે મૂલ્યાંકન કરવા, વિવિધ મૂલ્યાંકન પદ્ધતિઓનો ઉપયોગ કરવા અને પરિણામ સુધારવા માટે વાલીઓ સાથે જોડાવું.

મૂલ્યાંકનની સંકલ્પના પર સત્ર 1, મૂલ્યાંકનની મૂળભૂત સંકલ્પનાઓને ઉજાગર કરે છે, જેમાં શૈક્ષણિક પ્રક્રિયામાં તેના હેતુઓ, પ્રકારો અને મહત્વનો સમાવેશ થાય છે.

ગુણાત્મક અને માત્રાત્મક મૂલ્યાંકન પર સત્ર 2, બે મુખ્ય પ્રકારના મૂલ્યાંકનનો અભ્યાસ કરે છે જે ગુણાત્મક અને માત્રાત્મક છે. આ અભિગમો વચ્ચે તફાવત બતાવવા, તેમના સંબંધિત ફાયદા અને મર્યાદાઓને સમજવા અને પ્રદર્શન પર વ્યાપક ડેટા એકત્રિત કરવા માટે બંને પ્રકારોનો ઉપયોગ કેવી રીતે કરવો તે શોધવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. વ્યવહારુ ઉદાહરણો સમજાવશે કે કેવી રીતે મૂલ્યાંકન ડિઝાઇન કરવા કે જે અભ્યાસની વિશાળ શ્રેણીનો સમાવેશ કરે છે.

મૂલ્યાંકનના આયોજન અને મૂલ્યાંકન પર સત્ર 3, મૂલ્યાંકનના આયોજન અને અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સમાવિષ્ટ મુદ્દાઓમાં મૂલ્યાંકન યોજનાઓ વિકસાવવી, રુબ્રિક્સ બનાવવા અને અધ્યયન નિષ્પત્તિઓ સાથે મૂલ્યાંકનને સંરેખિત કરવાનો સમાવેશ થાય છે. મૂલ્યાંકન પ્રક્રિયામાં પ્રતિભાવના મહત્વની ચર્ચા કરવામાં આવશે, સાથે સાથે નિષ્પક્ષતા અને પારદર્શિતા જાળવી રાખીને કામગીરીનું અસરકારક રીતે મૂલ્યાંકન કરવાની વ્યૂહરચનાઓની પણ ચર્ચા કરવામાં આવશે.

વાલીઓ સાથે વાર્તાલાપનું આયોજન કરવા પર સત્ર 4, મૂલ્યાંકન પ્રક્રિયામાં વાલીઓને સામેલ કરવાના મહત્વ પર ભાર મૂકે છે. વાલીઓને મૂલ્યાંકન પરિણામો પહોંચાડવા, સહયોગને પ્રોત્સાહન આપવા માટેની વ્યૂહરચનાઓ બનાવવી અને તેમને સંરેખિત કરવા અંગેની બાબતો તેમના બાળકોના શિક્ષણમાં આવરી લેવામાં આવશે. વાલીઓ મૂલ્યાંકન પરિણામોને સમજીને તેમના બાળકોની શૈક્ષણિક યાત્રાને ટેકો આપી શકે તે સુનિશ્ચિત કરવા માટે વાલી-શિક્ષક વચ્ચે અસરકારક કોમ્યુનિકેશન માટેના ટૂલ્સ અને ટેકનીકોને ઉજાગર કરવામાં આવશે.

## અધ્યયન નિષ્પત્તિઓ

આ સત્ર પૂર્ણ કર્યા પછી, તમે આમ કરવા માટે સક્ષમ બની શકશો:

- વિવિધ પ્રકારના મૂલ્યાંકન અને મૂલ્યાંકનના હેતુનું વર્ણન કરવું.
- ગુણાત્મક અને માત્રાત્મક મૂલ્યાંકનનું વર્ણન કરવું.
- વિદ્યાર્થીઓના મૂલ્યાંકનનું આયોજન કરીને મૂલ્યાંકન કરવું.
- વાલીઓ સાથે વાર્તાલાપ માટે જરુરી જ્ઞાનનું નિદર્શન કરવું.

## મોડ્યુલનું માળખું


સત્ર 1: મૂલ્યાંકનની સંકલ્પના

સત્ર 2: ગુણાત્મક અને માત્રાત્મક મુલ્યાંકન

સત્ર 3: મૂલ્યાંકનનું આયોજન અને મૂલ્યાંકન

સત્ર 4: વાલીઓ સાથે વાર્તાલાપનું આયોજન


## સત્ર 1: મૂલ્યાંકનની સંકલ્પના

શિક્ષણમાં મૂલ્યાંકનની સંકલ્પનામાં વિદ્યાર્થીઓના અભ્યાસ અને પ્રગતિ વિશેની માહિતી વ્યવસ્થિત રીતે એકત્રિત કરવી, અર્થઘટન કરવું અને તેનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે. મૂલ્યાંકન કૌશલ્યોની સમજણ અને પ્રગતિનું માપન કરવા માટે રચાયેલ છે જેથી શિક્ષકોને વિદ્યાર્થીઓના વિકાસમાં મદદ કરવામાં સરળતા રહે. તે વિવિધ હેતુઓને સિધ્ધ કરવામાં મદદ કરે છે, જેમાં શક્તિઓ અને સુધારણા માટેના ક્ષેત્રોનું નિદાન કરવાથી લઈને પ્રતિભાવ આપવો, સૂચનાત્મક નિર્ણયોનું માર્ગદર્શન આપવા અને એકંદર અસરકારકતા માપવા સુધીની બાબતોનો સમાવેશ થાય છે. મૂલ્યાંકનના વિવિધ પ્રકારો છે, જેમાં રચનાત્મક મૂલ્યાંકનનો સમાવેશ થાય છે, જે સુધારા માટે સતત પ્રતિભાવ આપવાનું ચાલુ રાખે છે અને સારાંશાત્મક મૂલ્યાંકન, જે નિશ્ચિત સમયગાળાને અંતે મેળવેલ સિધ્ધિઓનું મૂલ્યાંકન કરે છે. એકંદરે, મૂલ્યાંકનનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓની જરૂરિયાતો સાથે શિક્ષણ પદ્ધતિઓ અને ઉદ્દેશ્યોને સંરેખિત કરીને શૈક્ષણિક પરિણામોને સુધારવાનો છે .

મૂલ્યાંકન એ વિદ્યાર્થીઓએ મેળવેલ જ્ઞાનને સમજવા માટે ઉપયોગમાં લેવાતી પ્રક્રિયા છે. વિદ્યાર્થીઓએ મેળવેલ જ્ઞાન વિશેના અનુમાન લગાવવામાં અને મેળવેલ જ્ઞાનમાં વૃધ્ધિ માટે આગળના પગલાં ઘડી કાઢવા માટે વ્યવસ્થિત આધાર છે. આમ, મૂલ્યાંકન એ વિદ્યાર્થીઓએ મેળવેલ જ્ઞાનમાં વૃધ્ધિ માટે એક અસરકારક સાધન છે.

**મૂલ્યાંકનના પ્રકારો**


1. **રચનાત્મક મૂલ્યાંકન** : રચનાત્મક મૂલ્યાંકન એક સતત ચાલતી પ્રક્રિયા છે જેનાથી શિક્ષકો સમગ્ર સૂચનાત્મક સમયગાળા માટે વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તર અને સમજણનું મોનિટરીંગ કરી શકે છે. તેમાં વિવિધ વ્યૂહરચનાઓ, જેવી કે ક્વિઝ, અવલોકનો, ચર્ચાઓ અને સહાધ્યાયીઓના પ્રતિભાવ (peer feedback)નો સમાવેશ થાય છે, જે વિદ્યાર્થીઓની પ્રગતિ અને સુધારાની જરૂર હોય તેવા ક્ષેત્રોમાં આંતરદૃષ્ટિ કેન્દ્રિત કરવા માટે રચાયેલ છે.

   **લાક્ષણિકતાઓ** :
   - અધ્યયન પ્રક્રિયા દરમિયાન હાથ ધરવામાં આવે છે.
   - સુધારાના ક્ષેત્રોની ઓળખ કરવામાં મદદ કરે છે.

   **ઉદાહરણો** : ક્વિઝ, વર્ગ ચર્ચાઓ, અવલોકનો, બહાર નીકળવાની ટિકિટ (exit tickets), અને સહાધ્યાયી મૂલ્યાંકન (peer assessments).

2. **સત્રાંત મૂલ્યાંકન:** સત્રાંત મૂલ્યાંકન એ એવી પદ્ધતિ છે કે જે એક સૂચનાત્મક સમયગાળા જેવા કે, એકમ, અભ્યાસક્રમ અથવા શૈક્ષણિક વર્ષના અંતે વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનનું મૂલ્યાંકન કરે છે, તેમાં સામાન્ય રીતે સત્રાંત પરીક્ષાઓ, પ્રમાણભૂત કસોટીઓ અને મુખ્ય પ્રોજેક્ટ્સ કે જે પૂર્વનિર્ધારિત અધ્યયન ઉદ્દેશ્યો સામે વિદ્યાર્થીના જ્ઞાન અને કૌશલ્યોના સ્તરને માપે છે તેમના જેવા મૂલ્યાંકનનો સમાવેશ થાય છે. સત્રાંત મૂલ્યાંકનનો પ્રાથમિક હેતુ વિદ્યાર્થીની સિદ્ધિ અને અધ્યાપન પધ્ધતિઓની અસરકારકતાની સર્વગ્રાહી રૂપરેખા પૂરી પાડવાનો છે.

**લાક્ષણિકતાઓ** :
- સામાન્ય રીતે ઉચ્ચતમ અંતિમ ધોરણો માટે ઉપયોગમાં લેવાય છે.
- અધ્યાન પદ્ધતિઓની અસરકારકતા માપે છે.




**આકૃતિ: 1.1: મૂલ્યાંકનના પ્રકારો**

**ઉદાહરણો** : સત્રાંત પરીક્ષાઓ, પ્રમાણભૂત કસોટીઓ, સત્રાંત પ્રોજેક્ટ્સ, અને પ્રેઝન્ટેશન.

3. **નિદાનાત્મક મૂલ્યાંકન** : નિદાનાત્મક મૂલ્યાંકન સત્ર શરૂ થાય તે પહેલાં વિદ્યાર્થીઓના પૂર્વ જ્ઞાન, કૌશલ્યો અને શૈક્ષણિક જરૂરિયાતોને ઓળખે છે. તે શિક્ષકોને વિદ્યાર્થીઓની શક્તિઓ અને સુધારાના ક્ષેત્રો અનુરૂપ અધ્યાપન અભિગમો સમજવામાં મદદ કરે છે. તેના સામાન્ય પ્રકારોમાં પૂર્વ-કસોટી, સર્વેક્ષણો, અને અનૌપચારિક મૂલ્યાંકનનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓ કયા ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા મેળવી શકે છે અથવા તેમને સહાયની

જરૂર હોય તે ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને, નિદાનાત્મક મૂલ્યાંકન અધ્યયન ત્રુટિઓને દૂર કરવા માટે સત્ર આયોજન અને જરૂરી પગલા લેવા માટે માર્ગદર્શન આપે છે, જે સરવાળે શૈક્ષણિક અસરકારકતામાં વધારો કરે છે.

**લાક્ષણિકતાઓ** :

- વિદ્યાર્થીઓની શક્તિઓ અને નબળાઈઓ ઓળખવામાં મદદ કરે છે.
- આયોજન અને શૈક્ષણિક વ્યૂહરચનાઓની માહિતી આપે છે.

**ઉદાહરણો** : પૂર્વ-કસોટી, કૌશલ્ય સમૂહ, અને વાંચન મૂલ્યાંકન.

4. બેન્ચમાર્ક (Benchmark) મૂલ્યાંકન: બેન્ચમાર્ક મૂલ્યાંકન શૈક્ષણિક વર્ષ દરમિયાન નિયત અંતરાલો પર નિર્ધારિત ધારાધોરણો સામે વિદ્યાર્થીઓની પ્રગતિનું મૂલ્યાંકન કરે છે. આ મૂલ્યાંકનો, જેમાં ક્વિઝ, પ્રમાણભૂત કસોટીઓ અથવા પ્રવૃત્તિકાર્યો (performance tasks) નો સમાવેશ થઈ શકે છે, જે શિક્ષકોને અભ્યાસક્રમના લક્ષ્યોના સંદર્ભમાં વિદ્યાર્થીઓની નિપુણતાનું નિરીક્ષણ કરવામાં અને જરૂરિયાત મુજબ અધ્યાપન પ્રક્રિયાને સમાયોજિત કરવામાં મદદ કરે છે. પરિણામોનું વિશ્લેષણ કરીને, શિક્ષકો અધ્યયન વલણો (learning trends) ઓળખી શકે છે, સુધારણા માટેના ક્ષેત્રોને લક્ષ્ય બનાવી શકે છે અને સમય જતાં પ્રગતિને ટ્રેક કરી શકે છે, તે સુનિશ્ચિત કરી શકે છે કે વિદ્યાર્થીઓ ભવિષ્યના શૈક્ષણિક પડકારો માટે તૈયાર હોય. આ ડેટા-આધારિત અભિગમ વિદ્યાર્થીની સફળતાની તકો વધારવા માટે નિર્ધારિત પગલાઓને સમર્થન આપે છે.

**લાક્ષણિકતાઓ** :

- ઘણીવાર અભ્યાસક્રમના ધારાધોરણો સાથે સુસંગત હોય છે.
- શૈક્ષણિક ધ્યેયોની પ્રગતિ ટ્રેક કરવા માટે ઉપયોગમાં લેવાય છે.

**ઉદાહરણો** : સમયાંતરે હાથ ધરવામાં આવતા વચગાળાના મૂલ્યાંકન (Interim assessments), પ્રમાણભૂત મૂલ્યાંકન

5. **પ્રદર્શન (Performance)-આધારિત મૂલ્યાંકન**: પ્રદર્શન-આધારિત મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન એવા વ્યવહારુ કાર્યો દ્વારા કરવામાં આવે છે જેમાં વાસ્તવિક જીવનના પરિપ્રેક્ષ્યમાં કૌશલ્યો અને જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે. પરંપરાગત કસોટીઓથી વિપરીત, તેમાં પ્રોજેક્ટ્સ, પ્રયોગો અથવા પ્રેઝન્ટેશનનો સમાવેશ થાય છે, જે વિવેચનાત્મક વિચારસરણી, સમસ્યાનું નિરાકરણ અને વાસ્તવિક જીવનમાં કૌશલ્યોના ઉપયોગ પર ભાર મૂકે છે. આ અભિગમ સહયોગ, કોમ્યુનિકેશન (communication) અને સહાધ્યાયી પ્રતિભાવ (peer feedback)ને પ્રોત્સાહન આપે છે, જે વિદ્યાર્થીઓની શક્તિઓ અને વિકાસ માટેના ક્ષેત્રોમાં આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે. પ્રક્રિયા અને પરિણામ બંને પર ધ્યાન કેન્દ્રિત કરીને, તે ઊંડી સમજણને પ્રોત્સાહન આપે છે અને વિદ્યાર્થીઓને વાસ્તવિક જીવનના પડકારો માટે તૈયાર કરે છે.

**લાક્ષણિકતાઓ** :

- વિદ્યાર્થીઓ વ્યવહારુ પરિસ્થિતિઓમાં જરૂરી જ્ઞાન અને કૌશલ્યો દર્શાવે છે.
- ગોખણપટ્ટીથી યાદ રાખવાને બદલે વ્યવહારુ ઉપયોગિતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**ઉદાહરણો** : પ્રોજેક્ટ્સ, પોર્ટફોલિયો, પ્રેઝન્ટેશન, અને પ્રદર્શન (performance).

6. **પોર્ટફોલિયો (Portfolio) મૂલ્યાંકન**: પોર્ટફોલિયો મૂલ્યાંકનમાં સમય સાથે શૈક્ષણિક પ્રગતિ, કૌશલ્યો અને સિદ્ધિઓ દર્શાવવા માટે વિદ્યાર્થીઓના કાર્યને વ્યવસ્થિત રીતે એકત્રિત કરવાનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓ ચોક્કસ ક્ષેત્રોમાં વિકાસ દર્શાવવા માટે પ્રોજેક્ટ્સ, નિબંધો, પ્રેઝન્ટેશન અને આત્મચિંતન (reflections) કરે છે.

આ પદ્ધતિ સ્વ-મૂલ્યાંકન, ધ્યેય-નિર્માણ અને વિકાસને ટ્રેક કરવાને પ્રોત્સાહન આપે છે, જેનાથી શિક્ષકો અંતિમ ઉત્પાદનો અને સર્જનાત્મક પ્રક્રિયા બંનેનું મૂલ્યાંકન કરી શકે છે. વિવેચનાત્મક વિચારસરણી, સર્જનાત્મકતા અને પોતીકાપણાની ભાવના (ownership)ને પ્રોત્સાહન આપીને, પોર્ટફોલિયો મૂલ્યાંકન સતત સુધારણા અને વ્યક્તિગત પ્રતિભાવને સમર્થન આપે છે, જે વિવિધ અધ્યયન શૈલીઓ અને શક્તિઓનો સમાવેશ કરે છે.

**લાક્ષણિકતાઓ** :

- મેળવેલ જ્ઞાન અને પ્રગતિ પર આત્મચિંતન કરવાની તક આપે છે.
- વિવિધ વિદ્યાર્થી-નિર્મિત સામગ્રીનો સમાવેશ થઇ શકે છે.

**ઉદાહરણો** : કલા પોર્ટફોલિયો, લેખન પોર્ટફોલિયો, અને ડિજિટલ પોર્ટફોલિયો.

7. **ધારાધોરણ-સંદર્ભિત મૂલ્યાંકન:** ધારાધોરણ-સંદર્ભિત મૂલ્યાંકન જેમણે સમાન પરિસ્થિતિઓમાં સમાન પરીક્ષા આપી હતી તેવા સહાધ્યાયીઓના "ધારાધોરણ સમૂહ" સાથે સરખામણી કરીને વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરે છે. આ અભિગમ વિદ્યાર્થીઓને અન્ય લોકોની તુલનામાં ક્રમ આપે છે, અધ્યયન ત્રુટિરને ઓળખે છે અને માહિતીલક્ષી સૂચનાઓ આપે છે. ઉપયોગી હોવા છતાં, તે વ્યક્તિગત ક્ષમતાઓ અથવા પ્રગતિને સંપૂર્ણપણે ટ્રેક કરી શકતું નથી, ઘણીવાર નિપુણતા પર સ્પર્ધા કરવા પર ભાર મૂકે છે. વિદ્યાર્થીના અધ્યયનનો સંપૂર્ણ દૃષ્ટિકોણ મેળવવા માટે, અન્ય મૂલ્યાંકન પદ્ધતિઓ સાથે તેનો ઉપયોગ શ્રેષ્ઠ રીતે થાય છે.

**લાક્ષણિકતાઓ** :

- પરિણામોનો ઉપયોગ વિદ્યાર્થીઓને ક્રમ આપવા માટે થાય છે.
- ઘણીવાર પ્રમાણભૂત કસોટીમાં વપરાય છે.

**ઉદાહરણો** : SAT, ACT અને અન્ય પ્રમાણભૂત કસોટીઓ.

8. **માપદંડ-સંદર્ભિત આકારણી:** માપદંડ-સંદર્ભિત મૂલ્યાંકન, સહાધ્યાયીઓના પ્રદર્શન સાથે સરખામણી કરવાને બદલે વિદ્યાર્થીના પ્રદર્શનનું મૂલ્યાંકન ચોક્કસ માપદંડો અથવા અધ્યયન ઉદ્દેશ્યો સામે કરે છે, તેનો પ્રાથમિક ધ્યેય એ નક્કી કરવાનો છે કે દરેક વિદ્યાર્થી જ્ઞાન અને કૌશલ્યો માટે પૂર્વનિર્ધારિત ધારાધોરણો અથવા બેન્ચમાર્ક (benchmark) પૂર્ણ કરે છે કે નહીં.

**લાક્ષણિકતાઓ** :

- વિદ્યાર્થીઓ પૂર્વનિર્ધારિત માપદંડો કે અધ્યયન ઉદ્દેશ્યો પૂરા કરે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- બીજા કેવું પ્રદર્શન કરે છે તેની ચિંતા નથી.

**ઉદાહરણો** : રાજ્ય કક્ષાએથી થતા મૂલ્યાંકન અધ્યયનના ધારાધોરણો અને નિપુણતા કસોટીઓ સાથે સુસંગત હોય છે.

**મૂલ્યાંકનની પદ્ધતિઓ**

મૂલ્યાંકન પદ્ધતિઓ ( કોષ્ટક 1.1) એ વિદ્યાર્થીઓના જ્ઞાન, કૌશલ્યો, વલણ અને ક્ષમતાઓનું મૂલ્યાંકન કરવા માટે ઉપયોગમાં લેવાતી વિવિધ ટેકનીકો અને ટૂલ્સ છે. મૂલ્યાંકનના અભિગમ, પદ્ધતિ અને હેતુના આધારે તેમને વર્ગીકૃત કરી શકાય છે. મૂલ્યાંકનની વિવિધ પદ્ધતિઓ નીચે મુજબ છે:

**ટેબલ 1.1: મૂલ્યાંકનની વિવિધ પદ્ધતિઓનું વર્ણન**

| મૂલ્યાંકન પદ્ધતિ | સમજૂતી | ઉદાહરણ |
|---|---|---|
| **લેખિત કસોટીઓ** | નિયત માળખામાં લેખિત જવાબો દ્વારા જ્ઞાનનું મૂલ્યાંકન કરે છે. | નિબંધો, બહુવિધ-વિકલ્પો આધારિત પ્રશ્નો. |
| **મૌખિક કસોટીઓ** | મૌખિક જવાબો દ્વારા સમજણ અને કોમ્યુનિકેશન કૌશલ્યનું મૂલ્યાંકન કરે છે. | વિવા વોસ (Viva voce), ઇન્ટરવ્યુ (interview). |
| **પ્રદર્શન (Performance)-આધારિત** | વાસ્તવિક જીવનમાં અથવા સિમ્યુલેટેડ (simulated) દૃશ્યોમાં જ્ઞાન લાગુ કરવાની ક્ષમતાને માપે છે. | પ્રયોગો, ભૂમિકા ભજવવી (role play). |
| **અવલોકન (Observation)** | પ્રત્યક્ષ અવલોકન દ્વારા વર્તણૂકો અને કૌશલ્યોનું મૂલ્યાંકન કરવાનો સમાવેશ થાય છે. | ચેકલિસ્ટ્સ (Checklists), રૂબ્રિક્સ (rubrics). |
| **પોર્ટફોલિયો (Portfolio) મૂલ્યાંકન** | પ્રગતિ, પ્રયત્નો અને સિદ્ધિઓ દર્શાવવા માટે કાર્ય સમૂહનો ઉપયોગ કરે છે. | કલાકૃતિઓનો સંગ્રહ, લેખન નમૂનાઓ. |
| **સ્વ-મૂલ્યાંકન (Self-Assessment)** | વિદ્યાર્થીઓ નિર્ધારિત માપદંડો સામે પોતાના પ્રદર્શનનું મૂલ્યાંકન કરે છે. | રિફ્લેક્શન જર્નલ્સ (Reflection journals), પ્રગતિનું ટ્રેકિંગ (progress tracking). |
| **સહાધ્યાયી (Peer) મૂલ્યાંકન** | વિદ્યાર્થીઓ તેમના સહાધ્યાયીઓ (peers) ના કાર્યનું મૂલ્યાંકન કરે છે અને તેના પર પ્રતિભાવ આપે છે. | જૂથ પ્રતિભાવ સત્રો. |
| **ટેક્નોલોજી આધારિત** | મૂલ્યાંકન માટે ડિજિટલ સાધનોનો ઉપયોગ કરે છે, જે ઘણીવાર તેને ઇન્ટરેક્ટિવ બનાવે છે. | ઓનલાઈન ક્વિઝ (Online quizzes), ગેમિફાઇડ ટેસ્ટ (gamified tests). |

**અવલોકન**

મૂલ્યાંકન તરીકે અવલોકનમાં વર્ગખંડો અથવા પ્રયોગશાળાઓ જેવા વાતાવરણમાં વાસ્તવિક સમયમાં વિદ્યાર્થીઓના વર્તન, કૌશલ્યો અને વાર્તાલાપને વ્યવસ્થિત રીતે રેકોર્ડ કરવાનો સમાવેશ થાય છે. શિક્ષકો ચોક્કસ ક્ષમતાઓના ડોક્યુમેન્ટેશન માટે ચેકલિસ્ટ, રેટિંગ સ્કેલ અથવા નોંધોનો ઉપયોગ કરે છે. ઉદાહરણ તરીકે, શિક્ષક શારીરિક શિક્ષણ વર્ગમાં સહયોગ, ટેકનીક અથવા સલામતીનું મૂલ્યાંકન કરી શકે છે. અવલોકન તાત્કાલિક પ્રતિભાવ પૂરો પાડે છે,

પરંપરાગત કસોટીઓ ઉપરાંત વિવિધ કુશળતા મેળવે છે, અને વિદ્યાર્થીઓના પ્રદર્શનનો સર્વાંગી દૃષ્ટિકોણ આપે છે, જેમાં અધિકૃત સંદર્ભોમાં કોમ્યુનિકેશન અને ટીમવર્ક જેવી જીવન કૌશલ્યોનો સમાવેશ થાય છે. વિવિધ પ્રકારના અવલોકનોનું વર્ણન કોષ્ટક 1.2 માં આપવામાં આવ્યું છે.

**ટેબલ 1.2: અવલોકનના વિવિધ પ્રકારો**

| અવલોકનનો પ્રકાર | વર્ણન |
|---|---|
| સુવ્યવસ્થિત (Structured) અવલોકન | ચોક્કસ વર્તણૂકોને રેકોર્ડ કરવા માટે ચેકલિસ્ટનો ઉપયોગ કરીને એક વ્યવસ્થિત અભિગમ, સુસંગતતા અને તુલનાત્મકતા સુનિશ્ચિત કરે છે. |
| અવ્યવસ્થિત (Unstructured) અવલોકન | અણધાર્યા વર્તન અને ઇન્ટરેક્શનને કેપ્ચર કરવા માટે ફેરફાર કરવા યોગ્ય સુગમ (Flexible), મુક્ત અંત ધરાવતી (open-ended) નોંધો. |
| સહભાગી (Participant) અવલોકન | નિરીક્ષક મૂલ્યાંકન વાતાવરણમાં સક્રિય રીતે જોડાય છે, ઊંડી સંદર્ભ સાથેની આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે. |
| સહભાગી (Non-Participant) અવલોકન | નિરીક્ષક સીધી સંડોવણી વિના અવલોકન કરે છે, એક ઉદ્દેશ્યપૂર્ણ દ્રષ્ટિકોણ પ્રદાન કરે છે. |
| ટાઇમ સેમ્પલિંગ (Time Sampling) | સમય જતાં વર્તનમાં થતા ફેરફારની પેટર્ન ઓળખવા માટે ચોક્કસ સમય અંતરાલો પર જે તે વિષયનું અવલોકન કરે છે. . |
| ઇવેન્ટ સેમ્પલિંગ (Event Sampling) | ચોક્કસ ઘટનાઓ અથવા વર્તણૂકો રેકોર્ડ કરે છે, જે લક્ષિત ક્રિયાઓ માટે ઉપયોગી છે. |
| સહાધ્યાયી અવલોકન (Peer Observation) | શિક્ષકો એકબીજાની અધ્યાન પધધતિઓનું અવલોકન કરે છે, જે વ્યવસાયિક વિકાસને પ્રોત્સાહન આપે છે. |
| આત્મ-નિરીક્ષણ (Self-Observation) | વિદ્યાર્થીઓ તેમના વર્તન અને શિક્ષણ પર ચિંતન કરે છે, સ્વ-મૂલ્યાંકન અને વ્યક્તિગત વિકાસને પ્રોત્સાહન આપે છે. |

**શિક્ષક અવલોકન**

શિક્ષક અવલોકન ( કોષ્ટક 1.3) એ શારીરિક શિક્ષણના વર્ગોમાં ઉપયોગમાં લેવાતું મૂલ્યાંકનનું સૌથી સામાન્ય સ્વરૂપ છે. તેનો ઉપયોગ સામાન્ય રીતે સાયકોમોટર કામગીરી (psychomotor performance)નું મૂલ્યાંકન કરવા માટે થાય છે પરંતુ તેને લાગણીશીલ ક્ષેત્ર (affective domain)માં પણ લાગુ કરી શકાય છે.



**આકૃતિ: 1.1: સુગમતા કસોટી**

તે સંપાદનના જટિલ તત્વોના સંપાદન (acquisition of critical elements) કૌશલ્યના મૂલ્યાંકન માટે ખૂબ જ યોગ્ય છે, જે એક સાથે મળીને વધુ પરિપક્વ મોટર પેટર્ન બનાવે છે. સુગમતા કસોટીમાં સામાન્ય રીતે વિવિધ સાંધા અને સ્નાયુ જૂથોમાં ગતિની શ્રેણી માપવા માટે રચાયેલ કસરતોની શ્રેણીનો સમાવેશ થાય છે (આકૃતિ: 1.1).

**ટેબલ 1.3: શિક્ષક અવલોકનના પ્રકારો**

| અવલોકનના પ્રકારો | વર્ણન |
|---|---|
| **ઔપચારિક અવલોકન** (Formal Observation) | ચોક્કસ મૂલ્યાંકન માપદંડો ધરાવતા સંચાલકો અથવા પ્રશિક્ષિત નિરીક્ષકો દ્વારા હાથ ધરવામાં આવે છે. તેમાં પૂર્વ-નિરીક્ષણ, સુવ્યવસ્થિત અવલોકન અને પ્રતિભાવ સત્રોનો સમાવેશ થાય છે. |
| **અનૌપચારિક અવલોકન** (Informal Observation) | કડક માપદંડો વિના વર્ગખંડ પધ્ધતિઓનો ઝડપી અભ્યાસ કરવા માટે અનિશ્ચિત, ટૂંકા અવલોકનો, દૈનિક અધ્યાપન પર આંતરદૃષ્ટિ કરવા માટે ઉપયોગી છે. |
| **સહાધ્યાયી અવલોકન** (Peer Observation) | શિક્ષકો એકબીજાના વર્ગોનું અવલોકન કરીને બેસ્ટ પ્રેક્ટિસિસ વિશે એકબીજાને જણાવે છે અને એકબીજાના સહયોગથી આત્મચિંતન કરે છે, જે સહાયક, બિન-મૂલ્યાંકનકારી રીતે વ્યવસાયિક વિકાસને પ્રોત્સાહન આપે છે. |
| **આત્મ-નિરીક્ષણ** (Self-Observation) | શિક્ષકો પોતાના અધ્યાપન કાર્યને રેકોર્ડ કરે છે અથવા તેના પર મનોમંથન કરે છે, ઘણીવાર વિડીયો દ્વારા, સ્વ-મૂલ્યાંકન અને વ્યક્તિગત વિકાસને પ્રોત્સાહન આપે છે. |
| **વોકથ્રુ અવલોકન** (Walkthrough Observation) | વહીવટકર્તાઓ અથવા સૂચનાત્મક કોચ દ્વારા ટૂંકી, કેન્દ્રિત મુલાકાતો, વર્ગખંડના વાતાવરણ અને ટેકનીકોનો ઝડપી સ્નેપશોટ (snapshot) પ્રદાન કરે છે. |
| **કોચિંગ અવલોકન** (Coaching Observation) | માર્ગદર્શક અથવા સૂચનાત્મક કોચ દ્વારા સંચાલિત, વ્યવસાયિક વિકાસના ભાગ રૂપે શિક્ષકોને ચોક્કસ કૌશલ્યોને સુધારવામાં મદદ કરવા માટે લક્ષિત પ્રતિભાવ અને માર્ગદર્શન પૂરું પાડે છે. |
| **360-ડિગ્રી અવલોકન** (360-Degree Observation) | અધ્યાપન અસરકારકતાના વ્યાપક દૃષ્ટિકોણ માટે બહુવિધ સ્ત્રોતો (વિદ્યાર્થીઓ, સહકાર્યકરો, વહીવટકર્તાઓ) પાસેથી પ્રતિભાવ એકત્રિત કરે છે. |
| **વિડીયો અવલોકન** (Video Observation) | શિક્ષકો વિગતવાર વિશ્લેષણ માટે પાઠ રેકોર્ડ કરે છે, જેનાથી અધ્યાપન પદ્ધતિઓ, વિદ્યાર્થીઓનું ઇન્ટરેક્શન અને વર્ગખંડ વ્યવસ્થાપનની વ્યૂહરચનાઓની સમીક્ષા થઈ શકે છે. |

**સ્વ-મૂલ્યાંકન**

સ્વ-મૂલ્યાંકન એ મૂલ્યાંકનની એક પદ્ધતિ છે જ્યાં વ્યક્તિઓ તેમના પોતાના પ્રદર્શન, કૌશલ્યો અથવા સમજણ પર વિવેચનાત્મક રીતે મનોમંથન કરવાની તક પૂરી પાડે છે અને તેનું મૂલ્યાંકન કરે છે. પૂર્વનિર્ધારિત માપદંડો અથવા ધ્યેયો સાથે તેમના કાર્યની તુલના કરીને, તેઓ શક્તિઓ, નબળાઈઓ અને સુધારણા માટેના ક્ષેત્રોને ઓળખી શકે છે. આ પ્રક્રિયા આત્મ-જાગૃતિ, જવાબદારી અને વ્યક્તિગત વિકાસ પર માલિકીની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

ઉદાહરણ તરીકે, વિદ્યાર્થીઓ દોડ, તરવું અથવા જિમ્નેસ્ટિક્સ જેવી પ્રવૃત્તિઓમાં તેમના પ્રદર્શનનું મૂલ્યાંકન તેમના પરિણામોની તુલના વ્યક્તિગત લક્ષ્યો અથવા શારીરિક તંદુરસ્તીના ધોરણો સાથે કરી શકે છે.

ફિટનેસ ટ્રેકર્સ, રિફ્લેક્શન જર્નલ્સ અથવા રુબ્રિક્સ જેવા સાધનોનો ઉપયોગ કરીને, વિદ્યાર્થીઓ સમય જતાં શક્તિ, સહનશક્તિ (endurance), સુગમતા (flexibility) અને ટેકનીકમાં થયેલા સુધારાને ટ્રેક કરી શકે છે. શારીરિક શિક્ષણમાં સ્વ-મૂલ્યાંકન આત્મ-જાગૃતિ અને વ્યક્તિગત તંદુરસ્તી માટેની જવાબદારીને પ્રોત્સાહન આપે છે, અને વિકાશશીલ માનસિકતાને પ્રોત્સાહન આપે છે, જે વિદ્યાર્થીઓને તેમના શારીરિક વિકાસની માલિકીપણાના ભાવ સાથે પ્રોતસાહિત કરવામાં અને તેમના ફિટનેસ લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે પોતાને પ્રોત્સાહિત કરવામાં મદદ કરે છે.

**મૂલ્યાંકનને પ્રભાવિત કરતા પરિબળો**

મૂલ્યાંકન વિવિધ પરિબળો દ્વારા રચાય છે જે તેની અસરકારકતા અને સુસંગતતાને પ્રભાવિત કરે છે. શિક્ષકોએ શૈક્ષણિક સંદર્ભ, અભ્યાસક્રમના ધોરણો, વર્ગખંડની ગોઠવણી અને વિદ્યાર્થીના વ્યક્તિગત તફાવતો, જેમ કે અધ્યયન શૈલીઓ, સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ અને ભાવનાત્મક જરૂરિયાતોને ધ્યાનમાં લેવી જોઈએ જેથી ન્યાયપૂર્ણતા સુનિશ્ચિત થાય. ટૂલ્સ, ટેકનોલોજી અને સમુદાયની અપેક્ષાઓ પણ મૂલ્યાંકન ડિઝાઇનને અસર કરે છે. આ પ્રભાવોને સ્વીકારીને, શિક્ષકો એવા મૂલ્યાંકન બનાવી શકે છે જે જ્ઞાનને સચોટ રીતે માપે છે, સમજણને ટેકો આપે છે અને હકારાત્મક શૈક્ષણિક વાતાવરણને પ્રોત્સાહન આપે છે.

મૂલ્યાંકનને પ્રભાવિત કરતા કેટલાક પરિબળોની અહીં ચર્ચા કરવામાં આવી છે:

1. **મૂલ્યાંકનનો હેતુ:** મૂળભૂત હેતુ (દા.ત., શૈક્ષણિક જરૂરિયાતોનું નિદાન કરવું, સિદ્ધિનું મૂલ્યાંકન કરવું, અથવા પ્રતિભાવ આપવો) મૂલ્યાંકનનું માળખું અને ધ્યાન કેન્દ્રિત કરવા માટેના ક્ષેત્રો નક્કી કરે છે.

2. **શૈક્ષણિક ઉદ્દેશ્યો:** ચોક્કસ કૌશલ્યો, જ્ઞાન અથવા ક્ષમતાઓનું મૂલ્યાંકન કરવાની જરૂર છે. સ્પષ્ટ શૈક્ષણિક ઉદ્દેશ્યો તે સુનિશ્ચિત કરે છે કે મૂલ્યાંકન સુસંગત છે અને શૈક્ષણિક ઉદ્દેશ્યો સાથે સુસંગત છે.

3. **વિદ્યાર્થીની લાક્ષણિકતાઓ:** વિદ્યાર્થીઓનું પૂર્વ જ્ઞાન, અધ્યયન શૈલીઓ, ભાષા કૌશલ્ય અને વ્યક્તિગત મતભેદો મૂલ્યાંકન કેવી રીતે ડિઝાઇન કરવામાં આવે છે અને તેનું કેવી રીતે અર્થઘટન કરવામાં આવે છે તેના પર અસર કરી શકે છે.

4. **મૂલ્યાંકન પદ્ધતિઓ:** ઉપયોગમાં લેવાતા મૂલ્યાંકનનો પ્રકાર (દા.ત., લેખિત કસોટીઓ, વ્યવહારુ કાર્યો, અવલોકન) તેના દ્વારા શું માપવામાં આવે છે અને તે વિદ્યાર્થીઓની ક્ષમતાઓને કેટલી સચોટ રીતે પ્રતિબિંબિત કરે છે તેના પર અસર કરે છે.

5. **મૂલ્યાંકનનો સમય:** મૂલ્યાંકન રચનાત્મક છે (અધ્યયન દરમિયાન) કે સત્રાંત (અધ્યયન સમયગાળાના અંતે) તે તેના અભિગમ અને પરિણામોનો ઉપયોગ કેવી રીતે થાય છે તેના પર અસર કરે છે.

6. **સાંસ્કૃતિક અને સામાજિક પરિબળો:** સાંસ્કૃતિક ધારાધોરણો, સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિ અને સંશાધનોની પ્રાપ્યતા વિદ્યાર્થીઓના પ્રદર્શન અને મૂલ્યાંકનને ન્યાયી અને સમાવિષ્ટ કેવી રીતે બનાવવામાં આવે છે તેના પર પ્રભાવ પાડી શકે છે.

7. **પ્રતિભાવ અને મનોમંથન:** મૂલ્યાંકન પછી પ્રતિભાવની ઉપલબ્ધતા અને વિદ્યાર્થીઓને તેમના પ્રદર્શન પર ચિંતન કરવાની તકો શૈક્ષણિક પરિણામો સુધારવામાં ભૂમિકા ભજવે છે.

8. **વાતાવરણ**: મૂલ્યાંકન દરમિયાન શારીરિક અને માનસિક વાતાવરણ (દા.ત., વર્ગખંડનું વાતાવરણ, તણાવનું સ્તર) વિદ્યાર્થીઓના પ્રદર્શનને અસર કરી શકે છે.

9. **મૂલ્યાંકનના ટૂલ્સ**: મૂલ્યાંકન માટે ઉપયોગમાં લેવાતા રૂબ્રિક્સ, ચેકલિસ્ટ્સ અથવા સોફ્ટવેર જેવા ટૂલ્સની ગુણવત્તા અને ખરાઇ મૂલ્યાંકનમાં ચોકસાઈ અને ન્યાયપૂર્ણતા સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

10. **શિક્ષકની ભૂમિકા**: શિક્ષકની મૂલ્યાંકન ડિઝાઇન કરવાની, સંચાલિત કરવાની અને અર્થઘટન કરવાની ક્ષમતા, તેમજ વિષયવસ્તુની તેમની સમજ, મૂલ્યાંકન પ્રક્રિયાની ગુણવત્તાને અસર કરે છે.

**મૂલ્યાંકનના ટૂલ્સ**

મૂલ્યાંકનના ટૂલ્સ એ એવા ટૂલ્સ અથવા પદ્ધતિઓ છે જેનો ઉપયોગ વિદ્યાર્થીની પ્રગતિ, કૌશલ્યો, જ્ઞાન અથવા પ્રદર્શન વિશે માહિતી એકત્રિત કરવા માટે થાય છે. આ ટૂલ્સ શિક્ષકોને વિદ્યાર્થીઓની સિદ્ધિ માપવામાં અને વિદ્યાર્થીઓને વધુ અધ્યયન માટે માર્ગદર્શન માટે પ્રતિભાવ આપવામાં મદદ કરે છે. તે સરળ ચેકલિસ્ટથી લઈને વધુ જટિલ ડિજિટલ પ્લેટફોર્મ સુધીના હોઈ શકે છે. અહીં કેટલાક સામાન્ય પ્રકારના મૂલ્યાંકન ટૂલ્સ આપેલા છે:

- **ચેકલિસ્ટ અને રેટિંગ સ્કેલ (Checklists and Rating Scales)**: ચેકલિસ્ટ ચોક્કસ માપદંડો અથવા કુશળતા પૂર્ણ થાય છે કે નહીં તે ટ્રેક કરે છે, જ્યારે રેટિંગ સ્કેલ નીચાથી ઉચ્ચ સુધીના નિર્ધારિત સ્કેલ પર પ્રદર્શનનું મૂલ્યાંકન કરે છે. રેટિંગ સ્કેલ વલણ, વર્તણૂકો, કુશળતા અથવા ગુણોને માપે છે, જે પ્રદર્શનનું મૂલ્યાંકન અને તુલના કરવાની એક માળખાગત રીત પ્રદાન કરે છે. શિક્ષણ, મનોવિજ્ઞાન અને ગ્રાહક પ્રતિસાદમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા, તેઓ વ્યક્તિલક્ષી અવલોકનોનું પ્રમાણ નક્કી કરવામાં મદદ કરે છે. રચનાત્મક મૂલ્યાંકન અને નિરીક્ષણાત્મક મૂલ્યાંકન બંને માટે ઉપયોગી, મૂલ્યાંકન માટે સરળ મેટ્રિક્સ પ્રદાન કરે છે.

- **મૂલ્યાંકન રૂબ્રિક (Rubric)** : રૂબ્રિક્સ એ એવી સ્કોરિંગ માર્ગદર્શિકાઓ છે જે વિદ્યાર્થીઓના કાર્યનું મૂલ્યાંકન કરવા માટે ચોક્કસ માપદંડો અને ધારાધોરણોની રૂપરેખા આપે છે. જેમાં સામાન્ય રીતે પ્રદર્શનના વિવિધ સ્તરો (દા.ત., ઉત્તમ, સંતોષકારક, સુધારાની જરૂર છે) અને દરેક માપદંડ માટે વિગતવાર વર્ણનો સામેલ હોય છે.

  સામાન્ય રીતે નિબંધો, પ્રોજેક્ટ્સ, પ્રેઝન્ટેશન અને અન્ય અસાઇન્મેન્ટ માટે સ્પષ્ટ અપેક્ષાઓ અને રચનાત્મક પ્રતિભાવ આપવા માટે વપરાય છે. 'રુબ્રિક' શબ્દ 'લાલ' માટેના લેટિન શબ્દ પરથી આવ્યો છે. રૂબ્રિક એ વિદ્યાર્થીઓના કૌશલ્ય માટેના માપદંડોનો સુસંગત સમૂહ છે જેમાં માપદંડ પર પ્રદર્શનની ગુણવત્તાના સ્તરનું વર્ણન સામેલ હોય છે. રૂબ્રિક્સનો મુખ્ય હેતુ પ્રદર્શનનું મૂલ્યાંકન કરવાનો છે. **(કોષ્ટક: 1.4).**

  સ્કોરિંગ ૩-પોઇન્ટ અથવા ૫-પોઇન્ટ ગ્રેડિંગ સિસ્ટમ પર આધારિત છે.

  ૩-પોઇન્ટ ગ્રેડિંગ સ્કેલ સાથે કૌશલ્ય મૂલ્યાંકન:

  - A નિપુણ દર્શાવે છે, તેનું ગુણાંકન ૩ પોઈન્ટ છે.
  - B શીખી રહ્યાં હોવાનું દર્શાવે છે, તેનું ગુણાંકન ૨ પોઈન્ટ છે.
  - C એ શીખવાની જરૂર છે તેમ દર્શાવે છે, તેનું ગુણાંકન ૧ પોઈન્ટ છે.

બલ 1.4: મૂલ્યાંકન રૂબ્રિક: ક્ષમતા અને લીધેલ પગલાંની સુસંગતતા

| મૂલ્યાંકન રૂબ્રિક | | |
|---|---|---|
| સ્તર | ક્ષમતા | લીધેલ પગલાંની સુસંગતતા |
| **A** | નિપુણતા (Proficiency) | ઠોકર ખાધા વિના, અટક્યા વિના કે પડ્યા વિના સીધા માર્ગે દોડે છે અને યોગ્ય દોડના બધા આવશ્યક પાસાઓ આવરી લે છે. |
| **B** | શીખી રહ્યાં છે. (Developing) | પૂર્ણ કરે છે પણ ઠોકર ખાય છે, અનિયમિત માર્ગો પર દોડે છે, અસંગત ચાલ ચાલે છે, પરંતુ ચારમાંથી ઓછામાં ઓછા ત્રણ ઘટકો સિધ્ધ કરે છે. |
| **C** | શીખવાની જરૂર છે (Needs Development) | વચ્ચેથી દોડવાનું બંધ કરી દે છે, અને નીચે પડી જાય છે, ચારમાંથી ફક્ત બે જ સાચા ઘટકો સિધ્ધ કરે છે. |

કૌશલ્ય મૂલ્યાંકન, ૫-પોઇન્ટ ગ્રેડિંગ સ્કેલ:

A – 5 પોઈન્ટ (ઉત્તમ)
B – 4 પોઈન્ટ (ખૂબ સારું)
C – 3 પોઈન્ટ (સારું)
D – 2 પોઈન્ટ (સરેરાશ)
E – 1 બિંદુ (સુધારાની જરૂર છે)

- **બેન્ચમાર્ક (Benchmark):** બેન્ચમાર્ક મૂલ્યાંકન એ વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યનું અધ્યયનના સ્થાપિત ધારાધોરણો સામે મૂલ્યાંકન કરવા માટે મુખ્ય સમય અંતરાલો પર આપવામાં આવતી પ્રમાણભૂત કસોટીઓ છે. તે શિક્ષકોને પ્રગતિ ટ્રેક કરવામાં, સુધારણા માટેના ક્ષેત્રોને ઓળખવામાં અને વિદ્યાર્થીઓ શૈક્ષણિક ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટે યોગ્ય માર્ગ પર છે કે કેમ તેની ખાતરી કરવામાં મદદ કરે છે. બેન્ચમાર્ક એ સંદર્ભિત ધારાધોરણો છે જેનો ઉપયોગ પ્રદર્શનને માપવા, ઉદ્દેશ્યો નક્કી કરવા અને સુધારણા માટેના ક્ષેત્રોને ઓળખવા માટે થાય છે. તેઓ પ્રગતિ અને જવાબદારીને મદદ કરવા માટે વ્યક્તિઓ, ટીમો અથવા સંસ્થાઓ વચ્ચે સરખામણીને શક્ય બનાવે છે.

**મહત્વ ના બેન્ચમાર્ક**

- **સ્પષ્ટ ધારાધોરણોના સમૂહ** : પ્રદર્શન અને ગુણવત્તા માટે માપી શકાય તેવા ઉદ્દેશ્યો સ્થાપિત કરે છે.
- **સુધારા માટે માર્ગદર્શન** : વિકાસની જરૂર હોય તેવા ક્ષેત્રો અને ખામીઓને ઓળખે છે.
- **જવાબદારીમાં વધારો** : પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે ઉદ્દેશ્યના માપદંડ પૂરા પાડે છે.
- **સરખામણીની સુવિધા** : સ્પર્ધાત્મક સ્થિતિને સમજવા માટે વ્યક્તિઓ અથવા સંસ્થાઓ વચ્ચે સરખામણી કરી શકાય છે.
- **નિર્ણય લેવા માટેની માહિતી** : વ્યૂહાત્મક આયોજનને ટેકો આપવા માટે ડેટા-આધારિત આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે.

- **પ્રગતિ માટે પ્રેરણા** : સિધ્ધ થઇ શકે તેવા ઉદ્દેશ્યો નક્કી કરીને સતત સુધારણાને પ્રોત્સાહન આપે છે.

**ઉદાહરણ**

દિલ્હીની એક શાળાનું ઉદાહરણ લેતા, શારીરિક શિક્ષણ શિક્ષકે ફિટનેસ (fitness) મૂલ્યાંકન કર્યું. મૂલ્યાંકનના ડેટાના આધારે, ચાલો કહીએ કે રોહન પાસે તેના વર્ગમાં શ્રેષ્ઠ એરોબિક (aerobic) ક્ષમતા છે. પરંતુ આપણે કેવી રીતે નક્કી કરી શકીએ કે તેનું ફિટનેસ સ્તર તેના વય જૂથને અનુરૂપ યોગ્ય છે કે નહીં? ઉદાહરણ તરીકે, 600-મીટર ટેસ્ટમાં તેનો સ્કોર હિમાચલ પ્રદેશના બીજા બાળક કરતા ઓછો હોઈ શકે છે, જે તેના વર્ગમાં સૌથી ઓછો પ્રદર્શન કરનાર છે. જેમ આપણે પહેલાથી જ ચર્ચા કરી છે, આ શક્ય છે કારણ કે શારીરિક તંદુરસ્તી વિવિધ પરિબળોથી પ્રભાવિત થાય છે, જેમ કે શારીરિક સ્થિતિ, વાતાવરણ અને શિક્ષણની ગુણવત્તા પણ. તેથી, તેના વય જૂથને અનુરૂપ રોહનના ફિટનેસ સ્તરનું સચોટ મૂલ્યાંકન કરવા માટે, આપણને મૂલ્યાંકન માટેના એક માપદંડની જરૂર પડે છે.

- **ક્વિઝ અને કસોટીઓ** : ક્વિઝ અને કસોટીઓ એ વિદ્યાર્થીઓના જ્ઞાન અને ચોક્કસ મુદ્દાઓની સમજને માપવા માટે રચાયેલ નિયત માળખામાં રચાયેલ મૂલ્યાંકન છે. તે બહુવિધ-વિકલ્પો (multiple-choice) માંથી પસંદગી, ટૂંકા-જવાબ અથવા નિબંધ સ્વરૂપે હોઈ શકે છે. રચનાત્મક (અધ્યયન પ્રક્રિયા દરમિયાન સમજણ માપવા માટે) અને સત્રાંત (એકમના અંતે અધ્યયનનું એકંદર મૂલ્યાંકન કરવા માટે) બંને રીતે ઉપયોગમાં લેવાય છે.

- **પોર્ટફોલિયો**: પોર્ટફોલિયો એ વિદ્યાર્થીઓના કાર્યોનો સંગ્રહ છે જે સમય જતાં શીખવાની સિદ્ધિઓ, પ્રગતિ અને પ્રતિબિંબ દર્શાવે છે. તેમાં વિવિધ પ્રકારના કાર્યોનો સમાવેશ થઈ શકે છે, જેમ કે નિબંધો, પ્રોજેક્ટ્સ અને કલાકૃતિઓ. વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને માટે કુશળતા અને સમજણમાં વૃદ્ધિ અને વિકાસનું મૂલ્યાંકન કરવામાં મદદરૂપ થાય છે.

- **અવલોકનો**: અવલોકન મૂલ્યાંકનમાં શિક્ષકોનો સમાવેશ થાય છે જે પાઠ દરમિયાન અથવા પ્રવૃત્તિઓ દરમિયાન વિદ્યાર્થીઓનું સીધું નિરીક્ષણ કરે છે જેથી તેમનું વિષયવસ્તુ સાથે જોડાણ, ભાગીદારી અને વર્તનનું મૂલ્યાંકન કરી શકે. વિદ્યાર્થીઓ તેમને આપવામાં આવેલ સામગ્રી અને એકબીજા સાથે કેવી રીતે ઈન્ટરેક્શન કરે છે તેના પર ગુણાત્મક ડેટા પ્રદાન કરે છે, જે સૂચનાત્મક નિર્ણયોની માહિતી આપે છે.

- **સહાધ્યાયી દ્વારા મૂલ્યાંકન**: સહાધ્યાયી દ્વારા મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓ સ્થાપિત માપદંડોના આધારે એકબીજાના કાર્યનું મૂલ્યાંકન કરે છે. આ પ્રક્રિયા સહયોગ અને વિવેચનાત્મક વિશ્લેષણને પ્રોત્સાહન આપે છે. વિદ્યાર્થીઓને મેળવેલ જ્ઞાન પર માલિકીનાં ભાવને પ્રોત્સાહન આપે છે અને સહાધ્યાયીઓને પ્રતિભાવ આપીને વિવેચનાત્મક વિચારસરણી કૌશલ્ય વિકસાવવામાં મદદ કરે છે.

- **સ્વ-મૂલ્યાંકન**: સ્વ-મૂલ્યાંકન ટૂલ્સ વિદ્યાર્થીઓને તેમના પોતાના પ્રદર્શન અને શિક્ષણનું મૂલ્યાંકન કરવાની મંજૂરી આપે છે. આમાં ચેકલિસ્ટ્સ, રિફ્લેક્શન જર્નલ્સ અથવા રેટિંગ સ્કેલનો સમાવેશ થઈ શકે છે. આત્મ-ચિંતનને પ્રોત્સાહન આપે છે અને વિદ્યાર્થીઓને તેમના શિક્ષણની જવાબદારી લેવા અને સુધારણા માટેના ક્ષેત્રોને ઓળખવા માટે પ્રોત્સાહિત કરે છે.

- **ડિજિટલ મૂલ્યાંકન ટૂલ્સ**: ઓનલાઈન પ્લેટફોર્મ અને એપ્લિકેશનો જે ક્વિઝ, સર્વેક્ષણો અને ઇન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓ સહિત વિવિધ પ્રકારના મૂલ્યાંકનને સરળ બનાવે છે. ઝડપી ડેટા સંગ્રહને સક્ષમ કરે છે, તાત્કાલિક પ્રતિભાવ આપે છે અને ઘણીવાર વિદ્યાર્થીઓના પ્રદર્શનને ટ્રેક કરવા માટે વિશ્લેષણ કરવા માટેની સુવિધાઓનો સમાવેશ કરે છે.

- **પ્રદર્શન-આધારિત મૂલ્યાંકન:** આ મૂલ્યાંકનો માટે વિદ્યાર્થીઓને વાસ્તવિક જીવનના કાર્યોમાં તેમના જ્ઞાન અને કૌશલ્યોનો ઉપયોગ કરવાની જરૂર પડે છે. તેમાં ઘણીવાર જટિલ પ્રોજેક્ટ્સ અથવા પ્રેઝન્ટેશનનો સમાવેશ થાય છે. ઉચ્ચ-સ્તરની વિચારસરણી (higher-order thinking)નું મૂલ્યાંકન કરવા અને જ્ઞાનના ઉપયોગ માટે ઉપયોગી, જેમ કે વિજ્ઞાન પ્રયોગો, કલાત્મક પ્રદર્શન અથવા એકબીજાનાં સહયોગથી જૂથ પ્રોજેક્ટ્સ.

- **ડાયગ્નોસ્ટિક ટૂલ્સ:** અધ્યાપન કાર્ય શરૂ થાય તે પહેલાં વિદ્યાર્થીઓની શક્તિઓ અને નબળાઈઓને ઓળખવા માટે નિદાનાત્મક (Diagnostica) મૂલ્યાંકન ડિઝાઇન કરવામાં આવે છે. તેમાં પૂર્વ-કસોટી અથવા કૌશલ્ય મૂલ્યાંકનનો સમાવેશ થઈ શકે છે. શિક્ષકોને તેમના વિદ્યાર્થીઓની ચોક્કસ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે અધ્યાપનને તેને અનુરૂપ બનાવવામાં મદદ કરે છે, જે વધુ વ્યક્તિગત અધ્યયન અનુભવો આપે છે.

**મૂલ્યાંકન (Evaluation) નાં પ્રકારો**

મૂલ્યાંકન ગ્રેડ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. શિક્ષણની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવા માટે મૂલ્યાંકનનો ઉપયોગ અંતિમ સમીક્ષા તરીકે થઈ શકે છે. મૂલ્યાંકન ઉત્પાદક છે. આનો અર્થ એ છે કે મુખ્ય પ્રશ્ન એ છે કે: "શું શીખ્યા?" ટૂંકમાં, મૂલ્યાંકનથી એ નક્કી કરવામાં આવે છે કે મૂલ્યાંકન પછી, પરિણામ એટલે કે વિદ્યાર્થીઓ શું શીખ્યા છે તે જાણવા માટે મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. કસોટી અને મૂલ્યાંકન બંને માટે માપદંડની જરૂર પડે છે, તે માપન કરે છે અને પુરાવા-આધારિત હોય છે.

**કસોટી (Assessment) અને મૂલ્યાંકન (Evaluation) વચ્ચેનો તફાવત:**

a) કસોટી સતત ચાલુ રહે છે અને મૂલ્યાંકન સમાપન કરે છે.
b) કસોટી અધ્યયનની ગુણવત્તામાં સુધારો કરે છે અને મૂલ્યાંકન શૈક્ષણિક સ્તર અંગે નિર્ણય કરે છે.
c) કસોટીને અપગ્રેડ કરી શકાય છે અને મૂલ્યાંકનને ગ્રેડ આપી શકાય છે.
d) કસોટી પ્રતિભાવ અને મૂલ્યાંકન ખામીઓ દર્શાવે છે.

**મૂલ્યાંકનના પ્રકાર**

1. **રચનાત્મક મૂલ્યાંકન** : રચનાત્મક મૂલ્યાંકન એ સતત ચાલતી પ્રક્રિયા છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સતત પ્રતિભાવ આપવા માટે અધ્યાપન દરમિયાન વિદ્યાર્થીઓની અધ્યયન પ્રગતિનું નિરીક્ષણ કરવા માટે આ મૂલ્યાંકનનો ઉપયોગ થાય છે.

2. **સત્રાંત મૂલ્યાંકન** : સત્રાંત મૂલ્યાંકન કાર્યક્રમના પરિણામનું મૂલ્યાંકન કરે છે. આ પ્રકારનું મૂલ્યાંકન અભ્યાસક્રમના અંતે વિદ્યાર્થીએ ઇચ્છિત અધ્યયન નિષ્પત્તિઓમાં કેટલી હદ સુધી નિપુણતા મેળવી છે તે સમજવા માટે કરવામાં આવે છે.

3. **નિદાનાત્મક મૂલ્યાંકન** : નિદાનનો અર્થ ચોક્કસ સમસ્યા શોધવી એવો થાય છે. નિદાનાત્મક મૂલ્યાંકન દ્વારા, શિક્ષક વિદ્યાર્થીઓ (તેમની શક્તિઓ અને નબળાઈઓ) ને જાણી શકે છે. આ મૂલ્યાંકન અધ્યયન સમસ્યાઓના કારણો શોધવામાં પણ મદદ કરે છે. આ અધ્યયન સમસ્યાઓને ઉપચારાત્મક પગલાંનો ઉપયોગ કરીને સુધારી શકાય છે.

# પ્રવૃત્તિઓ

**પ્રવૃત્તિ 1** : ટીમ સ્પોર્ટ્સ (team sports)માં કૌશલ્ય કસોટી

**પ્રક્રિયા:**

- **કૌશલ્ય કેન્દ્રો:** વિવિધ કૌશલ્યો (દા.ત., બાસ્કેટબોલમાં ડ્રિબલિંગ, પાસિંગ, શૂટિંગ; ફૂટબોલમાં ડ્રિબલિંગ, પાસિંગ, શૂટિંગ) પર ધ્યાન કેન્દ્રિત કરતા વિવિધ કેન્દ્રો સ્થાપિત કરો.
- **જૂથ કાર્ય:** નાના જૂથો બનાવો અને દરેક જૂથને એક કેન્દ્ર સોંપો. દરેક જૂથ દરેક કેન્દ્ર પર કૌશલ્યનો અભ્યાસ કરવામાં 10 મિનિટ વિતાવશે.
- **સહાધ્યાયી દ્વારા કસોટી:** પ્રેક્ટિસ પછી, દરેક વિદ્યાર્થી તેમના કેન્દ્રનું અવલોકન કરશે અને આપેલ રૂબ્રિકના આધારે પ્રતિભાવ આપશે જેમાં ટેકનીક, ચોકસાઈ અને નિર્ણય લેવાની ક્ષમતા જેવા માપદંડોનો સમાવેશ થાય છે.
- **આત્મ-ચિંતન:** સહાધ્યાયી દ્વારા કસોટી પછી, કેન્દ્રો પરના પ્રદર્શનના આધારે આત્મ-નિરીક્ષણ પૂર્ણ કરો, જેમાં તમે સારા છો તેવા ક્ષેત્રો અને સુધારાની જરૂર હોય તે ક્ષેત્રોની નોંધ કરો.

**કસોટી માપદંડ:**

i. અમલીકરણ કૌશલ્ય (આપવામાં આવેલ રૂબ્રિકનો ઉપયોગ કરીને)
ii. સહધ્યાયી દ્વારા આપવામાં આવેલ પ્રતિભાવની ગુણવત્તા
iii. આત્મ-ચિંતન દ્વારા આંતરદૃષ્ટિ

**પ્રવૃત્તિ 2: ફિટનેસ કસોટી અને આત્મ-ચિંતન**

**પ્રક્રિયા:**

- ફિટનેસ કસોટી: શ્રેણીબદ્ધ ફિટનેસ કસોટીઓ હાથ ધરો, જેમ કે 1-માઇલ દોડ, પુશ-અપ કસોટી બેસો અને પહોંચો સુગમતા કસોટી (flexibility test), અને ઊભા રહીને પહોળો કૂદકો. દરેક વિદ્યાર્થીના પ્રદર્શનની નોંધ કરો.
- ડેટા વિશ્લેષણ: કસોટી પછી, પરિણામોની તુલના કરવા માટે વય જૂથને અનુરૂપ માપદંડો આપો. ફિટનેસનાં સ્તર વિશે માપદંડો શું સૂચવે છે તેની ચર્ચા કરો.
- ધ્યેય નિર્ધારણ: કસોટીના પરિણામો અને બેન્ચમાર્કના આધારે વ્યક્તિગત ફિટનેસ લક્ષ્યો સેટ કરો. આ લક્ષ્યોને નિયત સમયગાળા દરમિયાન પ્રાપ્ત કરવા માટેના ચોક્કસ પગલાંઓની રૂપરેખા બનાવો.
- રિફ્લેક્શન પેપર (Reflection Paper): ફિટનેસ કસોટીનાં અનુભવ પર એક ટૂંકો આત્મ-ચિંતન અહેવાલ લખો, જેમાં વર્તમાન ફિટનેસ સ્તર, બેન્ચમાર્કનું મહત્વ અને વ્યક્તિગત ફિટનેસ લક્ષ્યોનો સમાવેશ થાય છે.

**કસોટીના માપદંડ**

- ફિટનેસ કસોટીમાં પ્રદર્શન
- બેન્ચમાર્કની સમજણ
- વ્યક્તિગત ફિટનેસ ધ્યેયો વિશે સ્પષ્ટતા અને સિદ્ધ થઇ શકવાની શક્યતા
- લખેલ અહેવાલમાં કેટલું ઊંડાણપૂર્વક આત્મ-ચિંતન થયેલ છે તે

## તમારી પ્રગતિ તપાસો

A. **બહુવિધ વિકલ્પ ધરાવતા પ્રશ્નો (Multiple Choice Questions)**

1. રચનાત્મક કસોટીનો મુખ્ય હેતુ શું છે?
   a) એન્ડોફેટરમમાં વિદ્યાર્થીના અધ્યયનનું મૂલ્યાંકન કરવું.
   b) અધ્યાપન સમયગાળા દરમિયાન અધ્યયન સુધારવા માટે સતત પ્રતિભાવ આપવો.
   c) સહાધ્યાયી જૂથ સામે વિદ્યાર્થીના જ્ઞાનનું મૂલ્યાંકન કરવું.
   d) નિર્ધારિત જૂથ સાથે વિદ્યાર્થીના પ્રદર્શનની તુલના કરવી.

2. નીચેનામાંથી કયું સત્રાંત કસોટીનું ઉદાહરણ છે?
   a) ક્વિઝ
   b) વર્ગ ચર્ચાઓ
   c) અંતિમ પરીક્ષાઓ
   d) અવલોકનો

3. અધ્યાપન શરૂ થાય તે પહેલાં વિદ્યાર્થીઓના હાલના જ્ઞાન અને શૈક્ષણિક જરૂરિયાતોને ઓળખવા માટે કયા પ્રકારની કસોટી ઉપયોગમાં લેવાય છે?
   a) બેન્ચમાર્ક કસોટી
   b) સત્રાંત કસોટી
   c) નિદાનાત્મક કસોટી
   d) પ્રદર્શન-આધારિત કસોટી

4. નીચેનામાંથી કયું પોર્ટફોલિયો કસોટીનું લક્ષણ છે?
   a) તેમાં વિદ્યાર્થીઓને વાસ્તવિક જીવનના કાર્યોમાં તેમનાં કૌશલ્યો દર્શાવવાનાં હોય છે.
   b) તે સમય જતાં પ્રગતિને ટ્રેક કરવા માટે વિદ્યાર્થીઓના કાર્યના સંગ્રહ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
   c) તેનો ઉપયોગ વિદ્યાર્થીઓને તેમના પ્રદર્શનના આધારે ક્રમ આપવા માટે થાય છે.
   d) તે વિદ્યાર્થીની સિદ્ધિની તુલના તેમના સહાધ્યાયીઓના પ્રદર્શન સાથે કરે છે.

5. નીચેનામાંથી કયા પરિબળો કસોટીની અસરકારકતાને પ્રભાવિત કરી શકે છે?
   a) ફક્ત શિક્ષકની વ્યક્તિગત પસંદગીઓ
   b) અભ્યાસક્રમના ધારાધોરણો અને વર્ગખંડની ગોઠવણી
   c) વિદ્યાર્થીઓના કપડાંનો રંગ
   d) શાળા વર્ષ વિશે વિદ્યાર્થીઓના મંતવ્યો

# સત્ર 2: ગુણાત્મક અને માત્રાત્મક કસોટી

કસોટી એ શૈક્ષણિક પરિદૃશ્યનું એક આવશ્યક તત્વ છે, જે શિક્ષકોને વિદ્યાર્થીઓના અધ્યયનનું માપન કરવા અને અધ્યાપન પદ્ધત્તિઓથી માહિતગાર બનાવે છે. તેને વ્યાપક રીતે બે મુખ્ય અભિગમોમાં વર્ગીકૃત કરી શકાય છે: ગુણાત્મક અને માત્રાત્મક કસોટી.

**ગુણાત્મક કસોટી**

તે વિદ્યાર્થીઓના અધ્યયનના વ્યક્તિલક્ષી, વર્ણનાત્મક મૂલ્યાંકન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે અવલોકનો, ઇન્ટરવ્યુ અને ખુલ્લા સર્વેક્ષણ પ્રશ્નો જેવી પદ્ધતિઓ દ્વારા વિદ્યાર્થીઓની સમજ, કૌશલ્યો અને વલણની ઝીણવટભરી માહિતીને એકત્રિત કરે છે. આ પ્રકારની કસોટી શિક્ષકોને અધ્યયન પ્રક્રિયામાં આંતરદૃષ્ટિ કરવાની તક આપે છે, જેનાથી વિદ્યાર્થીઓની શક્તિઓ, પડકારો અને સુધારણા માટેના ક્ષેત્રોની ઊંડી સમજણ પ્રાપ્ત થાય છે. ગુણાત્મક ડેટા ઘણીવાર સમૃદ્ધ વર્ણનો આપે છે જે અધ્યાપન પધ્ધતિઓની માહિતી આપે છે અને વ્યક્તિગત શિક્ષણને ટેકો આપે છે. કસોટી હાથ ધરવા માટેના વિગતવાર પગલાં કોષ્ટક 1.4 માં આપવામાં આવ્યા છે..

**કોષ્ટક 1.5: ગુણાત્મક કસોટીના પગલાં**

| પગલું | વર્ણન |
|---|---|
| 1. ઉદ્દેશ્યો વ્યાખ્યાયિત કરો | હેતુ અને અધ્યયનના કયા પાસાઓનું મૂલ્યાંકન કરવા માંગો છો તે સ્પષ્ટ કરો. |
| 2. પદ્ધતિઓ પસંદ કરો | ઉદ્દેશો સાથે સંરેખિત યોગ્ય પદ્ધતિઓ (દા.ત., ઇન્ટરવ્યુ, કેન્દ્રિત જૂથો અને અવલોકનો) પસંદ કરો. |
| 3. ટૂલ્સ વિકસાવો | વિગતવાર પ્રતિભાવો એકત્રિત કરવા માટેના ટૂલ્સ (દા.ત., ઇન્ટરવ્યુ પ્રશ્નો, ચેકલિસ્ટ) બનાવો અથવા અનુકૂલિત કરો. |
| 4. ડેટા એકત્રિત કરો | પસંદ કરેલી પદ્ધતિઓ (દા.ત., ઇન્ટરવ્યુ, અવલોકનો) દ્વારા ડેટા એકત્રિત કરો. |
| 5. ડેટાનું વિશ્લેષણ કરો | કોડિંગ અને પ્રતિભાવોનું વર્ગીકરણ કરીને પેટર્ન, વિષયવસ્તુ (theme) અને આંતરદૃષ્ટિ ઓળખો. |
| 6. તારણો પર ચિંતન કરો | વિશ્લેષણના આધારે વિદ્યાર્થી અધ્યયન અને જરૂરિયાતો પર તારણો કાઢો. |
| 7. પ્રતિભાવ આપો | વિધાર્થીઓ અને સંબંધિત હિત્ધારકો (stakeholders) ને તારણો જણાવો, રચનાત્મક પ્રતિભાવ આપો. |
| 8. અધ્યાપન સમાયોજિત કરો | વિદ્યાર્થીઓની જરૂરિયાતોને વધુ સારી રીતે પૂર્ણ કરવા માટે અધ્યાપન પદ્ધતિઓને અનુકૂલિત કરવા માટે આંતરદૃષ્ટિનો ઉપયોગ કરો. |
| 9. સમીક્ષા અને સુધારો | સમયાંતરે મૂલ્યાંકન પ્રક્રિયાનું મૂલ્યાંકન કરો અને ભવિષ્યના ઉપયોગ માટે સમાયોજિત કરો. |

**માત્રાત્મક કસોટી**

તેમાં વિદ્યાર્થીઓના પ્રદર્શનને માપવા માટે સંખ્યાત્મક ડેટાનો સંગ્રહ સામેલ છે. આ અભિગમ જ્ઞાન અને કૌશલ્યોનું વ્યવસ્થિત માપન કરવા માટે પ્રમાણભૂત કસોટીઓ, ક્વિઝ અને અન્ય માપી શકાય તેવા ટૂલ્સનો ઉપયોગ કરે છે. માત્રાત્મક કસોટી સ્પષ્ટ મેટ્રિક્સ આપે છે જેનું વિશ્લેષણ અને તુલના સરળતાથી કરી શકાય છે, જેનાથી વિદ્યાર્થીની સિદ્ધિઓનું ઉદ્દેશ્ય મૂલ્યાંકન કરી શકાય છે. પ્રગતિને ટ્રેક કરવા, વલણો ઓળખવા અને અભ્યાસક્રમ અને અધ્યાપન વિશે માહિતીસભર નિર્ણયો લેવા માટે આ ડેટા-આધારિત અભિગમ આવશ્યક છે. કસોટી માટેના વિગતવાર પગલાં કોષ્ટક 1.6 માં આપવામાં આવ્યા છે.

**કોષ્ટક 1.6: માત્રાત્મક કસોટીના પગલાં**

| પગલું | વર્ણન |
|---|---|
| ઉદ્દેશ્યો વ્યાખ્યાયિત કરો | કસોટીના ઉદ્દેશ્યો સ્પષ્ટ રીતે જણાવો. તમે કયા ચોક્કસ જ્ઞાન અથવા કૌશલ્યનું માપન કરી રહ્યા છો? સ્પષ્ટ અધ્યયન નિષ્પત્તિઓ સ્થાપિત કરો. |
| કસોટી માટે ટૂલ્સ પસંદ કરો | તમારા ઉદ્દેશ્યો સાથે મેળ ખાતી પ્રમાણભૂત કસોટીઓ, બહુવિધ-વિકલ્પ ધરાવતા પ્રશ્નો અથવા સંખ્યાત્મક રેટિંગ સ્કેલ જેવા યોગ્ય જથ્થાત્મક કસોટીનાં ટૂલ્સ પસંદ કરો. |
| ટૂલ્સ વિકસાવો અથવા અનુકૂલિત કરો | કસોટી માટેના ટૂલ્સ બનાવો અથવા તેમાં ફેરફાર કરો જેથી ખાતરી થાય કે તેઓ માન્ય અને વિશ્વસનીય છે. ખાતરી કરો કે પ્રશ્નો અથવા કાર્યો ઇચ્છિત પરિણામોને સચોટ રીતે માપે છે. |
| કસોટી લેવી | નિયંત્રિત વાતાવરણમાં કસોટીનો અમલ કરો, ખાતરી કરો કે બધા વિદ્યાર્થીઓ સૂચનાઓ સમજે છે અને બધા માટે શરતો એકસમાન છે. |
| ડેટા એકત્રિત કરો | કસોટીના પરિણામો વ્યવસ્થિત રીતે એકત્રિત કરો. ડેટામાં એકસુત્રતા જાળવવા માટે સ્કોર અથવા પ્રતિભાવોનું સચોટ રેકોર્ડિંગ સુનિશ્ચિત કરો. |
| ડેટાનું વિશ્લેષણ કરો | એકત્રિત ડેટાનું વિશ્લેષણ કરવા માટે આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ કરો. એકંદર કામગીરીનું મૂલ્યાંકન કરવા અને વલણો ઓળખવા માટે સરેરાશ, ટકાવારી અને અન્ય સંબંધિત મેટ્રિક્સની ગણતરી કરો. |
| પરિણામોનું અર્થઘટન કરો | ડેટા વિશ્લેષણના આધારે તારણો કાઢો. વિદ્યાર્થીઓના અધ્યયન, શક્તિઓ અને સુધારાની જરૂર હોય તેવા ક્ષેત્રો વિશે પરિણામો શું સૂચવે છે તે ધ્યાનમાં લો. |
| પ્રતિભાવ આપો | કસોટીનાં પરિણામો વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંબંધિત હિતધારકોને જણાવો. કામગીરી અને વિકાસ માટેના ક્ષેત્રો પર ભાર મુકતો રચનાત્મક પ્રતિભાવ આપો. |
| અધ્યાપન સમાયોજિત કરો | વિદ્યાર્થીઓની જરૂરિયાતોને વધુ સારી રીતે પૂર્ણ કરવા માટે અધ્યાપન વ્યૂહરચનાઓ અને અભ્યાસક્રમ સામગ્રીને માહિતી આપવા અને સમાયોજિત કરવા માટે જથ્થાત્મક કસોટીમાંથી મેળવેલી આંતરદૃષ્ટિનો ઉપયોગ કરો. |
| સમીક્ષા અને પુનરાવર્તન | મૂલ્યાંકન પ્રક્રિયા અને તેની અસરકારકતા પર ચિંતન કરો. ભવિષ્યની માત્રાત્મક કસોટીઓને સુધારવા અને વધુ સારી બનાવવા માટે પ્રતિભાવ એકત્રિત કરો. |

**કસોટી આયોજન**


કસોટી આયોજન એ એક શૈક્ષણિક પ્રક્રિયાનો મુખ્ય ભાગ છે, જેમાં વિદ્યાર્થીઓની પ્રગતિને માપવા માટે કસોટીની વ્યવસ્થિત રચનાનો સમાવેશ થાય છે. તે અભ્યાસક્રમના ધોરણ (કોષ્ટક 1.7) સાથે સુસંગત સ્પષ્ટ, માપી શકાય તેવા અધ્યયાય્ન ઉદ્દેશ્યોને વ્યાખ્યાયિત કરવાથી લઇને શરૂ થાય છે. ત્યારબાદ શિક્ષકો યોગ્ય પ્રકાર (રચનાત્મક, સત્રાંત, પ્રદર્શન-આધારિત)ની કસોટી પસંદ કરે છે અને સુસંગત મૂલ્યાંકન માટે સ્પષ્ટ માપદંડો (દા.ત., રૂબ્રિક્સ) સ્થાપિત કરે છે. અધ્યાપન સમયગાળા દરમિયાન કસોટીનું સમયપત્રક બનાવવાથી કાર્યભારનું સંચાલન કરવામાં અને તણાવ ઘટાડવામાં મદદ મળે છે, જ્યારે વિવિધ વિદ્યાર્થીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સમાવેશીતા સુનિશ્ચિત થાય છે. કસોટી પછી, પરિણામોનું વિશ્લેષણ અને પ્રતિભાવ આપવાથી ભવિષ્યના અધ્યયન માટે માર્ગદર્શન મળે છે. કસોટીની વ્યૂહરચના પર ચિંતન અને સમાયોજિત કરવાથી અધ્યાપન પદ્ધતિઓઓમાં સતત સુધારો થાય છે.

**કોષ્ટક 1.7: કસોટી માટેના આયોજનની રૂપરેખા**

| કેટેગરી | વિગત |
|---|---|
| **ઉદ્દેશ્યો** | **વિદ્યાર્થીઓ**: તેમની શક્તિઓ અને સુધારણા માટેના ક્ષેત્રોમાં આંતરદૃષ્ટિ મેળવો.<br>**શિક્ષકો**: અધ્યયન નિષ્પત્તિઓનું મૂલ્યાંકન કરો, અધ્યાપન વ્યૂહરચનાઓનું માર્ગદર્શન આપો અને વિદ્યાર્થીઓની જરૂરિયાતો અનુસાર મદદ કરો.<br>**શાળાઓ**: શૈક્ષણિક પ્રગતિનું એકંદર માપ કાઢો અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરો.<br>**વાલીઓ**: બાળકની પ્રગતિને સમજો, ઘરે અધ્યયનમાં મદદ કરો. |
| **ટેકનિક્સ** | પદ્ધતિઓમાં લેખિત કસોટીઓ, પ્રેક્ટીકલ ટેસ્ટ, પ્રોજેક્ટ-આધારિત મૂલ્યાંકન, ક્વિઝ અને અવલોકન ચેકલિસ્ટનો સમાવેશ થાય છે. |
| **સમયરેખા** | **વિદ્યાર્થીઓનું આગમન**: વિદ્યાર્થીઓ માટે પરીક્ષા સ્થળ પર પહોંચવા અને પહોંચવા માટે ચોક્કસ સમય નક્કી કરો.<br>**પરીક્ષાનું સંચાલન**: દરેક પરીક્ષા માટે સમય અને ક્રમની રૂપરેખા બનાવો.<br>**ડેટા સંગ્રહ અને વિશ્લેષણ**: ડેટા એકત્રિત કરવા અને પરિણામોનું વિશ્લેષણ કરવા માટે સમયરેખા સૂચવો.<br>**રિપોર્ટિંગ**: રિપોર્ટ ઉપલબ્ધતા અને અનુમાન/ભલામણ શેરિંગ માટે તારીખ સેટ કરો. |
| **સંશાધનો અને સામગ્રી** | **જવાબદારીઓ**: યોજનાના અમલીકરણ, ડેટા સંગ્રહ, વિશ્લેષણ અને રિપોર્ટિંગ માટે ભૂમિકાઓ સોંપો.<br>**સુવિધાઓ**: યોગ્ય મેદાન, જરૂરી સાધનો, પ્રાથમિક સારવાર અને પીવાના પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરો. |

**કસોટીના તબક્કાઓ**

શિક્ષણમાં કસોટીના તબક્કાઓમાં સામાન્ય રીતે નીચેના તબક્કાઓનો સમાવેશ થાય છે:




**આકૃતિ: 1.2: કસોટીના તબક્કાનું ડાયાગ્રામ સ્વરૂપ**

શૈક્ષણિક પ્રક્રિયાના કસોટી પહેલા, દરમિયાન અને પછીના તબક્કાઓ એ આવશ્યક ઘટકો છે, જે દરેક અલગ છતાં એકબીજા સાથે હેતુઓથી જોડાયેલા છે.

**કસોટી પહેલા:** અધ્યાપન કાર્ય શરૂ થાય તે પહેલાં થાય છે, જેનાથી શિક્ષકો વિદ્યાર્થીઓના પૂર્વ જ્ઞાનનું માપન કરી શકે છે અને અધ્યયન ત્રુટીઓ ઓળખી શકે છે. આ પ્રારંભિક મૂલ્યાંકન વ્યક્તિગત જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે અધ્યાપનને તેને અનુરૂપ બનાવવામાં મદદ કરે છે.

**કસોટી દરમ્યાન:** સમગ્ર અધ્યાપન સમયગાળા દરમિયાન થાય છે અને તે રચનાત્મક પ્રકૃતિનલ કસોટી  હોય છે, જેનાથી શિક્ષકો વિદ્યાર્થીઓની પ્રગતિનું નિરીક્ષણ કરી શકે છે અને તાત્કાલિક પ્રતિભાવ આપી શકે છે. ક્વિઝ અને અવલોકનો જેવી ટેકનીકો કોઈપણ ગેરસમજોને દૂર કરવા માટે અધ્યાપન વ્યૂહરચનામાં તરત જ ફેરફાર કરવાની તક આપે છે.

**કસોટી પછી:** અધ્યાપન પૂર્ણ થયા પછી થાય છે, જે સ્થાપિત ઉદ્દેશ્યો સામે વિદ્યાર્થીનાં અધ્યયનનું એકંદર મૂલ્યાંકન કરે છે. આ તબક્કામાં ઘણીવાર અંતિમ પરીક્ષાઓ અથવા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે, જે અધ્યાપન પદ્ધતિઓની અસરકારકતામાં આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે અને ભવિષ્યના અધ્યાપન  આયોજન માટે માર્ગદર્શન આપે છે. ઘણી બધી કસોટીઓ એકસાથે મળીને, એક વ્યાપક માળખું બનાવે છે જે વિદ્યાર્થી માટેની અધ્યયન અને અધ્યાપન પદ્ધતિઓમાં સતત સુધારાને પ્રોત્સાહન આપે છે.

**કસોટી પહેલા: તૈયારી તબક્કો**

- વિદ્યાર્થીઓને કસોટીની વિગતો વિશે માહિતગાર કરો અને અગાઉથી પ્રેક્ટિસની ખાતરી કરો.
- સ્કૂલ કો.ઓર્ડીનેટર સાથે કસોટીનાં સમયપત્રકની ચર્ચા કરો.
- વાલીઓને જાણ કરો, સંમતિ માટે વિનંતી કરો અને તબીબી સમસ્યાઓ ધરાવતા વિદ્યાર્થીઓને ઓળખો.
- આચાર્ય પાસેથી રિપોર્ટ ટેમ્પ્લેટ પર મંજૂરી મેળવો.

- ઓરડાની બહાર લેવાની થતી કસોટી માટે હવામાનની સ્થિતિ તપાસો.
- પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર સાથે વિદ્યાર્થીઓનો ડેટા એકત્રિત કરીને ચકાસો અને વિસંગતતાઓ દૂર કરો.
- ડેટાનું અંતિમ સ્વરૂપ પ્રાપ્ત થયા પછી મેદાન પર ઇનપુટ શીટ્સ બનાવો.
- પ્રોપ્સ (props)/ઉપકરણોની ઉપલબ્ધતા તપાસો; ક્ષતિગ્રસ્ત વસ્તુઓ બદલો.
- ગ્રાઉન્ડ માર્કિંગ (ground marking) પૂર્ણ કરો.
- ખાતરી કરો કે પીવાનું પાણી અને પ્રાથમિક સારવાર ઉપલબ્ધ હોય; જો શાળામાં નર્સ ઉપલબ્ધ હોય તો તેમને માહિતગાર કરો.

**કસોટી દરમિયાન: તૈયારી તબક્કો**

- **અધ્યયન ઉદ્દેશ્યો વ્યાખ્યાયિત કરો** : વિદ્યાર્થીઓ પાસેથી શું શીખવા અને નિદર્શન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે તે સ્પષ્ટ રીતે જણાવો.
- **કસોટી માટેની પદ્ધતિઓ પસંદ કરો** : યોગ્ય ટૂલ્સ પસંદ કરો (ક્વિઝ, ચર્ચાઓ અને અવલોકનો) જે અધ્યયન ઉદ્દેશ્યો સાથે સુસંગત હોય.
- **સહાયક વાતાવરણ બનાવો**: વર્ગખંડમાં એવું વાતાવરણ બનાવો જ્યાં વિદ્યાર્થીઓ પોતાના વિચારો અને પ્રશ્નો વ્યક્ત કરવા માટે સુરક્ષિત અનુભવે.
- **રચનાત્મક વ્યૂહરચનાઓ અમલમાં મૂકો**: કસોટી દરમ્યાન એવી યોજના બનાવો કે જેનાથી તરત જ પ્રતિભાવ મળી રહે અને તેને આધારે અધ્યાપન વ્યવસ્થામાં ફેરફાર થઇ શકે.
- **સમયરેખા સ્થાપિત કરો**: અપેક્ષાઓનું પ્રમાણે વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે કસોટી ક્યારે થશે તેની રૂપરેખા બનાવો.
- **અપેક્ષાઓ જણાવો**: પારદર્શિતા અને જોડાણ વધારવા માટે કસોટીના માપદંડો અને ઉદ્દેશ્યો વિદ્યાર્થીઓને જણાવો.
- **સંશાધનો તૈયાર કરો**: ખાતરી કરો કે કસોટીની પ્રક્રિયા માટે બધી જરૂરી સામગ્રી અને સાધનો તૈયાર હોય.

**કસોટી પછી: તૈયારી તબક્કો**

- **કસોટીનાં ડેટાનું વિશ્લેષણ કરો**: વલણો, શક્તિઓ અને સુધારાની જરૂર હોય તેવા ક્ષેત્રોને ઓળખવા માટે પરિણામોની સમીક્ષા કરો.
- **પ્રતિભાવ આપો**: વિદ્યાર્થીઓને રચનાત્મક પ્રતિભાવ આપો, સફળતાઓ અને વિકાસ માટેના ક્ષેત્રો પર ભાર મૂકો.
- **અધ્યાપન પર ચિંતન કરો**: કસોટીનાં સમયગાળા દરમિયાન ઉપયોગમાં લેવાતી અધ્યાપન વ્યૂહરચનાઓ અને સામગ્રીની અસરકારકતાનું મૂલ્યાંકન કરો.
- **ભવિષ્યની યોજનાઓને સમાયોજિત કરો**: વિદ્યાર્થીઓની જરૂરિયાતોને વધુ સારી રીતે પૂર્ણ કરવા માટે કસોટીના પરિણામોના આધારે પાઠ આયોજન અને અધ્યાપન અભિગમોમાં ફેરફાર કરો.
- **હિતધારકો (Stakeholders) સાથે વાતચીત કરો**: પરસ્પર સહયોગને પ્રોત્સાહન આપવા માટે વાલીઓ, સહકર્મચારીઓ અને અધિકારીઓ સાથે કસોટીના પરિણામો અને આંતરદૃષ્ટિ જણાવો.
- **મેળવેલ સિદ્ધિઓની ઉજવણી કરો**: સતત પ્રયાસ ચાલુ રહે અને વિદ્યાર્થી સાથેનાં જોડાણને પ્રોત્સાહન આપવા માટે વિદ્યાર્થીઓની પ્રગતિ અને સફળતાઓની નોંધ લઈને પ્રશંસા કરો.
- **પુનઃમૂલ્યાંકન માટે યોજના**: એવા વિદ્યાર્થીઓને ઓળખો જેમને સમજણ પડે તે માટે વધારે મદદ અથવા વૈકલ્પિક કસોટી લેવાની જરૂર પડી શકે છે.

**ફિટનેસ ટેસ્ટ (Fitness Assessment)**

હાલમાં, શારીરિક શિક્ષણમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી કસોટી ફિટનેસ ટેસ્ટ છે. જેમ તમે જાણો છો, આમાંની મોટાભાગની કસોટીઓમાં, વિદ્યાર્થીના સ્કોરની તુલના ધારાધોરણોના કોષ્ટક સાથે કરવામાં આવે છે અને તેને રેટિંગ આપવામાં આવે છે.

આ ધારાધોરણ-સંદર્ભિત અથવા માત્રાત્મક કસોટીનું ઉદાહરણ છે. શારીરિક શિક્ષકો માટે, અધ્યયન અને તેનાથી વિપરીત અધ્યાપનની અસરકારકતાનું માપ ઉપલબ્ધ થશે. ફિટનેસ ટેસ્ટમાં, આપણે વિદ્યાર્થીની વિવિધ ક્ષમતાઓને માપીએ છીએ. તેમની ચર્ચા અહીં કરવામાં આવી છે:

- **એરોબિક ક્ષમતા**
  આ ઓક્સિજનની હાજરીમાં લાંબા સમય સુધી કોઈ પ્રવૃત્તિ ટકાવી રાખવાની ક્ષમતા છે. એરોબિક ક્ષમતા માપવા માટે સામાન્ય રીતે બીપ ટેસ્ટ (beep test) અને 600-મીટર દોડ/ચાલવાની પ્રવૃત્તિનો ઉપયોગ થાય છે.

- **એનારોબિક ક્ષમતા**
  એનારોબિક એટલે ઓક્સિજનની ઓછી માત્રા (ઓક્સિજન વગર) સાથે વ્યક્તિ મહત્તમ બળ ઉત્પન્ન કરે છે. વિદ્યાર્થીની એનારોબિક ક્ષમતા માપવા માટે, શરૂઆત અને અંત રેખાઓ તરીકે ચિહ્નિત બે રેખાઓ વચ્ચે પૂર્વનિર્ધારિત સલામત વિસ્તારમાં 30-મીટર દોડ પરીક્ષણ હાથ ધરવામાં આવે છે. સેકન્ડમાં અંતર પૂર્ણ કરવા માટે લાગતો ન્યૂનતમ સમય એ ટેસ્ટ સ્કોર છે.

- **સુગમતા (Flexibility)**
  પીઠની સ્થિતિસ્થાપકતા માપવા માટે - જે પીઠની ગતિની શ્રેણી છે – બેસીને પહોંચવાનું પરીક્ષણ હાથ ધરવામાં આવે છે અને સેન્ટીમીટરમાં આવરી લેવાયેલ અંતર એ ટેસ્ટ સ્કોર છે.

- **પેટની શક્તિ**
  તે સિટ-અપ્સ (કર્લ-અપ્સ) (Sit-ups (curl-ups)) પરીક્ષણ કરીને માપવામાં આવે છે. પૂર્વનિર્ધારિત સમયાવધિમાં સિટઅપ્સની કુલ સંખ્યા ટેસ્ટ સ્કોર છે.

- **વિસ્ફોટક શક્તિ (નીચલું શરીર)**
  આ સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ (Standing Broad Jump) પરીક્ષણનો ઉપયોગ કરીને માપવામાં આવે છે. મીટરમાં કાપવામાં આવેલું અંતર ટેસ્ટ સ્કોર છે.

- **વિસ્ફોટક શક્તિ (ઉપલું શરીર)**
  ઉપલા શરીરની વિસ્ફોટક શક્તિ માપવા માટે વપરાતો ટેસ્ટ હેડ મેડિસિન બોલ થ્રો (Medicine Ball Throw) છે. વિદ્યાર્થીના હાથમાંથી છૂટ્યા પછી મેડિસિન બોલ તેના પ્રથમ ઉછાળા પર જે મહત્તમ અંતર કાપે છે તે મીટરમાં માપવામાં આવેલો ટેસ્ટ સ્કોર છે.

- **ઊંચાઈ અને વજન**
  બાળકની ઉંમરના પ્રમાણમાં તેની ઊંચાઈ અને વજન તેના સ્વાસ્થ્ય અને વિકાસનું સારું સૂચક છે.

  શારીરિક ક્ષમતાઓ અને એકંદર સ્વાસ્થ્યનું મૂલ્યાંકન કરવા માટે ફિટનેસ ટેસ્ટ (**કોષ્ટક 1.8**) આવશ્યક છે, જે રક્તવાહિનીની સહનશક્તિ (cardiovascular endurance), શક્તિ (strength), સુગમતા (flexibility) અને શરીર રચના (body composition) માં આંતરદૃષ્ટિ આપે છે. તેઓ પ્રગતિને ટ્રેક કરવા, કસ્ટમાઇઝ્ડ ફિટનેસ કાર્યક્રમોને ચલાવવા અને સંભવિત સ્વાસ્થ્ય જોખમોને ઓળખવા માટે મૂળભૂત માપ સ્થાપિત કરે છે. નિયમિત કસોટીથી સુધારા માટેના મૂર્ત પુરાવા આપીને પ્રેરણા અને જવાબદારીને પ્રોત્સાહન આપે છે. આખરે, માન્ય અને વિશ્વસનીય કસોટી આધારિત સ્પેશિફિકેશન વિકસાવવાથી સ્વસ્થ, વધુ સક્રિય જીવનશૈલીને પ્રોત્સાહન મળે છે.

ટેબલ. 1.8: ફિટનેસ ટેસ્ટ સ્પેશિફિકેશન

| ફિટનેસ ટેસ્ટ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | સ્વસ્થતાના પરિમાણો (Fitness parameters) | ટેસ્ટ | વયમર્યાદા | ટિપ્પણી |
| 1 | એરોબિક ક્ષમતા (Aerobic Capacity) | 1. બીપ ટેસ્ટ<br>2. વોક અથવા રન ટેસ્ટ<br>3. સ્ટેપ ટેસ્ટ<br>4. બીપ ટેસ્ટ<br>5. 500 મીટર દોડ/ચાલ | 7 વર્ષ અને તેથી વધુ | સ્પષ્ટ સૂચના સાથે યોગ્ય વોર્મ-અપ (warm-up)નું નિદર્શન જરૂરી છે. |
| 2 | એનારોબિક ક્ષમતા (Anaerobic Capacity) | 1. 20 મીટર સ્પ્રિન્ટ<br>2. 30 મીટર સ્પ્રિન્ટ<br>3. 30 મીટર ઉડતી સ્પ્રિન્ટ | 6 વર્ષ અને તેથી વધુ | સ્પષ્ટ સૂચના સાથે યોગ્ય વોર્મ-અપ (warm-up)નું નિદર્શન જરૂરી છે. |
| 3 | ઉપલા શરીરની શક્તિઓ (Upper Body Strength) | 1. સીટેડ મેડિસિન બોલ થ્રો<br>2. સ્ટેન્ડિંગ મેડિસિન બોલ થ્રો<br>3. પુશ-અપ્સ પુલ-અપ્સ | 6 વર્ષ અને તેથી વધુ | ચોક્કસ પ્રકારનું વોર્મ-અપ (warm-up) જરૂરી |
| 4 | નીચલા શરીરની શક્તિઓ (Lower Body Strength) | 1. વર્ટિકલ જમ્પ ટેસ્ટ<br>2. સ્ટેન્ડિંગ લોંગ (બ્રોડ) જમ્પ ટેસ્ટ | 6 વર્ષ અને તેથી વધુ | ચોક્કસ પ્રકારનું વોર્મ-અપ (warm-up) જરૂરી |
| 5 | પેટની શક્તિ (Abdominal strength) | 1. કર્લ અપ્સ<br>2. સિટ અપ્સ<br>3. પ્લેન્ક ટેસ્ટ | 8 વર્ષ અને તેથી વધુ | ચોક્કસ પ્રકારનું વોર્મ-અપ (warm-up) જરૂરી |
| 6 | સુગમતા (Flexibility) | 1. સિટ એન્ડ રીચ ટેસ્ટ<br>2. વી-સિટ ટેસ્ટ ટો ટચ | 6 વર્ષ અને તેથી વધુ | ચોક્કસ પ્રકારનું વોર્મ-અપ (warm-up) જરૂરી |

**ગુણાત્મક અને માત્રાત્મક કસોટીનું તુલનાત્મક વિશ્લેષણ**

ગુણાત્મક અને માત્રાત્મક કસોટી પદ્ધતિઓ વિદ્યાર્થીઓના અધ્યયનનું મૂલ્યાંકન કરવાની વિશિષ્ટ રીતો પ્રદાન કરે છે. ઇન્ટરવ્યુ અને મુક્ત અંત ધરાવતા (open-ended) પ્રશ્નો જેવી ગુણાત્મક પદ્ધતિઓ વિદ્યાર્થીઓના અનુભવો અને દ્રષ્ટિકોણમાં ઊંડી સમજ પૂરી પાડે છે, જે શિક્ષકોને તેમના વર્તન પાછળના કારણો સમજવામાં મદદ કરે છે. જો કે, આ વ્યક્તિગત હોઈ શકે છે. ક્વિઝ અને પ્રમાણભૂત કસોટીઓ જેવી માત્રાત્મક પદ્ધતિઓ, માપી શકાય તેવા પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, સરખામણી અને વિશ્લેષણ માટે સ્પષ્ટ, ઉદ્દેશ્ય આધારિત ડેટા પૂરો પાડે છે.

જ્યારે માત્રાત્મક કસોટીનું વિશ્લેષણ કરવું સરળ હોય છે, તે વિદ્યાર્થીની સમજને સંપૂર્ણપણે આવરી શકતા નથી. બંને પદ્ધતિઓનું સંયોજન શિક્ષકોને વ્યક્તિગત અનુભવોની સાથે સાથે માપી શકાય તેવા પ્રદર્શનના સંતુલન સાથે વિદ્યાર્થીના અધ્યયનનો વધુ વ્યાપક દૃષ્ટિકોણ મેળવવામાં મદદ કરે છે,.

**ગુણાત્મક કસોટીમાં ડેટા સંગ્રહની ટેકનીકો**

ગુણાત્મક કસોટી વિવિધ ડેટા સંગ્રહની ટેકનીકો પર આધાર રાખે છે. વિદ્યાર્થીઓના અનુભવો, વિચારો અને લાગણીઓમાં ઊંડાણપૂર્વકની આંતરદૃષ્ટિ મેળવવા માટે ગુણાત્મક કસોટીમાં ઉપયોગમાં લેવાતી કેટલીક સામાન્ય પદ્ધતિઓ અહીં આપેલી છે:

- **ઇન્ટરવ્યુ**

ઇન્ટરવ્યુમાં સંશોધક (અથવા શિક્ષક) અને ઈન્ટરવ્યું આપનાર સહભાગી વચ્ચે સીધી, એક-એક વાતચીતનો સમાવેશ થાય છે. તે ચોક્કસ માળખામાં, થોડે ઘણે અંશે એક માળખામાં અથવા કોઈ માળખા વગર હોઈ શકે છે:

a) **ચોક્કસ માળખામાં ઇન્ટરવ્યુ**: પ્રશ્નોના નિશ્ચિત સમૂહને અનુસરો, ઈન્ટરવ્યું આપનાર સહભાગીઓમાં સુસંગતતા સુનિશ્ચિત કરો.

b) **થોડે ઘણે અંશે એક માળખામાં ઇન્ટરવ્યુ**: ઈન્ટરવ્યું આપનાર સહભાગીઓના પ્રતિભાવોના આધારે વિષયો વિશે વધુ શોધખોળ કરવા માટે પૂર્વનિર્ધારિત પ્રશ્નોને જોડો.

c) **કોઈ માળખા વગરનું ઇન્ટરવ્યુ**: મુક્ત અંત ધરાવતી વાતચીત કરો, ઈન્ટરવ્યું આપનાર સહભાગીઓને તેમના પોતાના શબ્દોમાં તેમના અનુભવો રજૂ કરવા માટે પ્રોત્સાહિત કરો.

- **કેન્દ્રિત જૂથો**

કેન્દ્રિત જૂથો ચોક્કસ વિષય અથવા પ્રશ્નોના સમૂહની ચર્ચા કરવા માટે સહભાગીઓના નાના જૂથ (સામાન્ય રીતે 6-10) ને એકસાથે લાવે છે. આ પદ્ધતિ સહભાગીઓ વચ્ચે ઈન્ટરેકશન અને ચર્ચાને પ્રોત્સાહન આપે છે, જે વિવિધ દ્રષ્ટિકોણ પ્રગટ કરી શકે છે અને ઊંડી આંતરદૃષ્ટિને ઉત્તેજીત કરી શકે છે. સહાયક (facilitator) વાતચીતનું માર્ગદર્શન કરે છે, સહભાગીઓને તેમના વિચારો રજૂ કરવા અને એકબીજાના વિચારો પર કાર્ય કરે છે. કેન્દ્રિત જૂથો ખાસ કરીને જૂથમાં ગતિશીલતા અને અધ્યયનમાં સામૂહિક અનુભવો વિશે જાણવા માટે અસરકારક છે.

- **અવલોકનો**

અવલોકનમાં વિદ્યાર્થીઓને તેમના કુદરતી અધ્યયન વાતાવરણમાં, જેમ કે વર્ગખંડો અથવા જૂથ પ્રવૃત્તિઓમાં જોવાનો સમાવેશ થાય છે. શિક્ષકો અધ્યયન પ્રક્રિયામાં વિક્ષેપ પાડ્યા વિના વિદ્યાર્થીઓના વર્તન, ઈન્ટરેકશન અને પરસ્પરના જોડાણ પર નોંધ લઈ શકે છે. અવલોકનો આ પ્રકારે હોઈ શકે છે:

- **સહભાગી અવલોકનો**: સંશોધક નિરીક્ષણ કરતી વખતે ટે વાતાવરણમાં સક્રિય રીતે જોડાય છે.
- **બિન-સહભાગી અવલોકનો**: સંશોધક નિષ્ક્રિય નિરીક્ષક બની રહે છે, જે તે ગોઠવણને પ્રભાવિત કર્યા વિના વર્તન અને ઈન્ટરેકશન રેકોર્ડ કરે છે.

આ પદ્ધતિ શિક્ષકોને, વિદ્યાર્થીઓ એકબીજા સાથે પરસ્પર અને અધ્યયન સામગ્રી સાથે કેવી રીતે ઈન્ટરેકશન કરે છે તે સમજવામાં મદદ કરે છે, જે વર્ગખંડની ગતિશીલતા અને વિદ્યાર્થીઓની સંલગ્નતા વિશે આંતરદૃષ્ટિ પૂરી પાડે છે.

- **મુક્ત અંત ધરાવતા (Open-Ended) સર્વેક્ષણો**

મુક્ત અંત ધરાવતા (Open-Ended) સર્વેક્ષણો વિદ્યાર્થીઓને તેમના પોતાના શબ્દોમાં પ્રશ્નોના જવાબ આપવા દે છે, જે ગુણાત્મક ડેટા પ્રદાન કરે છે જેનાથી તેઓ તેમના વિચારો અને લાગણીઓને પ્રગટ કરી શકે છે. ચોક્કસ જવાબોની જરૂર હોય તેવા નિશ્ચિત જવાબ ધરાવતા (closed ended) પ્રશ્નોથી વિપરીત, મુક્ત અંત ધરાવતા (Open-Ended) પ્રશ્નો વધુ વિગતવાર જવાબોને પ્રોત્સાહન આપે છે, જે વિદ્યાર્થીઓના દ્રષ્ટિકોણની વધુ સારી સમજ આપે છે.

- **જર્નલ્સ અને રિફ્લેક્શન પેપર્સ**

વિદ્યાર્થીઓને જર્નલ્સ રાખવા અથવા રિફ્લેક્શન પેપર્સ (આત્મ-ચિંતન / મનોમંથન અહેવાલ) લખવા માટે પ્રોત્સાહિત કરવાથી મૂલ્યવાન ગુણાત્મક ડેટા મળી શકે છે. આ લેખિત ચિંતન, વિદ્યાર્થીઓને તેમના અધ્યયન અનુભવો, પડકારો અને સફળતાઓ વિશે તેમના વિચારો વ્યક્ત કરવાની મંજૂરી આપે છે. શિક્ષકો વિદ્યાર્થીઓની અધ્યયન પ્રક્રિયાઓમાં વિષય આધારિત આંતરદૃષ્ટિ કેળવવા માટે આ એન્ટ્રીઓનું વિશ્લેષણ કરી શકે છે.

**માત્રાત્મક કસોટીમાં ડેટા સંગ્રહ ટેકનીકો**

માત્રાત્મક કસોટી આંકડાકીય ડેટા એકત્રિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેને આંકડાકીય રીતે માપીને તેનું વિશ્લેષણ કરી શકાય છે. આ અભિગમમાં ઉપયોગમાં લેવાતી કેટલીક મુખ્ય ડેટા સંગ્રહ ટેકનીકો અહીં આપેલી છે:

**1. પ્રમાણભૂત કસોટીઓ**

પ્રમાણભૂત કસોટીઓ એ ઔપચારિક કસોટીઓ છે જેનો તમામ પરીક્ષાઓમાં હંમેશા સમાવેશ કરવામાં આવે છે અને તેનો સ્કોર નોંધવામાં આવે છે. આ કસોટીઓ ચોક્કસ જ્ઞાન અથવા કૌશલ્યોને માપવા માટે રચાયેલ છે, જે ઘણીવાર અભ્યાસક્રમના ધારાધોરણો સાથે સંરેખિત હોય છે. તેના ઉદાહરણો નીચે મુજબ છે:

- **રાજ્ય દ્વારા લેવાતી પરીક્ષાઓ**: ગણિત અને વાંચન જેવા મુખ્ય વિષયોમાં વિદ્યાર્થીઓના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા માટે શૈક્ષણિક સત્તામંડળ દ્વારા ફરજિયાત પરીક્ષાઓ લેવામાં આવે છે.
- JEE/NEET: કોલેજની પ્રવેશ પરીક્ષાઓ કે જે ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની કોલેજમાં પ્રવેશ માટે તૈયારીનું માપન કરે છે.
- **બેન્ચમાર્ક કસોટી**: સમયાંતરે લેવામાં આવતી કસોટીઓ કે જે સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓની પ્રગતિને ટ્રેક કરવામાં મદદ કરે છે.

પ્રમાણભૂત કસોટીઓ વિશ્વસનીય ડેટા પ્રદાન કરે છે જેની તુલના વિવિધ જૂથોમાં કરી શકાય છે, જે વલણોને ઓળખવાનું અને એકંદર પ્રદર્શનને માપવાનું સરળ બનાવે છે.

**2. સર્વેક્ષણો**

સર્વેક્ષણો એ એક ચોક્કસ માળખામાં તૈયાર થયેલ પ્રશ્નાવલિ છે જે મોટી સંખ્યામાં ઉત્તરદાતાઓ પાસેથી માહિતી એકત્રિત કરવા માટે રચાયેલ છે. તેમાં નિશ્ચિત અંત ધરાવતા (closed-ended) પ્રશ્નો (દા.ત., બહુવિધ વિકલ્પ પસંદગી (multiple choice), રેટિંગ સ્કેલ (rating scales)) સામેલ હોઈ શકે છે જે માત્રાત્મક ડેટા ઉત્પન્ન કરે છે. સર્વેક્ષણોની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે:

- **વ્યાપક પહોંચ:** સર્વેક્ષણો ઘણા વિદ્યાર્થીઓને વિતરિત કરી શકાય છે, જે મોટા નમૂના કદ (sample sizes) ને મંજૂરી આપે છે જે વિશ્વસનીયતામાં વધારો કરે છે.
- **ઝડપી વિશ્લેષણ:** પ્રતિભાવોને સરળતાથી માત્રાત્મક સ્વરૂપે માપી શકાય છે અને આંકડાકીય રીતે વિશ્લેષણ કરી શકાય છે, જે વિદ્યાર્થીઓના વલણ, સંતોષ અને અધ્યયન અનુભવો તરફ આંતરદૃષ્ટિ પૂરી પાડે છે.

સર્વેક્ષણો ખાસ કરીને વિદ્યાર્થીઓની ધારણાઓ, પ્રેરણા અને અધ્યાપન પદ્ધતિઓ પર પ્રતિભાવનાં ડેટા એકત્રિત કરવા માટે ઉપયોગી છે.

**૩. ક્વિઝ અને પરીક્ષાઓ**

વિશિષ્ટ વિષયોમાં વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યોનું મૂલ્યાંકન કરવા માટે ક્વિઝ અને પરીક્ષાઓ સામાન્ય ટૂલ્સ છે. આ કસોટીઓ રચનાત્મક (અધ્યયન પ્રક્રિયા દરમિયાન લેવામાં આવતી) અથવા સત્રાંત (એકમના અંતે લેવામાં આવતી) હોઈ શકે છે. તેની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે:

- **હેતુલક્ષી સ્કોરિંગ:** ઘણી ક્વિઝ અને પરીક્ષાઓ બહુવિધ-વિકલ્પ પસંદગી અથવા સાચા/ખોટા પ્રશ્નોનો ઉપયોગ કરે છે, જે સીધા સ્કોરિંગ અને વિશ્લેષણ માટે ઉપયોગમાં લઇ શકાય છે.
- **તાત્કાલિક પ્રતિભાવ:** પરિણામો વિદ્યાર્થીઓની સમજણ અને સમીક્ષા અથવા મજબૂતીકરણની જરૂર હોય તેવા ક્ષેત્રોમાં તાત્કાલિક આંતરદૃષ્ટિ આપી શકે છે.

**4. આંકડાકીય પગલાં**

માત્રાત્મક કસોટીઓ ઘણીવાર પરીક્ષણો અને સર્વેક્ષણોમાંથી એકત્રિત કરવામાં આવેલા ડેટાનું વિશ્લેષણ કરવા માટે વિવિધ આંકડાકીય પગલાંનો ઉપયોગ કરે છે. મુખ્ય આંકડાકીય પદ્ધતિઓમાં નીચે મુજબની પદ્ધતિઓ સામેલ છે:

- **વર્ણનાત્મક આંકડા:** સરેરાશ, મધ્યક, સ્થિતિ અને પ્રમાણભૂત વિચલન જેવા માપ ડેટા સેટની મુખ્ય લાક્ષણિકતાઓનો સારાંશ આપે છે અને વર્ણન કરે છે.
- **અનુમાનિત આંકડા:** t-tests, ANOVA અને રીગ્રેશન એનાલીસીસ (regression analysis) જેવી ટેકનીકો સંશોધકોને નમૂનારૂપ ડેટાના આધારે મોટી વસ્તી વિશે આગાહીઓ અથવા અનુમાન લગાવવાની મંજૂરી આપે છે.

આ આંકડાકીય પદ્ધતિઓ શિક્ષકોને માત્રાત્મક કસોટીના પરિણામોનું અર્થઘટન કરવામાં, વિદ્યાર્થીઓના પ્રદર્શનમાં સુધારા માટેના વલણો, શક્તિઓ અને ક્ષેત્રોને ઓળખવામાં મદદ કરે છે.

**વિદ્યાર્થીનાં અધ્યયન પર કસોટીના પ્રકારોનો પ્રભાવ**

કસોટી વિદ્યાર્થીઓની પ્રેરણા અને સમજણને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ગુણાત્મક અને માત્રાત્મક કસોટી બંને શીખવાના અનુભવ પર અનન્ય પ્રભાવ ધરાવે છે.

**ગુણાત્મક કસોટી**

1. **ઉન્નત જોડાણ અને આત્મ-ચિંતન:** ગુણાત્મક કસોટી, જેમ કે ઇન્ટરવ્યુ,કેન્દ્રિત જૂથો અને મુક્ત અંત ધરાવતા અસાઇનમેન્ટ, વિદ્યાર્થીઓને અધ્યયન સામગ્રી સાથે ઊંડાણપૂર્વક જોડાવા માટે પ્રોત્સાહિત કરે છે. આ પદ્ધતિઓ આત્મ-ચિંતનને પ્રોત્સાહન આપે છે, વિદ્યાર્થીઓને તેમના અધ્યયન અનુભવો વિશે તેમના વિચારો અને લાગણીઓ વ્યક્ત કરવાની મંજૂરી આપે છે. વ્યક્તિગત આંતરદૃષ્ટિ માટે જગ્યા પૂરી પાડીને, ગુણાત્મક કસોટી મેળવેલ જ્ઞાન પર માલિકીની ભાવનાને પ્રોત્સાહન આપે છે, જે પ્રેરણાને વેગ આપી શકે છે.

2. **વ્યક્તિગત પ્રતિભાવ:** ગુણાત્મક કસોટી ઘણીવાર વિગતવાર પ્રતિભાવ આપે છે જે વ્યક્તિગત વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવે છે. આ વ્યક્તિગત અભિગમ વિદ્યાર્થીઓને તેમની શક્તિઓ અને સુધારણા માટેના ક્ષેત્રોને સમજવામાં મદદ કરે છે, જેનાથી તેઓ પોતે મૂલ્યવાન અને સમર્થિત હોવાનું અનુભવે છે. જ્યારે વિદ્યાર્થીઓને તેમના અનન્ય અનુભવો સાથે પડઘો પાડતો રચનાત્મક પ્રતિભાવ મળે છે, ત્યારે તેઓ તેમની અધ્યયન યાત્રા માટે પ્રેરિત અને પ્રતિબદ્ધ રહેશે, તેની શક્યતા વધુ હોય છે.

3. **વિવેચનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન:** ગુણાત્મક કસોટી વિવેચનાત્મક વિચારસરણી અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે. જ્યારે વિદ્યાર્થીઓને તેમના અધ્યયનનું વિશ્લેષણ, સંશ્લેષણ અથવા આત્મ-ચિંતન કરવાનું કહેવામાં આવે છે, ત્યારે તેઓ ઊંડા જ્ઞાનાત્મક કૌશલ્યો વિકસાવે છે. આ પ્રક્રિયા વિષયવસ્તુની વધુ સારી સમજણ તરફ દોરી શકે છે, કારણ કે વિદ્યાર્થીઓ સંલગ્ન બાબતો સાથે જોડાણો બનાવવાનું અને સંકલ્પનાઓ વિશે વિવેચનાત્મક રીતે વિચારવાનું શીખે છે.

**માત્રાત્મક કસોટી**

1. **સ્પષ્ટ અપેક્ષાઓ અને જવાબદારી:** પ્રમાણભૂત પરીક્ષણો અને ક્વિઝ જેવી માત્રાત્મક કસોટીઓ, વિદ્યાર્થીઓના પ્રદર્શન માટે સ્પષ્ટ માપદંડ પૂરા પાડે છે. જ્યારે વિદ્યાર્થીઓ જાણે છે કે તેમની પાસેથી શું અપેક્ષા રાખવામાં આવે છે અને તેઓ સ્થાપિત ધારાધોરણો સામે તે કેવી રીતે માપે છે તે જોઈ શકે છે, ત્યારે તેમનામાં જવાબદારીની ભાવના જાગી શકે છે. આ સ્પષ્ટતા ઘણીવાર વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા અને તૈયારી કરવા માટે પ્રેરિત કરે છે, કારણ કે તેઓ ચોક્કસ કૌશલ્યો અને જ્ઞાનથી વાકેફ હોય છે જે તેમણે દર્શાવવા જરૂરી છે.

2. **તાત્કાલિક પ્રતિભાવ અને પ્રગતિનું ટ્રેકિંગ:** માત્રાત્મક કસોટી ઝડપી પરિણામો આપે છે જેનાથી વિદ્યાર્થીઓ સમય જતાં તેમની પ્રગતિને ટ્રેક કરી શકે છે. તેમના સ્કોર જાણવાથી વિદ્યાર્થીઓને સુધારો કરવા અને ઉચ્ચ સિદ્ધિ માટે પ્રયત્ન કરવા માટે પ્રેરિત કરી શકાય છે. વધુમાં, જ્યારે વિદ્યાર્થીઓ તેમની પ્રગતિના મૂર્ત પુરાવા જુએ છે, ત્યારે તે તેમની ક્ષમતાઓમાં તેમની માન્યતાને મજબૂત બનાવે છે અને સતત પ્રયાસોને પ્રોત્સાહન આપે છે.

3. **માપી શકાય તેવા પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરો:** જ્યારે માત્રાત્મક કસોટી વિદ્યાર્થીઓના પ્રદર્શન પર મૂલ્યવાન ડેટા આપે છે, ત્યારે તે ક્યારેક ગ્રેડ અને પરીક્ષણ સ્કોર પર સંકુચિત ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. માપી શકાય તેવા પરિણામો પર આ ભાર કેટલાક વિદ્યાર્થીઓને વાસ્તવિક સમજણ કરતાં ગોખણપટ્ટીથી યાદ રાખવાને પ્રાથમિકતા આપવાનું કારણ બની શકે છે. જો વિદ્યાર્થીઓ ઉચ્ચ સ્કોર મેળવવા માટે વધુ પડતા ચિંતિત હોય, તો તેઓ અધ્યયન પ્રક્રિયાથી ચિંતિત બનીને દૂર જઈ શકે છે.

**ગુણાત્મક અને માત્રાત્મક કસોટીના પડકારો અને મર્યાદાઓ**

ગુણાત્મક અને માત્રાત્મક કસોટી, બંને તેમના પોતાના પડકારો અને મર્યાદાઓ સાથે આવે છે જેનો શિક્ષકોએ વિદ્યાર્થીઓના અધ્યયનનું અસરકારક મૂલ્યાંકન કરવા માટે સામનો કરવો જ જોઇએ. સંતુલિત મૂલ્યાંકન વ્યૂહરચના બનાવવા માટે આ મુશ્કેલીઓને સમજવી જરૂરી છે.

**ગુણાત્મક કસોટીઓ**

- **વ્યક્તિલક્ષીતા અને પૂર્વગ્રહ (Subjectivity and Bias):** પરિણામો મૂલ્યાંકનકારના દ્રષ્ટિકોણ પર આધાર રાખે છે, જે સંભવિત પૂર્વગ્રહો તરફ દોરી જાય છે.
- **સમય-સઘન (Time-Intensive:):** ઇન્ટરવ્યુ અને કેન્દ્રિત જૂથો જેવા ડેટા એકત્રિત કરવા અને વિશ્લેષણ કરવા માટે નોંધપાત્ર પ્રયત્નોની જરૂર પડે છે.
- **મર્યાદિત સામાન્યીકરણ (Limited Generalizability):** તારણો ઘણીવાર સંદર્ભ-વિશિષ્ટ હોય છે અને વ્યાપકપણે લાગુ કરવા મુશ્કેલ હોય છે.

**માત્રાત્મક કસોટીઓ**

- **ઊંડાણનો અભાવ:** સંખ્યાત્મક ડેટા ઘણીવાર લાગણીઓ, વર્તણૂકો અથવા પ્રેરણાઓને પકડવામાં નિષ્ફળ જાય છે.
- **પ્રતિભાવોમાં કઠોરતા:** એક નિશ્ચિત ફોર્મેટ સૂક્ષ્મ અથવા અનન્ય (nuanced or unique) જવાબોને સમાવી શકતા નથી.
- **ડેટાનું ખોટું અર્થઘટન:** સહસંબંધ (Correlation)ને ઘણીવાર કારણભૂત માનીને ભૂલ કરવામાં આવે છે, જેના કારણે ખામીયુક્ત નિષ્કર્ષ આવે છે.

## પ્રવૃત્તિઓ

**પ્રવૃત્તિ 1:** સર્વગ્રાહી ફિટનેસ કસોટી

**પ્રક્રિયા:**

- નાના જૂથો બનાવો (દરેકમાં 4-5 વિદ્યાર્થીઓ).
- દરેક જૂથને નીચેના આધારે અલગ અલગ ફિટનેસ પરીક્ષણો (દા.ત., એરોબિક ક્ષમતા, સુગમતા, શક્તિ) સોંપો:
    a) એરોબિક ક્ષમતા (Aerobic Capacity): બીપ ટેસ્ટ (વ્યક્તિની રક્તવાહિનીની સહનશક્તિ અને મહત્તમ ઓક્સિજન શોષણ ($VO_2$ મહત્તમ) માપવા માટે રચાયેલ એક લોકપ્રિય શારીરિક તંદુરસ્તી માપન કસોટી).
    b) સુગમતા (Flexibility): બેસો અને પહોંચો પરીક્ષણ (Sit and Reach Test)
    c) શક્તિ (Strength): પુશ-અપ્સ અથવા સિટ-અપ્સ
- દરેક જૂથ યોગ્ય ટેકનીકની ખાતરી કરીને તેમના સોંપેલ પરીક્ષણો કરશે. ઇનપુટ શીટ્સ પર પરિણામો લખવા માટે એક સભ્યને રેકોર્ડર તરીકે નિયુક્ત કરો.
- દરેક વિદ્યાર્થીને તેમના જૂથમાં પરીક્ષણો પૂર્ણ કરવા માટે સમય આપો, જરૂર મુજબ ભૂમિકાઓ બદલવી.
- પરીક્ષણ પછી, જૂથો તેમના પરિણામોનું વિશ્લેષણ કરશે, જૂથની અંદર શક્તિઓ અને નબળાઈઓની ચર્ચા કરશે.
- વયજૂથ મુજબના બેન્ચમાર્ક સામે પરિણામોની તુલના કરવા માટે માનક ડેટા કોષ્ટકોનો ઉપયોગ કરો.

- દરેક વિદ્યાર્થી તેમના કસોટી પરિણામોના આધારે એક વ્યક્તિગત ફિટનેસ યોજના બનાવશે, જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:
  a) સુધારણા માટેના લક્ષ્યો (ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના)
  b) જે ક્ષેત્રમાં નબળા હોય તેને લક્ષ્યમાં રાખીને ચોક્કસ કસરતો અને દિનચર્યાઓ
- દરેક જૂથ તેમના તારણો અને ફિટનેસ યોજનાઓ વર્ગ સમક્ષ રજૂ કરે છે, તેઓ શું શીખ્યા અને તેઓ કેવી રીતે સુધારો કરવાની યોજના ધરાવે છે તેની ચર્ચા કરે છે.

**પ્રવૃત્તિ 2: પીઅર સમીક્ષા સાથે સહયોગી સંશોધન પ્રોજેક્ટ**

**પ્રક્રિયા:**
- 4-5 વિદ્યાર્થીઓના નાના જૂથો બનાવો.
- દરેક જૂથ વિષય ક્ષેત્ર (દા.ત., પર્યાવરણીય મુદ્દાઓ, સામાજિક ન્યાય અને ઐતિહાસિક ઘટનાઓ) સંબંધિત એક વિષય પસંદ કરશે.
- દરેક જૂથ વિવિધ સ્રોતો (દા.ત., ઇન્ટરવ્યુ, લેખો, દસ્તાવેજી ફિલ્મ) માંથી ગુણાત્મક ડેટા એકત્રિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને તેમના વિષય પર સંશોધન કરશે.
- વિવિધ દ્રષ્ટિકોણ મેળવવા માટે ઓછામાં ઓછા બે વ્યક્તિઓ (સહાધ્યાયીઓ, શિક્ષકો અથવા પરિવારના સભ્યો) ની મુલાકાત લેશે.
- જૂથો તેમના તારણોનું વિશ્લેષણ કરશે, અને તેમનામાં રહેલ સામાન્ય વિષય-વસ્તુ અને આંતરદૃષ્ટિની ઓળખ કરશે.
- તેમના પ્રેઝન્ટેશન પૂર્ણ કર્યા પછી, જૂથો સહાધ્યાયી સમીક્ષા માટે બીજા જૂથ સાથે તેમના કાર્યની અદલાબદલી કરશે, સામગ્રી અને સ્પષ્ટતા પર રચનાત્મક પ્રતિભાવ આપશે.
- દરેક જૂથ તેમના સંશોધનનાં તારણો વર્ગ સમક્ષ રજૂ કરશે, તેમના ગુણાત્મક ડેટામાંથી કાઢવામાં આવેલા મુખ્ય આંતરદૃષ્ટિ અને નિષ્કર્ષો જણાવશે.

## તમારી પ્રગતિ તપાસો

**A. બહુવિધ વિકલ્પ પસંદગીના પ્રશ્નો**

1. ગુણાત્મક કસોટીનું મુખ્ય કેન્દ્ર શું છે?

   a) વિદ્યાર્થીઓના પ્રદર્શનને માપવા માટે સંખ્યાત્મક ડેટા
   b) પ્રમાણભૂત પરીક્ષણોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓની પ્રગતિનું નિરીક્ષણ
   c) વિદ્યાર્થીઓના અધ્યયન અને અનુભવોને સમજવા માટે વર્ણનાત્મક મૂલ્યાંકન
   d) પ્રમાણભૂત કસોટીઓ સાથે એકંદર શૈક્ષણિક પ્રગતિને ટ્રેક કરવી

2. નીચેનામાંથી કઈ પદ્ધતિ માત્રાત્મક કસોટીમાં વપરાતી પદ્ધતિ છે?

   a) ઇન્ટરવ્યુ
   b) કેન્દ્રિત જૂથો
   c) બહુવિધ વિકલ્પ પસંદગીના પ્રશ્નો
   d) જર્નલ્સ

3. ગુણાત્મક કસોટી માટેના પગલાંમાં, કયા તબક્કામાં ચેકલિસ્ટ અથવા ઇન્ટરવ્યુ પ્રશ્નો જેવા સાધનો બનાવવાનો સમાવેશ થાય છે?

a) પદ્ધતિઓ પસંદ કરો
b) ડેટાનું વિશ્લેષણ કરો
c) ટૂલ્સ વિકસાવો
d) પ્રતિભાવ આપો

4. વિદ્યાર્થીની એરોબિક ક્ષમતા માપવા માટે સામાન્ય રીતે કયા પરીક્ષણનો ઉપયોગ થાય છે?

a) 30-મીટર સ્પ્રિન્ટ
b) બેસો અને પહોંચો પરીક્ષણ (Sit and reach test)
c) બીપ ટેસ્ટ
d) કર્લ-અપ્સ

5. ગુણાત્મક અને માત્રાત્મક બંને કસોટીઓને જોડવાનો મુખ્ય ફાયદો શું છે?

a) વ્યક્તિલક્ષી આંતરદૃષ્ટિ અને માપી શકાય તેવા પ્રદર્શન વચ્ચે સંતુલન પૂરું પાડે છે
b) ઝડપી ડેટા સંગ્રહ માટે પરવાનગી આપે છે
c) પ્રતિભાવ લેવાની જરૂરિયાત ઘટાડે છે
d) ફક્ત પ્રમાણભૂત પરીક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## સત્ર 3: કસોટી (Assessment) અને મૂલ્યાંકન (Evaluation) નું આયોજન

**કસોટી** એ વ્યક્તિના પ્રદર્શન, જ્ઞાન, કૌશલ્યો અથવા જરૂરિયાતોને સમજવા માટે માહિતી એકત્રિત કરવાની, વિશ્લેષણ કરવાની અને અર્થઘટન કરવાની પ્રક્રિયાનો સંદર્ભ આપે છે. તે ઔપચારિક (ટેસ્ટ અને પરીક્ષાઓ જેવી) અથવા અનૌપચારિક (અવલોકનો અને ચર્ચાઓ જેવી) હોઈ શકે છે અને ઘણીવાર શૈક્ષણિક વ્યવસ્થામાં વિદ્યાર્થીઓની સમજણ માપવા માટે અથવા વ્યવસાયિક સંદર્ભોમાં કર્મચારીના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા માટે ઉપયોગમાં લેવાય છે.

**બીજી બાજુ**, મૂલ્યાંકનમાં મૂલ્યાંકન ડેટાના આધારે કોઈ વસ્તુની ગુણવત્તા અથવા મૂલ્ય વિશે નિર્ણયો લેવાનો સમાવેશ થાય છે. તેમાં સામાન્ય રીતે કાર્યક્રમ, પ્રોજેક્ટ અથવા પ્રદર્શનની અસરકારકતા, મહત્વ અથવા મૂલ્ય નક્કી કરવાનો સમાવેશ થાય છે. મૂલ્યાંકનનો ઉપયોગ ઘણીવાર કસોટીમાંથી મળેલા તારણોના આધારે નિર્ણયો લેવાની અને પદ્ધતિઓને સુધારવા માટે થાય છે.

કસોટી અને મૂલ્યાંકન શૈક્ષણિક પ્રક્રિયાની ચાવી છે. કસોટી વિદ્યાર્થીઓના શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, પ્રતિભાવ આપે છે જે અધ્યાપન માટે માર્ગદર્શન આપે છે અને સુધારણા માટેના ક્ષેત્રોને ઓળખે છે. બીજી બાજુ, મૂલ્યાંકન શૈક્ષણિક કાર્યક્રમોની એકંદર અસરકારકતાને માપે છે અને વિદ્યાર્થીઓ અને સંસ્થાઓને પરિણામો માટે જવાબદાર બનાવે છે. બંને શિક્ષણને વધારવા, નિર્ણયોની માહિતી આપવા અને ધારાધોરણો પૂર્ણ થાય છે તેની ખાતરી કરવા માટે જરૂરી છે. રચનાત્મક વિરુદ્ધ સત્રાંત મૂલ્યાંકન અને ગુણાત્મક વિરુદ્ધ માત્રાત્મક પદ્ધતિઓને સમજવાથી શિક્ષકોને વધુ અસરકારક શૈક્ષણિક વાતાવરણ બનાવવામાં મદદ મળે છે જે સતત સુધારણા અને વિદ્યાર્થીની સફળતાને સમર્થન આપે છે.

**શારીરિક શિક્ષણમાં કસોટી અને મૂલ્યાંકન**

વિદ્યાર્થીની પ્રગતિ, કૌશલ્ય વિકાસ અને સંલગ્નતાને માપવા માટે શારીરિક શિક્ષણમાં કસોટી અને મૂલ્યાંકન આવશ્યક છે. કસરતથી લઈને રમતો અને પડકાર-આધારિત કાર્યો સુધીની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરીને, શિક્ષકો દરેક વિદ્યાર્થીની શક્તિઓ અને સુધારણા માટેના ક્ષેત્રોની વ્યાપક સમજ મેળવે છે, જેને અનુરૂપ વ્યૂહરચનાઓની સૂચનાત્મક માહિતી આપે છે.

**કસોટી અને મૂલ્યાંકનનો હેતુ**

1. **કૌશલ્ય વિકાસ:** ચોક્કસ શારીરિક કૌશલ્યોને ઓળખવા અને વધારવા માટે, વિદ્યાર્થીઓ વિકાસલક્ષી સીમાચિહ્નો પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવા માટે.
2. **સંલગ્નતા (Engagement:):** એક સકારાત્મક શૈક્ષણિક વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે કે જ્યાં વિદ્યાર્થીઓ ભાગ લેવા અને શારીરિક કૌશલ્યોમાં સુધારો કરવા માટે પ્રેરિત થાય.
3. **પ્રતિભાવ:** સમયસર અને રચનાત્મક પ્રતિભાવ આપવા માટે કે જે વિદ્યાર્થીઓને તેમની અધ્યયન યાત્રામાં માર્ગદર્શન આપે છે.
4. **અભ્યાસક્રમ સુધારણા:** અધ્યાપન વ્યૂહરચનાઓની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા અને વિદ્યાર્થીઓના પ્રદર્શનના આધારે તેમને સુધારવા માટે.

**કસોટી માટેનું માળખું (Framework for Assessment)**

કસોટી લેવાની પ્રક્રિયાને ચાર મુખ્ય ક્ષેત્રોમાં ગોઠવી શકાય છે:

1. **સ્થિર કવાયતો:** મૂળભૂત કૌશલ્યો અને પાયાના જ્ઞાનનું મૂલ્યાંકન કરવા માટે.

**અમલીકરણ:**

a) મૂળભૂત કૌશલ્યોનો પરિચય આપો (દા.ત., બાસ્કેટબોલ ડ્રિબલ કરવો, સોકર બોલ પસાર કરવો).
b) કસોટી માટે સ્પષ્ટ માપદંડોનો ઉપયોગ કરો (દા.ત., ચોકસાઈ, ટેકનીક).
c) વ્યક્તિગત પ્રદર્શન રેકોર્ડ કરો અને તાત્કાલિક પ્રતિભાવ આપો.

**ઉદાહરણ:** બાસ્કેટબોલ શૂટિંગ ડ્રીલ સેટ કરો જ્યાં વિદ્યાર્થીઓ નિયુક્ત સ્થળોએથી શોટ લે અને સફળ પ્રયાસોને ટ્રેક કરે.

2. **ગતિશીલ કવાયતો:** વધુ તરલ અને રમત જેવા સંદર્ભમાં કૌશલ્યોનું મૂલ્યાંકન કરવા માટે.

**અમલીકરણ:**

a) વિદ્યાર્થીઓના પ્રદર્શનના આધારે જટિલતા વધારો (દા.ત., હલનચલન, ડિફેન્ડર્સ અથવા સમય મર્યાદાઓ ઉમેરો).
b) વિદ્યાર્થીઓને વિવિધ પરિસ્થિતિઓમાં શીખેલા કૌશલ્યો લાગુ કરવા પ્રોત્સાહિત કરો.
c) સમય જતાં પ્રગતિનું અવલોકન કરો અને રેકોર્ડ કરો.

**ઉદાહરણ:** સ્થિર પાસિંગ ડ્રીલમાંથી 3-ઓન-3 સ્ક્રિમેજમાં રૂપાંતર, જ્યાં વિદ્યાર્થીઓએ દબાણ હેઠળ પાસિંગનો ઉપયોગ કરવો આવશ્યક છે.

3. **સરળ રમતો:** સ્પર્ધાત્મક વાતાવરણમાં ટીમવર્ક, વ્યૂહરચના અને કૌશલ્યના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે.

**અમલીકરણ:**

a) ચોક્કસ કૌશલ્યો અથવા સંકલ્પના પર ધ્યાન કેન્દ્રિત કરતી નાની-બાજુની રમતોનું આયોજન કરો.

b) ટીમવર્ક, કોમ્યુનિકેશન અને કૌશલ્યના ઉપયોગનું મૂલ્યાંકન કરવા માટે આ રમતોનો ઉપયોગ એસેસમેન્ટ ટૂલ્સ તરીકે કરો.

**ઉદાહરણ**: ટીમો સાથે એક મીની ફૂટબોલ ટુર્નામેન્ટ, જેમાં ડ્રિબલિંગ, પાસિંગ અને શૂટિંગ કૌશલ્ય લાગુ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

4. સાહસિક / પડકારજનક પ્રવૃત્તિઓ: અજાણી પરિસ્થિતિઓમાં વિદ્યાર્થીઓની અનુકૂલનક્ષમતા, સમસ્યાનું નિરાકરણ અને ટીમવર્કનું મૂલ્યાંકન કરવું.

**અમલીકરણ**:

a) એવી પ્રવૃત્તિઓ બનાવો જેમાં સહયોગ અને વિવેચનાત્મક વિચારસરણીની જરૂર હોય (દા.ત., અવરોધ સંબંધિત અભ્યાસક્રમો, ટીમ-નિર્માણની કસરતો).

b) પ્રવૃત્તિ પછી, સમજણ અને શીખેલા કૌશલ્યોનું મૂલ્યાંકન કરવા માટે આત્મ-ચિંતન કસોટીનો ઉપયોગ કરો.

**ઉદાહરણ**: એક દોરડાનો કોર્સ (ropes course) જ્યાં વિદ્યાર્થીઓએ પડકારોને નેવિગેટ કરવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ, ત્યારબાદ ઉપયોગમાં લેવાતી વ્યૂહરચનાઓ અને શીખેલા પાઠ પર ચર્ચા કરવી જોઈએ.

**મૂલ્યાંકન માટેનું માળખું (Framework for Evaluations)**

1. **મૂલ્યાંકનનો હેતુ**: મૂલ્યાંકનના ઉદ્દેશ્યો વ્યાખ્યાયિત કરો (દા.ત., વિદ્યાર્થી શિક્ષણ, કાર્યક્રમની અસરકારકતા, શિક્ષક કામગીરીનું મૂલ્યાંકન).
2. **મૂલ્યાંકન માપદંડ**: અધ્યયન ઉદ્દેશ્યોના આધારે સફળતા માટે સ્પષ્ટ, માપી શકાય તેવા માપદંડો સ્થાપિત કરો. કામગીરીનું વ્યાપક મૂલ્યાંકન કરવા માટે વિવિધ સૂચકાંકો (દા.ત., જ્ઞાન, કૌશલ્યો, વલણ) નો ઉપયોગ કરો.
3. **મૂલ્યાંકનની પદ્ધતિઓ**: યોગ્ય મૂલ્યાંકન પદ્ધતિઓ પસંદ કરો (દા.ત., રચનાત્મક, સત્રાંત, નિદાનાત્મક). પરીક્ષણો, અવલોકનો, પોર્ટફોલિયો અને સ્વ-મૂલ્યાંકન જેવા ગુણાત્મક અને માત્રાત્મક અભિગમોના મિશ્રણનો સમાવેશ કરો.
4. **ડેટા સંગ્રહ**: ટૂલ્સ અને સમયરેખા સહિત ડેટા એકત્રિત કરવા માટે એક યોજના વિકસાવો. ખાતરી કરો કે ડેટા સંગ્રહ પદ્ધતિઓ માન્ય, વિશ્વસનીય અને નૈતિક હોય.
5. **વિશ્લેષણ અને અર્થઘટન**: વલણો, શક્તિઓ અને સુધારણા માટેના ક્ષેત્રોને ઓળખવા માટે એકત્રિત ડેટાનું વિશ્લેષણ કરો. મૂલ્યાંકન માટેના માપદંડ અને ઉદ્દેશ્યોના સંદર્ભમાં એકંદર પરિણામોનું અર્થઘટન કરો.
6. **પ્રતિભાવ અને રિપોર્ટિંગ**: મૂલ્યાંકનના તારણોના આધારે સ્પષ્ટ, કાર્યક્ષમ પ્રતિભાવ આપો. પારદર્શિતા અને સંલગ્નતાને પ્રોત્સાહન આપવા માટે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો સહિત સંબંધિત હિત્ધારકોને પરિણામો જણાવો.
7. **કાર્ય આયોજન**: ઓળખાયેલી જરૂરિયાતોને સંબોધવા માટે મૂલ્યાંકન પરિણામોના આધારે કાર્ય યોજના વિકસાવો. સુધારણા માટે ચોક્કસ લક્ષ્યો નક્કી કરો અને તેમને પ્રાપ્ત કરવા માટે વ્યૂહરચનાઓની રૂપરેખા આપો.
8. **સતત સુધારો**: સમય સાથે પદ્ધતિઓમાં સુધારા અને અનુકૂલન માટે સતત મૂલ્યાંકન અને આત્મ-ચિંતન માટે એક પ્રક્રિયા સ્થાપિત કરો. શૈક્ષણિક વાતાવરણમાં સતત અધ્યયન અને વિકાસની સંસ્કૃતિને પ્રોત્સાહન આપો.

**શારીરિક શિક્ષણમાં કસોટી અને મૂલ્યાંકનનું મહત્વ શારીરિક શિક્ષણમાં**

કસોટી અને મૂલ્યાંકન **(કોષ્ટક 1.9)** ઘણા બધા કારણોથી મહત્વપૂર્ણ છે.

કોષ્ટક 1.9 કસોટી અને મૂલ્યાંકન

| હેતુ | વર્ણન |
|---|---|
| ઉન્નત અધ્યયન નિષ્પત્તિઓ | નિયમિત કસોટી, શક્તિઓ અને નબળાઈઓને ઓળખે છે, જેનાથી કૌશલ્ય વિકાસ અને શારીરિક શિક્ષણમાં મદદ કરતી વ્યક્તિગત સૂચના મળે છે. |
| પ્રેરણા અને સંલગ્નતા | સ્પષ્ટ ધ્યેયો અને કસોટીમાંથી મળેલ તાત્કાલિક પ્રતિભાવ વિદ્યાર્થીઓને તેમણે મેળવેલ જ્ઞાનની માલિકી લેવા પ્રોત્સાહિત કરે છે, ફિટનેસ પ્રત્યે સકારાત્મક વલણ કેળવે છે. |
| કૌશલ્ય વર્ધન | પ્રગતિને ટ્રેક કરવાથી સમય જતાં કૌશલ્ય સુધારણાનું નિરીક્ષણ કરવામાં મદદ મળે છે, પડકારોનો યોગ્ય રીતે સામનો સુનિશ્ચિત થાય છે અને વિદ્યાર્થીઓની પોતાની ગતિએ વિકાસને પ્રોત્સાહન મળે છે. |
| માહિતગાર અધ્યાપન | કસોટીના પરિણામો અધ્યાપન પદ્ધતિઓ અને અભ્યાસક્રમની અસરકારકતામાં આંતરદૃષ્ટિ આપે છે, જે શિક્ષકોને વ્યૂહરચનાઓ ગોઠવવા સક્ષમ બનાવે છે. |
| સામાજિક અને ભાવનાત્મક વિકાસ | કસોટીઓ, ખાસ કરીને ટીમ પ્રવૃત્તિઓમાં, સહયોગ, કોમ્યુનિકેશન અને સમસ્યાનું નિરાકરણ લાવવા માટે પ્રોત્સાહન આપે છે, જે વિદ્યાર્થીઓના સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં ફાળો આપે છે. |
| આજીવન કૌશલ્યો | કસોટી પર ભાર મૂકવાથી જવાબદારી અને ધ્યેય-નિર્માણને પ્રોત્સાહન મળે છે, જે શાળા ઉપરાંત ઘરે પણ શારીરિક પ્રવૃત્તિ અને સ્વાસ્થ્ય પ્રત્યે પ્રતિબદ્ધતાને પ્રોત્સાહન આપે છે. |

**કસોટી (Assessment) વ્યૂહરચનાઓ**

- **અવલોકન:** પ્રવૃત્તિઓ દરમિયાન વિદ્યાર્થીઓનું નિયમિતપણે નિરીક્ષણ કરો જેથી તેમનું કૌશલ્ય સ્તર, સુધારણા અને વિકાસ માટેના ક્ષેત્રો નોંધી શકાય.
- **સ્વ-મૂલ્યાંકન:** વિદ્યાર્થીઓને તેમના પોતાના પ્રદર્શન પર ચિંતન કરવા અને સુધારણા માટે લક્ષ્યો નક્કી કરવા પ્રોત્સાહિત કરો.
- **સહાધ્યાયી દ્વારા મૂલ્યાંકન:** એકબીજા પાસેથી સહયોગથી શીખવા માટે સહાધ્યાયી પ્રતિભાવનો સમાવેશ કરો.
- **પ્રગતિનું ટ્રેકિંગ:** સમય જતાં સુધારાને ટ્રેક કરવા માટે રૂબ્રિકનો ઉપયોગ કરો, વિદ્યાર્થીઓ આગળ વધે તેમ કાર્યોની જટિલતાને સમાયોજિત કરો.

**મૂલ્યાંકન (Evaluation) વ્યૂહરચનાઓ**

- **રચનાત્મક મૂલ્યાંકન:** કાર્યક્રમના વિકાસ અથવા અમલીકરણ દરમિયાન સુધારણા માટે પ્રતિભાવ આપવા માટે હાથ ધરવામાં આવે છે.
  **ઉદાહરણ:** અધ્યાપન સામગ્રીના ડ્રાફ્ટ્સને અંતિમ સ્વરૂપ આપતા પહેલા તેને સુધારવા માટે સમીક્ષા કરવી.
- **સત્રાંત મૂલ્યાંકન:** કાર્યક્રમના અંતે તેની એકંદર અસરકારકતા નક્કી કરવા માટે કરવામાં આવે છે.
  **ઉદાહરણ:** અંતિમ પરીક્ષાઓ અથવા પ્રોજેક્ટ્સ દ્વારા વિદ્યાર્થીઓના પ્રદર્શનનું મૂલ્યાંકન.
- **પ્રક્રિયા મૂલ્યાંકન:** અમલીકરણ દરમિયાન આયોજન મુજબ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે તેની ખાતરી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
  **ઉદાહરણ:** વર્કશોપમાં હાજરી અને સંલગ્નતા (engagement) નું નિરીક્ષણ કરવું.
- **પરિણામ મૂલ્યાંકન:** સહભાગીઓ અથવા હિતધારકો કાર્યક્રમના પરિણામો અથવા અસરને માપે છે.

ઉદાહરણ: નવી અધ્યાપન પદ્ધતિ રજૂ કર્યા પછી વિદ્યાર્થીઓના પરીક્ષાના સ્કોરમાં થયેલા સુધારાનું મૂલ્યાંકન.

- **અસર મૂલ્યાંકન:** તાત્કાલિક પરિણામો ઉપરાંત લાંબા ગાળાના ફેરફારો અથવા વ્યાપક અસરોનું મૂલ્યાંકન કરે છે.
  **ઉદાહરણ:** તાલીમ કાર્યક્રમ સમય જતાં સ્નાતકોની કારકિર્દીની સંભાવનાઓને કેવી રીતે વધારે છે તેનું પરીક્ષણ કરવું.
- **નિદાન મૂલ્યાંકન:** કાર્યક્રમ શરૂ કરતા પહેલા શક્તિઓ, નબળાઈઓ અને સુધારણા માટેના ક્ષેત્રોને ઓળખે છે.
  **ઉદાહરણ:** નવો વિષય શીખવતા પહેલા વિદ્યાર્થીઓના પૂર્વ જ્ઞાનનું મૂલ્યાંકન કરવા માટે પૂર્વ-પરીક્ષણ કરવું.
- **તુલનાત્મક મૂલ્યાંકન:** સૌથી અસરકારકની ઓળખ કરવા માટે વિવિધ કાર્યક્રમો, પદ્ધતિઓ અથવા વ્યૂહરચનાઓની તુલના કરવી.
  **ઉદાહરણ:** ઓનલાઇન વિરુદ્ધ વર્ગખંડ શિક્ષણની અસરકારકતાનું વિશ્લેષણ કરવું.

## પ્રવૃત્તિઓ

**પ્રવૃત્તિ 1:** ટીમ ચેલેન્જ ઇવેન્ટ (Team challenge event)

**જરૂરી સામગ્રી:** શંકુ, દંડૂકો, દોરડા, ટાયર, હુલા હૂપ્સ, આંખ પર બાંધવાની પટ્ટી (blindfolds), સ્ટોપવોચ, વોકી-ટોકી, પઝલ પીસ, બોલ, કાગળ, પેન્સિલ.

**પ્રક્રિયા:**

- 5-6 વિદ્યાર્થીઓની નાની ટીમો બનાવો. દરેક ટીમ શારીરિક પડકારોની શ્રેણીમાં સ્પર્ધા કરશે જેમાં તેમને વિવિધ કૌશલ્યો (દા.ત., રિલે રેસ, ઓબ્સટેકલ કોર્સ અને કો.ઓપરેટીવ ગેમ્સ) નો ઉપયોગ કરવાની જરૂર પડશે.
- વિવિધ પડકારો સાથેનાં 3-4 કેન્દ્રો ડિઝાઇન કરો, દરેક કેન્દ્ર વિવિધ કૌશલ્યો (દા.ત., ચપળતા, સંકલન અને કોમ્યુનિકેશન) પર ધ્યાન કેન્દ્રિત કરશે. દરેક પડકારમાં ચોક્કસ ભૂમિકાઓ સામેલ કરો (દા.ત., દોડવીરો, વ્યૂહરચનાકારો).
- સમસ્યાનું નિરાકરણ કરવામાં ટીમનું પ્રદર્શન, ટીમવર્ક અને સર્જનાત્મકતાના આધારે સ્કોરિંગ સિસ્ટમ બનાવો. ટીમો પડકારો પૂર્ણ કરવા અને સહયોગથી કામ કરવા બદલ પોઈન્ટ મેળવી શકે છે.
- પડકારો પૂર્ણ કર્યા પછી, ટીમોને સંક્ષિપ્તમાં સારાંશ આપવા માટે એકત્રિત કરો. દરેક ટીમ ચર્ચા કરે છે કે કઈ વ્યૂહરચનાઓ સારી રીતે કામ કરી, કઈ ન કરી, અને પડકારોનો સામનો કરતી વખતે તેઓએ કેવી રીતે વાતચીત કરી.
- દરેક વિદ્યાર્થી ટીમમાં તેમની ભૂમિકા, ટીમવર્ક વિશે શું શીખ્યા અને ભવિષ્યની પ્રવૃત્તિઓમાં આ પાઠ કેવી રીતે લાગુ કરી શકે છે તેના પર ટૂંકું આત્મ-ચિંતન લખે છે.

## તમારી પ્રગતિ તપાસો

**A. બહુવિધ વિકલ્પ પસંદગીના પ્રશ્નો**

1. શારીરિક શિક્ષણમાં મૂલ્યાંકનનો મુખ્ય હેતુ શું છે?

a) પ્રોગ્રામની એકંદર સફળતાનું મૂલ્યાંકન કરવા માટે
b) વિદ્યાર્થીઓ કેટલી સારી રીતે શીખી રહ્યાં છે અને તેમના કૌશલ્યોમાં સુધારો કરી રહ્યાં છે
c) તમારે માટે પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા
d) વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ પર કેટલો સમય વિતાવે છે તે ટ્રેક કરવા માટે

2. શારીરિક શિક્ષણ અંતર્ગત આમાંથી સ્થિર કવાયતનું ઉદાહરણ કયું છે?

a) યોગ્ય જગ્યાએ ઉભા રહીને બાસ્કેટ બોલ શુટિંગ કવાયત
b) ટીમ-આધારિત ફૂટબોલ મેચ
c) દોરડાના કોર્સની કાર્યપ્રવૃત્તિ
d) 3-ઓન-3 બાસ્કેટબોલ રમત

3. શારીરિક શિક્ષણમાં સક્રિય કવાયતોનો હેતુ શું છે?

a) સરળ, હલન –ચલન વગર કૌશલ્યોનો મહાવરો કરવો
b) રમતો જેવી વાસ્તવિક સ્થિતિ માટે કૌશલ્યોનું મૂલ્યાંકન કરવું
c) ફક્ત શારીરિક સ્વસ્થતાનું પરીક્ષણ કરવા માટે
d) ફક્ત ટીમવર્ક અને કોમ્યુનિકેશન પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે

4. શારીરિક શિક્ષણમાં મૂલ્યાંકન દરમિયાન વિદ્યાર્થીઓને કેવી રીતે પ્રતિભાવ આપી શકાય?

a) ફક્ત કાગળ પર ગ્રેડ લખીને
b) વિદ્યાર્થીઓનું અવલોકન કરીને પ્રવૃત્તિ પૂર્ણ કર્યા પછી જ પ્રતિભાવ આપો
c) પ્રતિભાવ ન આપીને
d) ફક્ત સહાધ્યાયી મૂલ્યાંકનનો ઉપયોગ કરીને

5. શારીરિક શિક્ષણ કસોટી અને મૂલ્યાંકન શા માટે મહત્વપૂર્ણ છે?

a) પ્રવૃત્તિઓને વધુ કઠીન બનાવવા માટે
b) વિદ્યાર્થીઓને તેમની પ્રગતિ ટ્રૅક કરવામાં અને તેમની ગતિમાં મદદ કરવા
c) પ્રવૃત્તિઓની સંખ્યા મર્યાદિત કરવા માટે
d) ફક્ત શારીરિક શક્તિઓનું મૂલ્યાંકન કરવા

## સત્ર 4: વાલીઓ સાથે ઈન્ટરેકશનનું આયોજન

વાલીઓ સાથે અસરકારક ઈન્ટરેકશન એ સહાયક શૈક્ષણિક વાતાવરણને પ્રોત્સાહન આપવાનો એક મહત્વપૂર્ણ ઘટક છે. શિક્ષકો અને વાલીઓ વચ્ચે મજબૂત સંબંધો બનાવવાથી વિદ્યાર્થીઓની સફળતા અને સુખાકારીમાં વધારો થાય છે. જ્યારે વાલીઓ તેમના બાળકોના શિક્ષણમાં સક્રિય રીતે સામેલ હોય છે, ત્યારે તે એક સહયોગી ભાગીદારી બનાવે છે જે શાળા અને ઘરે બંને જગ્યાએ શિક્ષણને મજબૂત બનાવે છે. આ ઈન્ટરેકશન વિવિધ સ્વરૂપો લઈ શકે છે, જેમાં નિયમિત વાતચીત, મિટિંગ, વર્કશોપ અને સમુદાયનાં કાર્યક્રમોનો સમાવેશ થાય છે. શિક્ષકો અને શાળા સમુદાય સાથે જોડાવવા માટે વાલીઓ  માટે સુદ્રઢ તકો ઊભી કરીને, શિક્ષકો વિદ્યાર્થીઓની પ્રગતિ વિશે મહત્વપૂર્ણ માહિતી જણાવી શકે છે, ચિંતાઓનું સમાધાન કરી શકે છે અને સિદ્ધિઓની ઉજવણી કરી શકે છે. વધુમાં, વાલીઓના દ્રષ્ટિકોણ અને આંતરદૃષ્ટિને સમજવાથી શિક્ષકો વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતોને વધુ સારી રીતે પૂર્ણ કરવા માટે તેમના અભિગમોને અનુરૂપ બનાવવામાં મદદ કરે છે.

આ સંદર્ભમાં, વાલીઓ સાથે અર્થપૂર્ણ ઈન્ટરેકશનનું આયોજન માત્ર ઘર-શાળાનાં જોડાણને મજબૂત બનાવતું નથી પરંતુ સમુદાયની ભાવના અને વિદ્યાર્થીનાં શિક્ષણ માટે સહિયારી જવાબદારીને પણ પ્રોત્સાહન આપે છે.

**વાલીઓ સાથે ઈન્ટરેકશનનું આયોજન કરવાનું મહત્વ:**

1. સંબંધોનું નિર્માણ: શિક્ષકો અને વાલીઓ વચ્ચે સારી વાતચીત ઘ્માની વચ્ચે વિશ્વાસ અને ભાગીદારીને મજબૂત બનાવે છે, વિદ્યાર્થીઓ માટે સહાયક વાતાવરણ બનાવે છે.
2. વિદ્યાર્થીને વધુ મદદ કરવી: શાળા પ્રવૃત્તિ સાથે સંલગ્ન વાલીઓ ઘરે શિક્ષણને મજબૂત બનાવી શકે છે, વિદ્યાર્થીઓના એકંદર પરિણામો અને શૈક્ષણિક સફળતાને સુધારવામાં મદદ કરી શકે છે.
3. વિદ્યાર્થીની જરૂરિયાતોને સમજવી: નિયમિત ઈન્ટરેકશન શિક્ષકોને વિદ્યાર્થીની વ્યક્તિગત જરૂરિયાતો, પડકારો અને શક્તિઓને વધુ સારી રીતે સમજવાની તક આપે છે, જેનાથી અનુરૂપ સહાય શક્ય બને છે.
4. શાળા પ્રવૃત્તિથી સંલગ્નતાને પ્રોત્સાહન આપવું: જ્યારે વાલીઓને જાણકાર અને શાળા પ્રવૃત્તિથી સંલગ્ન કરવામાં આવે છે, ત્યારે તેઓની શાળા પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની અને તેમના બાળકના શિક્ષણમાં યોગદાન આપવાની શક્યતા વધુ હોય છે.
5. વર્તન અને હાજરીમાં સુધારો: વાલી-શિક્ષક વચ્ચે સકારાત્મક વાતચીત વિદ્યાર્થીઓના વર્તન અને હાજરીમાં સુધારો લાવી શકે છે, કારણ કે વાલીઓ ઘરે શાળાની અપેક્ષાઓને મજબૂત બનાવી શકે છે.
6. પ્રતિભાવ અને સુધારણા: વાલીઓના ઇનપુટ શૈક્ષણિક પદ્ધતિઓ અને શાળાની નીતિઓની અસરકારકતામાં મૂલ્યવાન આંતરદૃષ્ટિ પ્રદાન કરી શકે છે, જે સતત સુધારણા તરફ દોરી જાય છે.
7. સાંસ્કૃતિક જાગૃતિ: વિવિધ પરિવારો સાથે સંલગ્ન રહેવાથી શિક્ષકોને વિવિધ સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિઓને સમજવામાં મદદ મળે છે, જેનાથી સમાવેશકતા અને આદરને પ્રોત્સાહન મળે છે.

**અસરકારક ઈન્ટરેકશન માટેની વ્યૂહરચનાઓ**

1. **આવકારદાયક વાતાવરણ બનાવવું**
   i. મિટિંગ અને ઇવેન્ટ માટે આમંત્રિતો આવવા માટે પ્રેરાય તેવી જગ્યાઓ ડિઝાઇન કરવી
   ii. વાલીઓની ભાગીદારીને સરળ બનાવે તેવા સંશાધનો પૂરા પાડવા

2. **દ્વિ-માર્ગી કોમ્યુનિકેશનને પ્રોત્સાહન આપવું**
   i. મુક્ત મને વાતચીતની ખુલ્લી તકો ઉભી કરવી
   ii. વાલીઓની ચિંતાઓ અને સૂચનોને સક્રિયપણે સાંભળવા

3. **સુગમતા (flexibility) સુનિશ્ચિત કરવી**
   i. વિવિધ સમયપત્રકને સમાયોજિત કરવા માટે અલગઅલગ મીટિંગ સમય પ્રદાન કરવો
   ii. સુવિધા માટે વર્ચ્યુઅલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવો

4. **વિવિધ પરિવારો માટે અભિગમોને અનુરૂપ બનાવવો**
   i. સાંસ્કૃતિક તફાવતોને ઓળખવા અને આદર આપવો
   ii. બહુવિધ ભાષાઓમાં અનુવાદ સેવાઓ અથવા સામગ્રી પ્રદાન કરવી

5. **સહાયક સમુદાયનું નિર્માણ**
   i. શાળા પ્રવૃત્તિઓમાં વાલીઓની સ્વયંસેવાને પ્રોત્સાહન આપવું
   ii. વાલીઓનું નેટવર્ક અથવા સહાયક જૂથો બનાવવા
   iii. સંશાધનો વધારવા માટે સ્થાનિક સંસ્થાઓ સાથે સહયોગ કરવો

6. **ઈન્ટરેકશનની અસરકારકતાનું મૂલ્યાંકન કરવું**
   iv. વિદ્યાર્થીઓના પરિણામો પર વાલીઓના ઈન્ટરેકશનની અસરનું મૂલ્યાંકન કરવું
   ii. વાલીઓ પાસેથી તેમના અનુભવો વિશે પ્રતિભાવ એકત્રિત કરવો
   i. ભવિષ્યના ઈન્ટરેકશનને સુધારવા માટે મૂલ્યાંકનના આધારે ગોઠવણો કરવી.

**ઈન્ટરેકશનના પ્રકારો**

ઈન્ટરેકશન વિવિધ પ્રકારના હોય છે **(કોષ્ટક 1.10)** જે આ પ્રમાણે છે:

**કોષ્ટક 1.10: વિવિધ પ્રકારના ઈન્ટરેકશન**

| ઈન્ટરેકશનનો પ્રકાર | વર્ણન |
|---|---|
| **A. નિયમિત કોમ્યુનિકેશન** | |
| i. ન્યુઝલેટર-ઈમેઈલ | શાળા પ્રવૃત્તિઓ અને વિદ્યાર્થીઓની પ્રગતિ અંગે અપડેટ્સ. |
| ii. વાલી-શિક્ષક કોન્ફરન્સ | વિદ્યાર્થીઓની પ્રગતિ અને ધ્યેયોની ચર્ચા કરવા માટે બેઠકો. |
| iii. દૈનિક/અઠવાડિક અપડેટ | વિદ્યાર્થીઓના પ્રદર્શન અને વર્તન અંગે નિયમિત અપડેટ્સ. |
| **B. વર્કશોપ અને સેમીનાર** | |
| i. શૈક્ષણિક વર્કશોપ | વાલીપણાની વ્યૂહરચનાઓ અને શૈક્ષણિક સહાય જેવા વિષયો. |
| ii. બાળ વિકાસ સેમીનાર | બાળકના વિકાસ અને અધ્યયન ટેકનીકો પર સત્રો. |
| **C. સામુદાયિક કાર્યક્રમો** | |
| i. પરિવાર સંલગ્નતા પ્રવૃત્તિઓ | પરિવારોને જોડવા માટે ઓપન હાઉસ અને ફેમિલી નાઈટ જેવા કાર્યક્રમો. |
| ii. શાળામાં મેળા અને સેવાકીય પ્રોજેક્ટ્સ | શાળામાં પરિવારની સંલગ્નતા અને સેવાને પ્રોત્સાહન આપતા સામુદાયિક કાર્યક્રમો. |
| **D. સર્વેક્ષણ અને પ્રતિભાવ** | |
| i. વાલી પ્રતિભાવ | શાળાના કાર્યક્રમો અને નીતિઓ પર વાલીઓના અભિપ્રાય એકત્રિત કરવા |
| ii. વાલીઓના હિતોનું માપન | વાલીઓની ચિંતાઓ અને સૂચનોનું મૂલ્યાંકન કરવા માટે સર્વેક્ષણોનો ઉપયોગ કરવો. |

**મૂલ્યાંકન પછી વાલીઓ સાથે ઈન્ટરેકશન**

વાલીઓ સાથે મૂલ્યાંકન પછીનું ઈન્ટરેકશન એ શૈક્ષણિક પ્રક્રિયાનો એક મહત્વપૂર્ણ ઘટક છે, જે શાળા અને ઘર વચ્ચેના અંતરને દૂર કરવામાં મદદ કરે છે. આ ક્રિયાપ્રતિક્રિયા શિક્ષકોને વિદ્યાર્થીના પ્રદર્શન વિશે આંતરદૃષ્ટિ રજૂ કરવાની તક પૂરી પાડે છે, જે સુધારણા માટેના ક્ષેત્રો અને શક્તિઓ, એમ બંને પર પ્રકાશ પાડે છે. મૂલ્યાંકન પરિણામો વિશે અર્થપૂર્ણ ચર્ચામાં વાલીઓને સામેલ કરીને, શિક્ષકો શિક્ષણ માટે સહયોગી અભિગમ અપનાવી શકે છે જે પરિવારોને તેમના બાળકોને અસરકારક રીતે ટેકો આપવા માટે સશક્ત બનાવે છે.

વધુમાં, આ ઈન્ટરેકશનથી દરેક વિદ્યાર્થીની જરૂરિયાતોને અનુરૂપ વાસ્તવિક લક્ષ્યો સ્થાપિત કરી શકાય છે, તે ખાતરી કરે છે કે વાલીઓ તેમના બાળકની શૈક્ષણિક યાત્રામાં સક્રિય રીતે સામેલ છે. સ્પષ્ટ વાતચીત અને સતત સમર્થન દ્વારા, મૂલ્યાંકન પછીનું ઈન્ટરેકશન માત્ર માતાપિતાની સંલગ્નતામાં વધારો કરતી નથી પરંતુ વિદ્યાર્થીઓની સફળતા અને સુખાકારીમાં પણ નોંધપાત્ર ફાળો આપે છે.

**મૂલ્યાંકન પછીના ઈન્ટરેકશનનો હેતુ**

i. **વિદ્યાર્થીઓના પ્રદર્શન પર પ્રતિભાવ:** મૂલ્યાંકન પરિણામોના આધારે વિદ્યાર્થીઓની શક્તિઓ અને સુધારાની જરૂર હોય તેવા ક્ષેત્રો વિશે આંતરદૃષ્ટિ રજૂ કરવી.
ii. **અધ્યયન પ્રક્રિયામાં સામેલગીરી:** વાલીઓને તેમના બાળકની શૈક્ષણિક પ્રગતિ અને સહાય માટેની વ્યૂહરચનાઓ વિશેની ચર્ચામાં સામેલ કરવા.
iii. **લક્ષ્યો નક્કી કરવા:** વાલીઓ સાથે તેમના બાળકના ભાવિ શિક્ષણ માટે વાસ્તવિક અને પ્રાપ્ત કરી શકાય તેવા લક્ષ્યો નક્કી કરવામાં સહયોગ કરવો.

**મૂલ્યાંકન પછીના ઈન્ટરેકશનના પ્રકારો**

મૂલ્યાંકન પછીના વિવિધ પ્રકારના ઈન્ટરેકશન નીચે મુજબ છે:

**કોષ્ટક 1.11: મૂલ્યાંકન પછીના ઈન્ટરેકશન**

| ઈન્ટરેકશનના પ્રકાર | **Details** |
|---|---|
| A. વ્યક્તિગત મિટિંગ | a) મૂલ્યાંકન પરિણામોની વિગતવાર ચર્ચા કરવા માટે વ્યક્તિગત મિટિંગનું આયોજન કરો.<br>b) સુધારણા માટે વ્યક્તિગત પ્રતિભાવ અને કાર્યક્ષમ ભલામણો કરો. |
| B.વાલી-શિક્ષક કોન્ફરન્સ | a) વિદ્યાર્થીઓના પ્રદર્શનની સામૂહિક સમીક્ષા કરવા માટે ઔપચારિક કોન્ફરન્સનું આયોજન કરો.<br>b) વર્ગખંડના એકંદર વલણો અને વ્યક્તિગત વિદ્યાર્થી પ્રગતિની ચર્ચા કરો. |
| C. લેખિત અહેવાલો | a) સફળતા અને ચિંતાના મુખ્ય ક્ષેત્રોને હાઈલાઈટ કરીને મૂલ્યાંકન પરિણામોનો સારાંશ આપતા વિગતવાર અહેવાલો ઘરે મોકલો.<br>b) વાલીઓ ઘરે તેમના બાળકને ટેકો આપવા માટે ઉપયોગ કરી શકે તેવા સંશાધનો અથવા પ્રવૃત્તિઓ માટે સૂચનો આપો. |
| D.વર્કશોપ અને અનૌપચારિક સત્રો | a) વાલીઓ માટે મૂલ્યાંકન પરિણામો અને અધ્યયન વ્યૂહરચનાઓને સમજવા પર ધ્યાન કેન્દ્રિત કરતા સત્રોનું આયોજન કરો.<br>b) સ્કોર્સનું અર્થઘટન કેવી રીતે કરવું અને સંશાધનોનો અસરકારક રીતે ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે માર્ગદર્શન આપો. |

**અસરકારક કોમ્યુનિકેશન માટેની વ્યૂહરચનાઓ**

1. સ્પષ્ટ અને સંક્ષિપ્ત ભાષા

a) એવી ભાષાનો ઉપયોગ કરો જે સુલભ અને શૈક્ષણિક શબ્દભંડોળથી મુક્ત હોય જેથી વાલીઓ પ્રસ્તુત માહિતીને સમજી શકે.
b) પ્રદર્શનના ડેટાને સ્પષ્ટ રીતે દર્શાવવા માટે ચાર્ટ અથવા ગ્રાફ જેવા વિઝ્યુઅલ મૂકો.

2. **સક્રિય શ્રવણ**

a) વાલીઓને મૂલ્યાંકન પરિણામો સંબંધિત તેમની ચિંતાઓ અને પ્રશ્નો વ્યક્ત કરવા માટે પ્રોત્સાહિત કરો.
b) સહાનુભૂતિ અને સમજણ દર્શાવો, તેમની લાગણીઓ અને દ્રષ્ટિકોણને સ્વીકારો.

3. **સહયોગી અભિગમ**

a) વાલીઓને તેમના બાળકના શિક્ષણ માટેના આગામી પગલાં વિશેની ચર્ચામાં સામેલ કરો.
b) તેમને તેમના બાળકના અનુભવો અને પડકારો વિશે આંતરદૃષ્ટિ માટે પ્રોત્સાહિત કરો.

4. **ફોલો-અપ અને સતત સપોર્ટ**

a) **સતત કોમ્યુનિકેશન:** શરૂઆતના મૂલ્યાંકન પછીના ઈન્ટરેકશન બાદ મુક્ત કોમ્યુનિકેશન જાળવી રાખો, વિદ્યાર્થીઓની પ્રગતિ પર અપડેટ્સ આપતા રહો.
b) **સંશાધનો અને ટૂલ્સ:** માતાપિતાને તેમના બાળકને સફળ થવામાં મદદ કરવા માટે અભ્યાસ માર્ગદર્શિકાઓ, ટ્યુટરિંગ વિકલ્પો અથવા ઑનલાઇન ટૂલ્સ જેવા સંશાધનો મોકલી આપો.
c) **નિયમિત ચેક-ઇન:** વ્યૂહરચના કેવી રીતે અમલમાં મૂકવામાં આવી રહી છે તેનું મૂલ્યાંકન કરવા અને જરૂરિયાત મુજબ લક્ષ્યોને સમાયોજિત કરવા માટે ફોલો-અપ મિટિંગ અથવા કૉલ કરો.

**વાલી-શિક્ષક મિટિંગ**

આ શારીરિક શિક્ષણ શિક્ષક માટે રિપોર્ટ સમજાવીને વાલીઓ સાથે વાર્તાલાપ કરવાની તક છે. વાલીઓ તેમના બાળકોના પ્રદર્શન વિશે ઘણા પ્રશ્નો પૂછશે. PTM નું સંચાલન કેવી રીતે કરવું તે અંગે અહીં કેટલીક ટિપ્સ આપી છે:

**વાલી-શિક્ષક મિટિંગનું સંચાલન**

a) **દ્વિ-માર્ગી વાતચીત:** વાલી-શિક્ષક મિટિંગ બંને પક્ષોને આંતરદૃષ્ટિ રજૂ કરવાની મંજૂરી આપવી જોઈએ. વાલીઓ તેમના બાળકની શક્તિઓ, જરૂરિયાતો અને અધ્યયન શૈલીઓ વિશે મૂલ્યવાન જ્ઞાન આપે છે, જે શિક્ષકોને અધ્યાપન સુધારવા અને વિશ્વાસ બનાવવા માટે મદદ કરે છે.

b) **શીખવા પર ભાર:** વાલીઓની શાળા સાથેની સંલગ્નતા વિદ્યાર્થીના શિક્ષણને ટેકો આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવી જોઈએ, શિક્ષકો વાલીઓને તેમના બાળકની શૈક્ષણિક પ્રગતિમાં મદદ કરવા માટે વ્યૂહરચનાઓ અને સૂચનો આપે છે.

c) **તકો અને પડકારો:** વાલીઓને તેમના બાળકની શક્તિઓ અને સુધારણા માટેના ક્ષેત્રોને સમજવા માટે પ્રશંસા અને રચનાત્મક પ્રતિભાવ બંનેની જરૂર હોય છે, જે દર્શાવે છે કે શિક્ષકો તેમના બાળકની ક્ષમતાને મહત્વ આપે છે અને તેમની અપેક્ષાઓ ઊંચી હોય છે.

**શિક્ષકનાં ઈન્ટરેકશનનું મહત્વ**

a) **વિદ્યાર્થીઓની સફળતા અને સુખાકારીમાં વધારો:** સક્રિય વાલીઓની સંલગ્નતા શૈક્ષણિક પ્રદર્શન, પ્રેરણા અને વર્તનને વેગ આપે છે. તે ભાવનાત્મક અને સામાજિક સમર્થન પૂરું પાડે છે, જે વિદ્યાર્થીઓની એકંદર સુખાકારીમાં ફાળો આપે છે.

b) **સહયોગી શૈક્ષણિક વાતાવરણને પ્રોત્સાહન આપવું:** વાળી-શિક્ષક સહયોગ વહેંચાયેલ વ્યૂહરચનાઓ અને આંતરદૃષ્ટિને પ્રોત્સાહન આપે છે, જે વિદ્યાર્થીઓના શિક્ષણ અને વિકાસને ટેકો આપવા માટે એકીકૃત અભિગમ બનાવે છે.

c) **પરસ્પર વિશ્વાસ અને આદરનું નિર્માણ:** મુક્ત કોમ્યુનિકેશન વિશ્વાસ અને આદરનું નિર્માણ કરે છે, વાલીઓને સક્રિય રીતે જોડાવા અને યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કરે છે, જે સમસ્યાનું અસરકારક નિરાકરણ અને સકારાત્મક શાળા વાતાવરણ તરફ દોરી જાય છે.

**PTM પહેલાંની તૈયારી, PTM દરમિયાન, અને PTM પછીની ક્રિયાઓ**

**PTM પહેલાંની તૈયારી**

a) શાળામાંથી PTM ની તારીખ અને સમયની પુષ્ટિ કરો
b) આગામી PTM વિશે તમારા કો.ઓર્ડીનેટરને જાણ કરો અને તેમની ઉપલબ્ધતા તપાસો
c) ખાતરી કરો કે ભૂલ-મુક્ત રિપોર્ટ કાર્ડ શાળામાં પહોંચાડવામાં આવે છે
d) એવી જગ્યા ઓળખો જ્યાં પ્રોપ્સ (props) પ્રદર્શિત કરી શકાય (પ્રાધાન્ય વર્ગખંડની બહાર)
e) શાળાની વેબસાઇટ (જો હોય તો) ડેશબોર્ડ પર અપડેટ કરો.
f) વાલીઓના પ્રશંસાપત્રો તૈયાર રાખો

**PTM દરમિયાન**

a) શાળામાં અગાઉથી પહોંચો
b) પ્રસ્તુત બનો
c) સ્વચ્છ અને ઉપયોગી પ્રોપ્સ (props) પ્રદર્શિત કરો
d) વર્ગખંડની બહાર ઉપલબ્ધ રહો

**PTM પછી**

a) કાર્યક્રમ પૂર્ણતા અહેવાલ અને પ્રશંસાપત્રો તે જ દિવસે કો. ઓર્ડીનેટરને મોકલો
b) જો કોઈ મોટી સમસ્યાઓ/ફરિયાદ હોય, તો તાત્કાલિક સંબંધિતને જાણ કરો.

**વાલીઓની સંલગ્નતા માટેની વ્યૂહરચનાઓ અને પ્રદર્શન અહેવાલ**

**1. માતાપિતા સુધી પહોંચવું**

a) કોમ્યુનિકેશન ચેનલો: ઇમેઇલ, ન્યૂઝલેટર્સ, એપ્લિકેશન્સ અને સોશિયલ મિડિયાનો ઉપયોગ કરો.
b) સુનિશ્ચિત મિટિંગ: નિયમિત વાલી-શિક્ષક પરિષદોનું આયોજન કરો.
c) વર્કશોપ/સેમિનાર: બાળ વિકાસ અને સહાય પર સત્રોનું આયોજન કરો.
d) પ્રતિભાવ પદ્ધતિ: વાલીઓના અભિપ્રાય માટે સર્વેક્ષણો અથવા સૂચન બોક્સનો ઉપયોગ કરો.

2. **બાળકોના પ્રદર્શન પર અહેવાલો દર્શાવવા**
   a) પ્રગતિ અહેવાલો: કૌશલ્યો, સહભાગીતા અને સુધારણા પર નિયમિત અપડેટ્સ આપો.
   b) વિઝ્યુઅલ ડિસ્પ્લે: સામાન્ય ક્ષેત્રોમાં સિદ્ધિઓ દર્શાવો.
   c) વાલી-શિક્ષક મિટિંગ: મિટિંગ દરમિયાન અહેવાલોની વિગતવાર ચર્ચા કરો.
   d) ઑનલાઇન પોર્ટફોલિયો: પ્રગતિ ટ્રેકિંગ માટે ડિજિટલ પ્લેટફોર્મ બનાવો.

**વિદ્યાર્થીઓના પ્રદર્શનમાં સુધારો કરવા માટેના સૂચનો**

1. **વ્યક્તિગત કૌશલ્ય વિકાસ યોજનાઓ**
   a. જરૂરિયાતોનું મૂલ્યાંકન કરો: શક્તિઓ અને નબળાઈઓ ઓળખો.
   b. લક્ષ્યો નક્કી કરો: સુધારણા માટે સ્માર્ટ લક્ષ્યો બનાવો.
   c. અનુરૂપ પ્રવૃત્તિઓ: લક્ષિત કવાયતો અને કસરતો પર ધ્યાન કેન્દ્રિત કરો.
2. **પ્રવૃત્તિઓમાં સંલગ્નતા વધારો**
   a. પ્રવૃત્તિઓની વિવિધતા: વિવિધ રમતો અને પ્રવૃત્તિઓ પ્રદાન કરો.
   b. સમાવિષ્ટ પદ્ધતિઓ: બધા કૌશલ્ય સ્તરો માટે સુલભતા સુનિશ્ચિત કરો.
   c. ટીમ નિર્માણ: ટીમ-લક્ષી પડકારોનું આયોજન કરો.
3. **વાલીઓની સંલગ્નતા**
   a. કોમ્યુનિકેશન: નિયમિત પ્રગતિ અપડેટ્સ પ્રદાન કરો.
   b. ગૃહકાર્ય: ઘરે પ્રેક્ટિસ માટે કસરતો સૂચવો.
   c. વર્કશોપ: માતાપિતાના સમર્થન માટે સત્રો આયોજિત કરો.
4. **નિયમિત પ્રતિભાવ અને આત્મ-ચિંતન**
   a. વારંવાર મૂલ્યાંકન: પ્રગતિને ટ્રેક કરો અને વ્યૂહરચનાઓ ગોઠવો.
   b. વિદ્યાર્થી આત્મ-ચિંતન: આત્મ-ચિંતન અને ધ્યેય નિર્ધારણને પ્રોત્સાહિત કરો.
   c. સહાધ્યાયી પ્રતિભાવ: રચનાત્મક સહાધ્યાયી પ્રતિભાવને સરળ બનાવો.
5. **શિક્ષકો માટે વ્યવસાયિક વિકાસ**
   a. તાલીમ કાર્યશાળાઓ: વિકાસની તકો આપો.
   b. સહયોગ: સફળ અધ્યાપન વ્યૂહરચનાઓ જણાવો.

**પ્રદર્શન મૂલ્યાંકન**

વાલીઓ ઘણીવાર તેમના બાળકના વાસ્તવિક પ્રદર્શન વિશે જાગૃતિનો અભાવ ધરાવે છે, ગ્રેડિંગ સિસ્ટમને સમજ્યા વિના ગ્રેડ પર આધાર રાખે છે. શારીરિક શિક્ષણનાં શિક્ષકોએ ગ્રેડિંગ સિસ્ટમ અને વિદ્યાર્થીના પ્રદર્શન બંનેને સ્પષ્ટ કરવા જોઈએ.

ગ્રેડિંગ સ્કેલ: ગ્રેડિંગ સ્કેલ એ એવી સિસ્ટમ છે જેનો ઉપયોગ વિદ્યાર્થીની સિદ્ધિઓ અથવા અભ્યાસક્રમ સામગ્રીની સમજના આધારે તેના શૈક્ષણિક પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા અને ચોક્કસ ગ્રેડ આપવા માટે થાય છે. ગ્રેડિંગ સ્કેલ મૂલ્યાંકનને પ્રમાણિત કરવામાં મદદ કરે છે અને શિક્ષકોને વિદ્યાર્થીની પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે સ્પષ્ટ પદ્ધતિ આપે છે.

**3-પોઇન્ટ સ્કેલ**

a. A: 3 પોઇન્ટ (નિપુણ)
b. B: 2 પોઇન્ટ (શીખે છે)
c. C: 1 પોઇન્ટ (શીખવાની જરૂર છે)

**5-પોઇન્ટ સ્કેલ**

a. A: 5 પોઇન્ટ (ઉત્તમ)
b. B: 4 પોઇન્ટ (ખૂબ સારું)
c. C: 3 પોઇન્ટ (સારું)
d. D: 2 પોઇન્ટ (સરેરાશ)
e. E: 1 પોઇન્ટ (સુધારણાની જરૂર છે)

## પ્રવૃત્તિઓ

**પ્રવૃત્તિ 1: વાલી-શિક્ષકના ઈન્ટરેકશનની ભૂમિકા ભજવવી**

**પ્રક્રિયા:**

- વિદ્યાર્થીઓની જોડી બનાવો જ્યાં એક વિદ્યાર્થી શિક્ષકની ભૂમિકા ભજવશે, અને બીજો વાલી તરીકે કાર્ય કરશે. દરેક જોડીને એક ચોક્કસ દૃશ્ય સોંપવામાં આવશે, જેમ કે:
  a) વાલી તેમના બાળકના ઓછા ગ્રેડ વિશે ચિંતિત.
  b) વાલી ઘરે તેમના બાળકની શૈક્ષણિક પ્રગતિને ટેકો આપવા માટેની વ્યૂહરચનાઓ વિશે પૂછશે.
  c) વાલી શાળામાં તેમના બાળકના સામાજિક વર્તન પર પ્રતિભાવ ઇચ્છતા હોય.
- "શિક્ષક" નકલી વિદ્યાર્થીના પ્રદર્શન અહેવાલની સમીક્ષા કરીને તૈયારી કરે છે (જેમાં વિવિધ વિષયો, અભ્યાસેતર પ્રવૃત્તિઓ અથવા વર્તનમાં પ્રગતિ સામેલ હોઈ શકે છે). "વાલી" દૃશ્યના આધારે સંબંધિત પ્રશ્નો પૂછવાની તૈયારી કરે છે.
- ભૂમિકા ભજવવામાં વ્યસ્ત રહો, કે જ્યાં શિક્ષક કોમ્યુનિકેશનની અસરકારક વ્યૂહરચનાઓનો અભ્યાસ કરે છે (સક્રિય શ્રવણ, સ્પષ્ટ ભાષાનો ઉપયોગ, લક્ષ્યો નક્કી કરવા, કાર્યક્ષમ પ્રતિભાવ આપવા), અને વાલીની રચનાત્મક સંલગ્નતાનો અભ્યાસ કરે છે (પ્રશ્નો પૂછવા, પ્રતિભાવ સમજવા અને સમર્થન સૂચવવા).
- ભૂમિકા ભજવ્યા પછી, જોડી ભૂમિકાઓ બદલશે. બંને ભૂમિકાઓ પૂર્ણ કર્યા પછી, દરેક વિદ્યાર્થી આના પર વિચાર કરશે:
  a) વિશ્વાસ બનાવવા અને સહાય પૂરી પાડવામાં ઈન્ટરેકશન કેટલું અસરકારક હતું.
  b) વાલીને શાળા સાથે જોડવામાં અને સ્પષ્ટ પ્રતિભાવ આપવામાં કઈ વ્યૂહરચનાઓ સારી રીતે કામ કરે છે.

**પ્રવૃત્તિ 2**: વાલીઓ સાથે સંલગ્નતા વિકસાવવાની યોજના

**જરૂરી સામગ્રી:** ફ્લિપ ચાર્ટ, માર્કર, લેપટોપ/ટેબ્લેટ, પ્રોજેક્ટર, કાગળ, પેન, મૂલ્યાંકન અહેવાલો, હેન્ડઆઉટ્સ, પ્રતિભાવ ફોર્મ, ઓનલાઈન પોર્ટફોલિયો ટેમ્પ્લેટ્સ.

**પ્રક્રિયા:**

- નાના જૂથો (દરેકમાં 4-5 વિદ્યાર્થીઓ) બનાવો, દરેક જૂથને નીચેના માપદંડોનો ઉપયોગ કરીને માતાપિતા સાથે મૂલ્યાંકન પછીના ઈન્ટરેકશન માટે એક યોજના બનાવવાનું કામ સોંપવામાં આવશે:
  - a) ધ્યેયો નક્કી કરવા: મૂલ્યાંકન પછીની મિટિંગ દરમિયાન શિક્ષકો સાથે ચર્ચા કરવા માટે માતાપિતા માટે ચોક્કસ લક્ષ્યો વિકસાવો.
  - b) કોમ્યુનિકેશન ચેનલો: યોગ્ય કોમ્યુનિકેશન પદ્ધતિઓ પસંદ કરો (દા.ત., ઇમેઇલ્સ, મિટિંગ, ઓનલાઈન પોર્ટફોલિયો).
  - c) કાર્યક્ષમ પ્રતિભાવ: મૂલ્યાંકન પરિણામોના આધારે વાલીઓને કેવા પ્રકારનો પ્રતિભાવ આપવો જોઈએ તે ઓળખો, જેમાં શક્તિઓ અને સુધારણા માટેના ક્ષેત્રોનો સમાવેશ થાય છે.
  - d) ઘરે મદદ કરવા માટે સૂચનો: વાલીઓ માટે ઘરે તેમના બાળકને મદદ કરવા માટે વ્યવહારુ, અમલમાં મૂકવા માટે સરળ વ્યૂહરચનાઓનો સમૂહ ડિઝાઇન કરો.
  - e) ફોલો-અપ: પ્રગતિનું નિરીક્ષણ કરવા અને સતત સહાય પૂરી પાડવા માટે મિટિંગ પછી વાલીઓ સાથે વાતચીત કેવી રીતે જાળવી રાખવી તે સૂચવો.
- દરેક જૂથ, વર્ગ સમક્ષ તેમની યોજના રજૂ કરશે, જેમાં તેઓ કઈ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે અને વિદ્યાર્થીના શૈક્ષણિક વિકાસમાં વાલીઓની સક્રિય સંલગ્નતા તેઓ કેવી રીતે સુનિશ્ચિત કરે છે તે સમજાવશે.
- બધા જૂથ પ્રેઝન્ટેશન પછી, વિવિધ અભિગમોની ચર્ચા કરો અને વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓમાં કઈ કઈ વ્યૂહરચનાઓ શ્રેષ્ઠ કામ કરશે તે અંગે તમારા અભિપ્રાય રજૂ કરો.

## તમારી પ્રગતિ તપાસો

A. **બહુવિધ વિકલ્પ પસંદગીના પ્રશ્નો**

1. વાલી-શિક્ષકનું ઈન્ટરેકશન શા માટે મહત્વપૂર્ણ છે?

   a) તે વિદ્યાર્થીઓના ગ્રેડ સુધારવામાં મદદ કરે છે.
   b) તે શિક્ષકો અને વાલીઓ વચ્ચેની ભાગીદારીને મજબૂત બનાવે છે, જેનાથી વિદ્યાર્થીઓને વધુ સારી સફળતા મળે છે.
   c) તે ફક્ત વિદ્યાર્થીઓના વર્તન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
   d) તે વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિમાં શિક્ષકની સંલગ્નતાને મર્યાદિત કરે છે.

2. નીચેનામાંથી કઈ વ્યૂહરચના માતાપિતા સાથે અસરકારક ઈન્ટરેકશન માટે યોગ્ય છે?
   a) વાલીઓના પ્રતિભાવને અવગણવા
   b) મિટિંગ માટે એક સુગમ સમયપત્રક બનાવવું
   c) પ્રથમ મિટિંગ પછી વાતચીત ટાળવી
   d) વાતચીતને ફક્ત નકારાત્મક પ્રતિભાવ પુરતી મર્યાદિત રાખવી

3. માતાપિતા સાથે મૂલ્યાંકન પછીનાં ઈન્ટરેકશનનો મુખ્ય ધ્યેય શું છે?

a) શિક્ષકના પ્રદર્શન પર પ્રતિભાવ આપવા માટે
b) વિદ્યાર્થીઓના પ્રદર્શનની આંતરદૃષ્ટિ રજૂ કરવા અને અધ્યયન લક્ષ્યો નક્કી કરવા માટે
c) શાળાની નીતિઓ વિશે વાલીઓને માહિતી આપવી
d) પ્રદર્શનની ચર્ચા કર્યા વિના વધારાની મિટિંગનું આયોજન કરવું

4. નીચેનામાંથી કયો વાલી-શિક્ષક મિટિંગનો મુખ્ય ફાયદો છે?

a) તે શિક્ષકોને વિદ્યાર્થીઓ પાસેથી પ્રતિભાવ મેળવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.
b) તે વાલીઓ અને શિક્ષકો બંનેને વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિને ટેકો આપવા માટે સહયોગ કરવાની તક આપે છે.
c) તે ફક્ત વિદ્યાર્થીઓના વર્તન વિશે શિક્ષકોની ચિંતાઓને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
d) તે ફક્ત વિદ્યાર્થીઓના શૈક્ષણિક ગ્રેડની ચર્ચા કરવા માટે બનાવાયેલ છે.

5. શારીરિક શિક્ષણમાં 3-પોઇન્ટ ગ્રેડિંગ સ્કેલ શું રજૂ કરે છે?

a) A: સુધારાની જરૂર છે, B: સરેરાશ, C: ઉત્તમ
b) A: નિપુણ, B: શીખે છે, C: શીખવાની જરૂર છે
c) A: ઉત્તમ, B: ખૂબ સારું, C: સારું
d) A: ઉત્તમ, B: શીખવાની જરૂર છે, C: સરેરાશ

## મોડ્યુલ 2: કટોકટી વ્યવસ્થાપન

## મોડ્યુલ પરિચય

મોડ્યુલ 2 કટોકટીનો અસરકારક સામનો કરવા માટે જરૂરી મૂળભૂત સિદ્ધાંતો અને પદ્ધતિઓને સંબોધિત કરે છે. તે ત્રણ મુખ્ય સત્રોમાં રચાયેલ છે જે કટોકટી વ્યવસ્થાપનની સમજને વધુ ગહન બનાવે છે.

કટોકટીનો સામનો કરવાના અર્થ પર સત્ર 1, કટોકટીના સામનો કરવાની સંકલ્પના રજૂ કરે છે, વ્યાખ્યાઓ અને કુદરતી આફતો તેમજ તબીબી પરિસ્થિતિઓ સહિત વિવિધ પ્રકારની કટોકટીઓની રૂપરેખા આપે છે. આ સત્ર પ્રતિભાવ આપનારાઓની ભૂમિકાઓ અને જવાબદારીઓ અને અસરકારક કટોકટી વ્યવસ્થાપનને માર્ગદર્શન આપતા મુખ્ય સિદ્ધાંતો પર પ્રકાશ પાડે છે.

કટોકટીનો સામનો કરવાની જરૂરિયાત પર સત્ર 2, કટોકટીનો સામનો કરવા માટેની પ્રણાલીઓની આવશ્યકતા અને મહત્વની તપાસ કરે છે. તે જીવન અને સંપત્તિના રક્ષણ માટેની તૈયારી અને તાત્કાલિક કાર્યવાહીની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકે છે. સત્ર કેસ સ્ટડી દ્વારા સમુદાયો પર અસરકારક કટોકટી વ્યવસ્થાપનની અસરોનું મૂલ્યાંકન કરે છે અને કટોકટીનો સામનો કરવાની પધ્ધતિ ઓને પ્રભાવિત કરતા કાનૂની અને નૈતિક પરિબળોની ચર્ચા કરે છે.

કટોકટી કાર્ય યોજના તૈયાર કરવા પર સત્ર 3 માં, શાળાઓ અથવા કાર્યસ્થળો જેવી ચોક્કસ વ્યવસ્થા માટે યોગ્ય વ્યાપક કટોકટી કાર્ય યોજના (EAP) ના વિકાસ પર ભાર મૂકવામાં આવે છે. આ સત્ર અસરકારક EAP ના મહત્વપૂર્ણ ઘટકોની રૂપરેખા આપે છે, જેમાં જોખમનાં મૂલ્યાંકન, જોખમની ઓળખ, પ્રતિકાર પ્રોટોકોલ અને સ્થળાંતર યોજનાઓની રચના, તેમજ સફળ અમલીકરણ માટે તાલીમ અને કવાયતોની આવશ્યકતાનો સમાવેશ થાય છે.

## અધ્યયન નિષ્પત્તિઓ

આ સત્ર પૂર્ણ કર્યા પછી, તમે આ માટે સક્ષમ બની શકશો:

- કટોકટીમાં લેવાના થતા પગલાઓનું વર્ણન કરો.
- રમતના મેદાનમાં ઉભી થતી કટોકટીઓને ઓળખીને તેના પગલાં લેવા.
- કટોકટી કાર્ય યોજનાનું વર્ણન કરો.

## મોડ્યુલ માળખું

| |
|---|
| સત્ર 1: કટોકટીમાં લેવાના થતા પગલાઓ |
| સત્ર 2: રમતના મેદાનમાં ઉભી થતી કટોકટીઓ |
| સત્ર 3: કટોકટી કાર્ય યોજના તૈયાર કરો |

## સત્ર 1: કટોકટીમાં લેવાના થતા પગલાઓ

કટોકટીનો પ્રતિકાર એ સંગઠિત અભિગમ અને અણધારી અને ઘણીવાર ખતરનાક પરિસ્થિતિઓના પ્રભાવોને સંચાલિત કરવા અને ઘટાડવા માટે લેવામાં આવતી ક્રિયાઓનો ઉલ્લેખ કરે છે. આમાં કુદરતી આફતો, તબીબી કટોકટીઓ અને અકસ્માતો સહિત વિવિધ પ્રકારની કટોકટીઓનો સમાવેશ થાય છે. અસરકારક કટોકટી પ્રતિકારમાં કટોકટીની પ્રકૃતિ ઓળખવી, પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવું અને જીવન, મિલકત અને પર્યાવરણને સુરક્ષિત રાખવા માટે યોગ્ય પગલાં અમલમાં મૂકવાનો સમાવેશ થાય છે. મુખ્ય ઘટકોમાં સમયસર પગલા લેવા, પ્રતિકારકર્તાઓ વચ્ચે સંકલન અને ગંભીર ઘટનાઓ દરમિયાન સલામતી અને કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા માટે સ્પષ્ટ કોમ્યુનિકેશનનો સમાવેશ થાય છે.

આ એકમમાં, આપણે વિદ્યાર્થીઓની બીમારી અને ઈજાના શારીરિક શિક્ષણ પ્રશિક્ષકોના અનુભવોની તપાસ કરવાનો પ્રયાસ કરીશું, કટોકટી કાર્ય યોજનાઓ (EAPs) ના પગલાંઓની ચર્ચા કરીશું, અને શારીરિક શિક્ષકોને તેમની શાળાઓમાં કસ્ટમાઇઝ્ડ કટોકટી કાર્ય યોજનાઓ વિકસાવવા માટે એક નમૂનો આપીશું.

**કટોકટીનાં અસરકારક પ્રતિકારમાં ઘણા મુખ્ય ઘટકોનો સમાવેશ થાય છે:**

1. **તૈયારી:** સંભવિત કટોકટી માટે તૈયારી સુનિશ્ચિત કરવા માટે અગાઉથી યોજનાઓ અને પ્રોટોકોલ વિકસાવવા.
2. **સંદેશાવ્યવહાર:** માહિતી અને સૂચનાઓનો પ્રસાર કરવા માટે પ્રતિકાર કરનારાઓ, અસરગ્રસ્ત વ્યક્તિઓ અને જનતા વચ્ચે સ્પષ્ટ કોમ્યુનિકેશન લાઈન સ્થાપિત કરવી.
3. **સંકલન:** એકીકૃત પ્રતિકાર સુનિશ્ચિત કરવા માટે વિવિધ એજન્સીઓ અને સંગઠનો (દા.ત., પોલીસ, અગ્નિશામક વિભાગો, તબીબી સેવાઓ) વચ્ચે પરસ્પર સહયોગ સ્થાપિત કરવો.
4. **પ્રતિકાર સંબંધિત ક્રિયાઓ:** કટોકટીનો સામનો કરવા માટે ચોક્કસ પગલાં અમલમાં મૂકવા, જેમ કે સ્થળાંતર, તબીબી સહાય અને નિયંત્રણનાં પ્રયાસો.
5. **મૂલ્યાંકન:** પ્રતિકારની અસરકારકતા નક્કી કરવા અને સુધારણા માટેના ક્ષેત્રો ઓળખવા માટે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવું.
6. **રીકવરી:** કટોકટી પસાર થયા પછી તાત્કાલિક સેવાઓ અને અસરગ્રસ્ત વ્યક્તિઓ માટે સહાય પુનઃસ્થાપિત કરવા માટે આયોજન.

**કટોકટીના પ્રતિકારની જરૂરિયાત અને મહત્વ**

ગંભીર આરોગ્ય જોખમો અને જીવન માટે જોખમી પરિસ્થિતિઓની સંભાવના દ્વારા કટોકટીના પ્રતિકારની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવે છે. ચોક્કસ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે અસરકારક કટોકટી વ્યવસ્થાપન મહત્વપૂર્ણ છે જેમ કે:

1. **હીટ સ્ટ્રોક:** ઝડપી ઓળખ અને સારવાર આવશ્યક છે, કારણ કે હીટ સ્ટ્રોક કોઈ અંગની નિષ્ફળતા અને મૃત્યુ તરફ દોરી શકે છે જો તાત્કાલિક સારવાર ન આપવામાં આવે તો. કટોકટીનાં સમયમાં વ્યક્તિને ઠંડો કરવો અને તબીબી સહાય લેવા જેવા કર્યો સામેલ હોઈ શકે છે.
2. **એલર્જી:** ગંભીર એલર્જીક રીએક્શન, અથવા એનાફિલેક્સિસ (anaphylaxis), જીવલેણ ગૂંચવણોને ઉભી થતી રોકવા માટે એપિનેફ્રાઇન (epinephrine) અને અન્ય સહાયક પગલાં સાથે તાત્કાલિક પગલા લેવાની જરૂર પડે છે.
3. **અચાનક કાર્ડિયાક એરેસ્ટ:** CPR અને ડિફિબ્રિલેશન (defibrillation) સહિત ઝડપી કાર્યવાહી, બચવાની શક્યતામાં નોંધપાત્ર વધારો કરી શકે છે. કટોકટીને પ્રતિકાર આપનારાઓએ જીવન બચાવનારા પગલાં પૂરા પાડવા માટે ઝડપથી કાર્ય કરવું જોઈએ.
4. **ગરદન અથવા સર્વાઇકલ સ્પાઇન ઇજા:** વધુ ઇજા અટકાવવા માટે ગરદન અને કરોડરજ્જુનું સ્થિરીકરણ મહત્વપૂર્ણ છે. કટોકટીને પ્રતિકાર આપનારાઓએ તબીબી સુવિધાઓ સુધી સુરક્ષિત પરિવહન સુનિશ્ચિત કરવાની જરૂર પડે છે.
5. **વધુ પડતા ઉપયોગની ઇજાઓ:** તાત્કાલિક મૂલ્યાંકન અને પગલાઓ પીડાને સંચાલિત કરવામાં અને બગડતી પરિસ્થિતિઓને રોકવામાં મદદ કરી શકે છે. યોગ્ય ટેકનીકો અને સારવારની પદ્ધતિ પર શિક્ષિત થવું પણ આવશ્યક છે.
6. **મગજની ગંભીર ઇજાઓ:** લાંબા ગાળાના નુકસાનને ઘટાડવા માટે માથાના આઘાતનું મૂલ્યાંકન અને સારવારની ઝડપી ઓળખ અને તબીબી સુવિધાઓ સુધી પરિવહન મહત્વપૂર્ણ છે.

**કટોકટીના પ્રતિકારમાં પ્રાથમિક સારવારનું મહત્વ**

**પ્રાથમિક સારવાર** એ અચાનક ઈજા કે બીમારીથી પીડિત વ્યક્તિને આપવામાં આવતી તાત્કાલિક સહાય છે. તેમાં વ્યવસાયિક તબીબી સહાય આવે ત્યાં સુધી વ્યક્તિને સ્થિર કરવા માટે મૂળભૂત સારસંભાળ ટેકનીકોનો સમાવેશ થાય છે. આ સારસંભાળમાં નાની ઇજાઓની સારવાર, પરિસ્થિતિને વધુ બગડતી અટકાવવા અને દર્દીને વધુ સારવાર માટે તૈયાર કરવાનો સમાવેશ થઈ શકે છે. તે ઘણા કારણોસર મહત્વપૂર્ણ છે જેમાં નીચેની બાબતનો સમાવેશ થાય છે:

1. **જીવન બચાવે છે**: તાત્કાલિક પગલાં, જેમ કે CPR કરવું અથવા રક્તસ્રાવ બંધ કરવો, ગંભીર પરિસ્થિતિઓમાં મૃત્યુને અટકાવી શકે છે.
2. **સ્થિતિ બગડતી અટકાવે છે**: યોગ્ય પ્રાથમિક સારવાર ઇજાઓ અને ઉભી થતી ગૂંચવણોને ઘટાડી શકે છે, જેમ કે ચેપ અથવા વધુ ઈજા અટકાવવી.
3. **ઝડપી રીકવરી સુનિશ્ચિત કરે છે**: સમયસર સારસંભાળ રીકવરી સમય ઘટાડી શકે છે અને દર્દી માટે લાંબા ગાળાના પરિણામોમાં સુધારો કરી શકે છે.
4. **કટોકટીમાં આત્મવિશ્વાસને પ્રોત્સાહન આપે છે**: પ્રાથમિક સારવારનું જ્ઞાન વ્યક્તિઓને કટોકટીમાં ઝડપથી અને અસરકારક રીતે કાર્ય કરવા માટે સશક્ત બનાવે છે.
5. **વ્યવસાયિક તબીબી પ્રતિકારને ટેકો આપે છે**: પ્રાથમિક સારવાર આવશ્યક પ્રારંભિક સારસંભાળ પૂરી પાડે છે, તબીબી સારવાર આપનારાઓના આગમન પર દર્દીને વ્યવસાયિક તબીબી સારવાર માટે તૈયાર કરે છે.

**પ્રાથમિક સારવાર કીટ (First Aid Kit)**

પ્રાથમિક સારવાર કીટ એ કટોકટી દરમિયાન તાત્કાલિક સારસંભાળ માટે જરૂરી પુરવઠાનો સંગ્રહ છે, જે વ્યવસાયિક મદદ આવે ત્યાં સુધી ઇજાઓ અથવા બીમારીઓની સારવાર કરે છે.

**મુખ્ય ઘટકો:**

1. **પાટો અને ડ્રેસિંગ**: ઘા અને રક્તસ્રાવ માટે.
2. **એન્ટિસેપ્ટિક્સ**: ચેપને સાફ કરવા અને અટકાવવા માટે.
3. **ટૂલ્સ**: સલામત હેન્ડલિંગ માટે કાતર (Scissors), ટ્વીઝર (tweezers) અને મોજા (gloves).
4. **દવા**: પીડામાં રાહત માટે દર્દનાશકો અને એન્ટિહિસ્ટેમાઈન્સ (antihistamines) .
5. **કટોકટીની વસ્તુઓ**: CPR માસ્ક, થર્મલ ધાબળો, ફ્લેશલાઇટ.
6. **અન્ય આવશ્યક વસ્તુઓ**: એડહેસિવ ટેપ (Adhesive tape), કોટન સ્વેબ (cotton swabs), બર્ન મલમ (burn ointments).

**કટોકટીના પ્રતિકારમાં ભૂમિકાઓ અને જવાબદારીઓ**

1. **પ્રથમ પ્રતિકાર આપનારાઓ**: પ્રથમ પ્રતિકાર આપનારાઓમાં પોલીસ અધિકારીઓ, અગ્નિશામકો, પેરામેડિક્સ અને કટોકટી તબીબી ટેકનિશિયન (EMTs) જેવા કટોકટી કર્મચારીઓનો સમાવેશ થાય છે.

   **જવાબદારીઓ**: તેઓ ઘણીવાર કટોકટી દરમિયાન ઘટનાસ્થળે પ્રથમ પહોંચી જતા હોય છે, જેમને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાનું, તાત્કાલિક સહાય પૂરી પાડવાનું અને જાહેર સલામતી સુનિશ્ચિત કરવાનું કામ સોંપવામાં આવે છે. તેમના દ્વારા લેવામાં આવતા ઝડપી પગલાં જીવન બચાવવા અને નુકસાન ઘટાડવા માટે મહત્વપૂર્ણ હોય છે.

2. **સામુદાયિક સંગઠનો**: આ સ્થાનિક જૂથો છે જે કટોકટી દરમિયાન સહાયક સેવાઓ પૂરી પાડે છે, જેમાં બિન-લાભકારી (non-profits) સંસ્થાઓ, સ્વયંસેવક સંગઠનો અને ધાર્મિક જૂથોનો સમાવેશ થાય છે.

   **જવાબદારીઓ**: તેઓ ઘણીવાર અસરગ્રસ્ત વ્યક્તિઓ માટે સંશાધન વિતરણ, આશ્રય સ્થાનની જોગવાઈ અને ભાવનાત્મક સહાયમાં મદદ કરે છે. તેઓ સામુદાયિક તૈયારી અને રીકવરીના પ્રયાસોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જરૂર પડે ત્યારે સ્વયંસેવકો અને પુરવઠો એકત્રિત કરે છે.

3. **સરકારી એજન્સીઓ**: સ્થાનિક, રાજ્ય અને કેન્દ્ર સરકારની એજન્સીઓ, જેમાં કટોકટી વ્યવસ્થાપન કચેરીઓ, જાહેર આરોગ્ય વિભાગો અને આપત્તિ રાહત એજન્સીઓનો સમાવેશ થાય છે.

   **જવાબદારીઓ**: આ સંસ્થાઓ નીતિઓ બનાવે છે, કટોકટી પ્રતિકાર યોજનાઓનું સંકલન કરે છે, સંશાધનો ફાળવે છે અને ભંડોળ તેમજ ટેકનોલોજીકલ સહાય પૂરી પાડે છે.
   તેઓ વિવિધ હિત્ધારકો વચ્ચે વાતચીતને પણ સરળ બનાવે છે અને નિયમો તેમજ સલામતી પ્રોટોકોલનું પાલન સુનિશ્ચિત કરે છે.

**કટોકટી માટે આયોજન**

કટોકટી માટે આયોજનમાં સંભવિત કટોકટીઓ આવે તે પહેલાં અસરકારક રીતે તેનું સંચાલન કરવા માટે માળખાગત વ્યૂહરચનાઓ અને પ્રોટોકોલ વિકસાવવાનો સમાવેશ થાય છે. કટોકટી આયોજનના મુખ્ય ઘટકોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

1. **જોખમ મૂલ્યાંકન**: પર્યાવરણ માટે વિશિષ્ટ સંભવિત જોખમો (દા.ત., કુદરતી આફતો, તબીબી કટોકટીઓ) ઓળખો અને તેનું મૂલ્યાંકન કરો જેથી નબળાઈઓ સમજી શકાય.
2. **કટોકટી કાર્ય યોજના (EAP)**: વિગતવાર એક EAP બનાવો જે વિવિધ પ્રકારની કટોકટીઓ માટે પ્રક્રિયાઓની રૂપરેખા આપે છે, જેમાં ભૂમિકાઓ અને જવાબદારીઓ, સંદેશાવ્યવહારની વ્યૂહરચનાઓ, સ્થળાંતરના માર્ગો અને સંશાધન ફાળવણીનો સમાવેશ થાય છે.
3. **તાલીમ અને કવાયત**: નિયમિત તાલીમ સત્રો અને કવાયતોનું આયોજન કરો જેથી ખાતરી થાય કે સામેલ દરેક વ્યક્તિ યોજનાને સમજે છે અને કટોકટી દરમિયાન તેને અસરકારક રીતે અમલમાં મૂકી શકે છે.
4. **સંશાધન વ્યવસ્થાપન**: પ્રતિકારના પ્રયાસોને ટેકો આપવા માટે પ્રાથમિક સારવાર પુરવઠો, સંદેશાવ્યવહારના સાધનો અને પરિવહન વિકલ્પો જેવા જરૂરી સંશાધનોને ઓળખીને સુરક્ષિત કરો.
5. **સત્તાવાળાઓ સાથે સંકલન**: પ્રતિકાર ક્ષમતાઓ વધારવા અને કટોકટી દરમિયાન એકીકૃત અભિગમ સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક કટોકટી સેવાઓ અને સંગઠનો સાથે વાતચીત અને સહયોગ સ્થાપિત કરો.
6. **સમીક્ષા અને અપડેટ**: પર્યાવરણમાં થતા ફેરફારો, નવા જોખમો અને અગાઉની ઘટનાઓમાંથી શીખેલા પાઠ પર આત્મ-ચિંતન કરવા માટે કટોકટી યોજનાની નિયમિતપણે સમીક્ષા કરીને તેને અપડેટ કરો.

**સ્થળ પર કટોકટીની ઓળખ અને મૂલ્યાંકન**

સ્થળ પર કટોકટીની ઓળખ અને મૂલ્યાંકનમાં યોગ્ય પ્રતિકાર નક્કી કરવા માટે પરિસ્થિતિનું ઝડપથી મૂલ્યાંકન કરવાનો સમાવેશ થાય છે. આ પ્રક્રિયામાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

1. **પ્રારંભિક મૂલ્યાંકન**: જોખમો, અસરગ્રસ્ત વ્યક્તિઓ અને એકંદર પર્યાવરણને ઓળખવા માટે ઘટનાસ્થળના દ્રશ્યનું ઝડપી મૂલ્યાંકન કરો. આગ, છલકાતું પાણી અથવા માળખાકીય નુકસાન જેવા ભયના સંકેતો શોધો.
2. **કટોકટીની પ્રકૃતિ ઓળખો**: પ્રતિકાર માટે માર્ગદર્શન આપવા માટે કટોકટીનો પ્રકાર (દા.ત., તબીબી સમસ્યા, કુદરતી આપત્તિ અથવા સુરક્ષા ખતરો) નક્કી કરો. પ્રત્યક્ષદર્શીઓ પાસેથી માહિતી એકત્રિત કરવાથી મૂલ્યવાન સંદર્ભ મળી શકે છે.
3. **ગંભીરતાનું મૂલ્યાંકન કરો**: અસરગ્રસ્ત વ્યક્તિઓની સ્થિતિ અને કોઈપણ નુકસાનની હદ ચકાસીને પરિસ્થિતિની ગંભીરતાનું મૂલ્યાંકન કરો. આ મૂલ્યાંકન તાકીદના પગલાંને પ્રાથમિકતા આપવામાં મદદ કરે છે.
4. **સલામતી પ્રોટોકોલ સ્થાપિત કરો**: પ્રોટોકોલ સ્થાપિત કરીને સ્થળ પરના તમામ વ્યક્તિઓની સલામતીની ખાતરી કરો, જેમ કે વિસ્તારને સુરક્ષિત કરવો અને જરૂરિયાતમંદોને પ્રાથમિક સારવાર પૂરી પાડવી.
5. **સંદેશાવ્યવહાર**: પરિસ્થિતિ, સ્થાન અને કોઈપણ તાત્કાલિક જરૂરિયાતો વિશે વિગતો આપીને કટોકટી સેવાઓ અથવા અન્ય પ્રતિકાર કરનારાઓને મહત્વપૂર્ણ માહિતી આપો.
6. **દસ્તાવેજીકરણ**: મૂલ્યાંકન દરમિયાન લેવામાં આવેલા અવલોકનો અને પગલાંનો રેકોર્ડ રાખો જેથી પછીથી સમીક્ષા કરી શકાય અને પ્રતિકાર માટે વધુ પ્રયાસો હાથ ધરી શકાય.

## પ્રવૃત્તિઓ

**પ્રવૃત્તિ 1**: કટોકટીની પરિસ્થિતિઓ માટે મોક ડ્રીલ

**જરૂરી સામગ્રી**: પ્રાથમિક સારવાર કીટ, કટોકટીના પગલાં દર્શાવતા ચાર્ટ, સ્ટોપવોચ.

**પ્રક્રિયા**:

- નાના જૂથો બનાવો (દરેકમાં 3-4 વિદ્યાર્થીઓ).
- દરેક જૂથને ચોક્કસ કટોકટીની પરિસ્થિતિ સોંપો (દા.ત., હીટ સ્ટ્રોક, એલર્જીક રીએક્શન, કાર્ડિયાક અરેસ્ટ).
- જૂથને તેમના સોંપાયેલ પરિસ્થિતિનો પ્રતિકાર કરવા માટે જરૂરી સામગ્રી અને સૂચનાઓ આપો.
- દરેક જૂથ તેમના દૃશ્યનું પ્રદર્શન કરે છે, જેમાં એક વિદ્યાર્થી અસરગ્રસ્ત વ્યક્તિની ભૂમિકા ભજવે છે અને અન્ય લોકો કટોકટીના પગલાં લે છે.
- તેમના પ્રતિકારનો સમય કાઢો અને દરેક જૂથ માટે મુખ્ય પગલાં અને સુધારાઓની ચર્ચા કરો.
- જૂથોમાં દૃશ્યોની ફેરબદલી કરો, ખાતરી કરો કે દરેક વ્યક્તિ દરેક પ્રકારની પ્રેક્ટિસ કરે છે.

**પ્રવૃત્તિ 2**: કટોકટી પ્રતિકાર ભૂમિકા-નાટક

**જરૂરી સામગ્રી**: પરિસ્થિતિ કાર્ડ, અને કટોકટી માટે પ્રોપ્સ (દા.ત., નકલી લોહી, આઈસ પેક (ice pack) અથવા સ્લિંગ (sling).

**પ્રક્રિયા**:

- ભૂમિકાઓ સોંપો (દા.ત., પ્રતિકાર આપનાર, પીડિત, નિરીક્ષક) અને વિવિધ પ્રોપ્સ સાથે તૈયાર થાઓ.
- એક દૃશ્ય રજૂ કરો, જેમ કે અચાનક પડી જવાથી ગરદનમાં ઇજા થવાથી, રમતગમતની ઇવેન્ટ દરમિયાન ગરમીના સ્ટ્રોકના લક્ષણો, અથવા કોઈ ખોરાક ફસાઈ જવાથી ગૂંગળામણથી પીડાય છે.
- "પ્રતિકાર કરનાર" એ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવું જોઈએ, પ્રાથમિક સારવારના સિદ્ધાંતો અનુસાર કાર્ય કરવું જોઈએ અને તેમની ક્રિયાઓ સમજાવવી જોઈએ.
- "નિરીક્ષક" પ્રતિકાર કરનારની ક્રિયાઓનું મૂલ્યાંકન કરે છે અને રચનાત્મક પ્રતિભાવ આપે છે.
- ભૂમિકાઓ અરસપરસ બદલો જેથી દરેકને પ્રેક્ટિસ અને અવલોકન કરવાની તક મળે.

## તમારી પ્રગતિ તપાસો

**A. બહુવિધ વિકલ્પ પસંદગીના પ્રશ્નો**

1. અસરકારક કટોકટી પ્રતિકાર શા માટે મહત્વપૂર્ણ છે?

   a) તે ફક્ત મિલકતના નુકસાન પર ધ્યાન કેન્દ્રિત કરે છે
   b) તે અણધારી ઘટનાઓ દરમિયાન જીવન, મિલકત અને પર્યાવરણનું રક્ષણ કરે છે
   c) તે મુખ્યત્વે નાણાકીય ખર્ચ સાથે સંબંધિત છે
   d) તે ફક્ત કુદરતી આફતોને સંબંધિત છે

2. અસરકારક કટોકટી પ્રતિકારમાં પ્રથમ પગલું શું છે?

   a) જનતા સાથે વાતચીત
   b) તાત્કાલિક સ્થળાંતર
   c) યોજનાઓ તૈયાર કરવી અને વિકસાવવી
   d) આપત્તિમાંથી બહાર આવવું

3. કટોકટીમાં પ્રથમ પ્રતિકાર કરનારાઓની ભૂમિકા શું હોય છે?

   a) તેઓ લાંબા ગાળાની રીકવરી સેવાઓ પૂરી પાડે છે
   b) તેઓ ઘટનાસ્થળે પહોંચનારા પ્રથમ હોય છે, તાત્કાલિક ઘટનાનું મૂલ્યાંકન કરે છે અને સહાય પૂરી પાડે છે
   c) તેઓ કટોકટીના ફક્ત નાણાકીય પાસાઓને સંભાળે છે
   d) તેઓ મિડિયાના પ્રતિભાવનું સંકલન કરે છે

4. પ્રાથમિક સારવાર પૂરી પાડવાનો મુખ્ય હેતુ શું છે?

   a) વ્યવસાયિક તબીબી સારવારને બદલવા માટે
   b) વ્યવસાયિક તબીબી મદદ ન આવે ત્યાં સુધી દર્દીને સ્થિર કરવા માટે
   c) અદ્યતન સર્જિકલ પ્રક્રિયાઓ કરવા માટે
   d) કટોકટીના પ્રતિકારમાં વિલંબ કરવા માટે

5. કટોકટી કાર્ય યોજના (EAP) નો મુખ્ય ઉદ્દેશ્ય શું છે?

a) ઉપલબ્ધ બધા સંશાધનોની વિગતવાર યાદી પૂરી પાડવી
b) વિવિધ કટોકટીઓ માટે પ્રક્રિયાઓની રૂપરેખા આપવી અને ભૂમિકાઓ તેમજ જવાબદારીઓ સોંપવી
c) ફક્ત સ્થળાંતરના માર્ગો પર ધ્યાન કેન્દ્રિત કરવું
d) કટોકટી માટે સંદેશાવ્યવહારની વ્યૂહરચનાઓની યાદી આપવી

## સત્ર 2: રમતના મેદાનમાં કટોકટી

રમતના મેદાનમાં કટોકટી અણધારી રીતે આવી શકે છે, જેમાં નાની ઇજાઓથી લઈને હીટ સ્ટ્રોક અથવા હૃદયરોગ જેવી ગંભીર સ્વાસ્થ્ય કટોકટીઓ સામેલ છે. સહભાગીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે અસરકારક પ્રતિકાર અને તૈયારી જરૂરી છે. કટોકટી કાર્ય યોજનાઓ લાગુ કરીને અને સ્ટાફને તાલીમ આપીને, સંકળાયેલા તમામ માટે સુરક્ષિત વાતાવરણ બનાવી શકાય છે.

રમતના મેદાનમાં કટોકટી વિવિધ ઘટનાઓમાંથી ઉદ્ભવી શકે છે, જેમાં અકસ્માતો, તબીબી કટોકટીઓ અને પર્યાવરણીય જોખમો સામેલ છે. સંભવિત જોખમોને સમજવા અને અસરકારક રીતે કેવી રીતે પ્રતિક્રિયા આપવી તે જાણવું એ બધા સહભાગીઓની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ છે.

રમતના મેદાનમાં કટોકટીઓ અણધારી રીતે આવી શકે છે અને સલામતી સુનિશ્ચિત કરવા માટે ઝડપી પગલાં લેવાની જરૂર પડે છે. સામાન્ય સમસ્યાઓમાં ઇજાઓ, એલર્જીક રીએક્શન અને હીટ સ્ટ્રોક જેવી તબીબી કટોકટીઓનો સમાવેશ થાય છે, જેમાં સુલભ પ્રાથમિક સારવાર કીટ અને મૂળભૂત પ્રાથમિક સારવાર અને CPR માં તાલીમ પામેલા સ્ટાફની જરૂર પડે છે. હવામાન સંબંધિત કટોકટીઓ, જેમ કે વીજળી અથવા ભારે ગરમી, માટે સ્પષ્ટ આશ્રયસ્થાન સ્થાન અંગેના પ્રોટોકોલની જરૂર પડે છે. સાધનોની ખામી અને પર્યાવરણીય જોખમો સહિત સલામતી જોખમોનું નિયમિતપણે મૂલ્યાંકન કરવું જોઈએ. સંઘર્ષ અથવા આક્રમકતા જેવી વર્તણૂકીય કટોકટીઓ માટે સંઘર્ષ નિવારણમાં સ્ટાફને તાલીમની જરૂર પડે છે. ગુમ થયેલા બાળકોને શોધવા અને બારીક દેખરેખ સુનિશ્ચિત કરવા માટેના પ્રોટોકોલ આવશ્યક છે. સલામતી માટે વ્યાપક કટોકટી પ્રતિકાર યોજના, સ્ટાફ તાલીમ અને અસરકારક સંદેશાવ્યવહાર મહત્વપૂર્ણ છે.

**પ્રાથમિક સારવાર પ્રક્રિયાઓ**

કટોકટીમાં તાત્કાલિક સારસંભાળ પૂરી પાડવા માટે પ્રાથમિક સારવાર પ્રક્રિયાઓ મહત્વપૂર્ણ છે અને તે રીકવરીના પરિણામોને નોંધપાત્ર રીતે અસર કરી શકે છે. મુખ્ય પગલાંઓમાં નીચેના પગલા સામેલ છે:

1. **પરિસ્થિતિનું મૂલ્યાંકન કરો**: સલામતી માટે ઘટનાસ્થળનું મૂલ્યાંકન કરો, પછી ઘાયલ વ્યક્તિની ઇજાઓની પ્રકૃતિ નક્કી કરવા માટે તેની સ્થિતિનું મૂલ્યાંકન કરો.
2. **મદદ માટે કૉલ કરો**: જો ઇજા ગંભીર હોય અથવા મૂળભૂત પ્રાથમિક સારવારના અવકાશની બહાર હોય, તો તાત્કાલિક કટોકટી સેવાઓનો સંપર્ક કરો.
3. **સારસંભાળ પૂરી પાડો**: ઇજાના આધારે યોગ્ય પ્રાથમિક સારવાર આપો, જેમાં નીચેની બાબતો સામેલ હોઈ શકે છે:
   i. **CPR**: કોઈ પ્રતિભાવ ન આપતી વ્યક્તિઓ અથવા શ્વાસ ન લેનારાઓ માટે.
   ii. **રક્તસ્ત્રાવ નિયંત્રિત કરો**: રક્તસ્ત્રાવ બંધ કરવા માટે ઘા પર દબાણ આપો.

iii. આઘાતની સારવાર: વ્યક્તિને શાંત અને હુંફાળા રાખો, શક્ય હોય તો તેમના પગ ઉંચા કરો.
iv. ઇજાઓમાં સ્થિરતા લાવો: સ્પ્લિન્ટ્સ અથવા પાટા વડે ફ્રેક્ચર અથવા મચકોડને સ્થિર કરો.

4. **સ્થિતિનું નિરીક્ષણ કરો**: વ્યક્તિની સ્થિતિ પર નજર રાખો, કોઈપણ ફેરફારો નોંધો, અને વ્યવસાયિક મદદ આવે ત્યાં સુધી વધુ સહાય પૂરી પાડવા માટે તૈયાર રહો.
5. **ઘટનાનું દસ્તાવેજીકરણ કરો**: ભવિષ્યના સંદર્ભ અને રિપોર્ટિંગ માટે ઈજા, પૂરી પાડવામાં આવેલી સારસંભાળ અને કોઈપણ સંબંધિત માહિતીની વિગતો રેકોર્ડ કરો.

**શારીરિક શિક્ષણ અને રમતગમતમાં સામાન્ય કટોકટી**

1. **તબીબી કટોકટી**

- **ગરમી સંબંધિત બીમારીઓ**: ગરમીનો થાક (heat exhaustion) અને હીટ સ્ટ્રોક જેવી પરિસ્થિતિઓ શારીરિક પ્રવૃત્તિઓ દરમિયાન થઈ શકે છે, ખાસ કરીને ગરમ હવામાનમાં. લક્ષણો ઓળખવા અને તાત્કાલિક સંભાળ પૂરી પાડવી જરૂરી છે.
- **એલર્જીક રીએક્શન**: ગંભીર એલર્જી એનાફિલેક્સિસ (anaphylaxis) તરફ દોરી શકે છે, જેના માટે એપિનેફ્રાઇન ((epinephrine) નું સંચાલન કરવા અને કટોકટી સેવાઓનો સંપર્ક કરવા માટે ઝડપી પગલાં લેવાની જરૂર પડે છે.
- **ઇજાઓ**: સામાન્ય ઇજાઓમાં મચકોડ, ફ્રેક્ચર અને કાપાનો સમાવેશ થાય છે. આ પરિસ્થિતિઓને સંચાલિત કરવા માટે યોગ્ય મૂલ્યાંકન અને પ્રાથમિક સારવાર મહત્વપૂર્ણ છે.

2. **અકસ્માતો**

- **પડી જવું**: દોડતી વખતે અથવા રમતી વખતે વિદ્યાર્થીઓ પડી શકે છે, જેના કારણે સંભવિત ઇજાઓ થઈ શકે છે. ઈજાની ગંભીરતા નક્કી કરવા માટે તાત્કાલિક મૂલ્યાંકન જરૂરી છે.
- **અથડામણો**: ખેલાડીઓ વચ્ચે આકસ્મિક અથડામણથી ઇજાઓ થઈ શકે છે. આ ઇજાઓનું મૂલ્યાંકન અને સારવાર કેવી રીતે કરવી તે જાણવું મહત્વપૂર્ણ છે.

3. **પર્યાવરણીય જોખમો**

- **હવામાન પરિસ્થિતિઓ**: વીજળી પડવી, ભારે ગરમી અથવા અચાનક તોફાન ગંભીર જોખમો પેદા કરી શકે છે. ખતરનાક હવામાનના સંકેતોને ઓળખવા અને કાર્ય યોજના તૈયાર રાખવી સલામતી માટે મહત્વપૂર્ણ છે.
- **અસુરક્ષિત સાધનો**: રમતના મેદાનો અને રમતગમતના સાધનોની સલામતી માટે નિયમિતપણે તપાસ કરવી જોઈએ. કોઈપણ જોખમોની સંબંધિતોને જાણ કરવી જોઈએ અને તાત્કાલિક નિરાકરણ લાવવું જોઈએ.

**કટોકટીના પ્રતિકાર માટેની વ્યૂહરચનાઓ**

1. **તૈયારી**: રમતના મેદાન માટે વિશિષ્ટ સ્પષ્ટ કટોકટી કાર્ય યોજના વિકસાવો અને તેનો પ્રસાર કરો, જેમાં વિવિધ કટોકટીઓ માટે પ્રોટોકોલનો સમાવેશ થાય છે.
2. **તાલીમ**: કટોકટીને ઓળખવા અને પ્રાથમિક સારવાર પ્રક્રિયાઓ લાગુ કરવા માટે સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે નિયમિત તાલીમ સત્રો યોજો.

3. **સંદેશાવ્યવહાર:** કટોકટીની જાણ કરવા માટે સ્પષ્ટ કોમ્યુનિકેશન ચેનલો સુનિશ્ચિત કરો, જેમાં કટોકટી સેવાઓ માટે સરળતાથી ઉપલબ્ધ સુલભ સંપર્ક નંબરોનો સમાવેશ થાય છે.
4. **પ્રાથમિક સારવારની તૈયારી:** રમતના મેદાનને પ્રાથમિક સારવાર કીટથી સજ્જ કરો અને ખાતરી કરો કે સ્ટાફના સભ્યો પ્રાથમિક સારવાર અને CPR માં તાલીમ પામેલા છે.
5. **કટોકટી પછીની સમીક્ષા:** ઘટના પછી, સુધારણા માટેના કોઈપણ ક્ષેત્રોને ઓળખવા અને સલામતી પદ્ધતિઓને મજબૂત બનાવવા માટે સમીક્ષા કરો.

**સલામતી માટે ક્ષેત્ર નિરીક્ષણ**

સલામતી માટે ક્ષેત્ર નિરીક્ષણમાં ઇજાઓ તરફ દોરી શકે તેવા સંભવિત જોખમોને ઓળખવા માટે રમતના મેદાન અથવા પ્રવૃત્તિ સ્થળનું વ્યવસ્થિત મૂલ્યાંકન કરવાનો સમાવેશ થાય છે. જેના મુખ્ય પગલાંઓમાં નીચેની બાબતો સામેલ છે (**કોષ્ટક 2.1**):

**કોષ્ટક 2.1: સલામતીના પગલાં**

| પગલાં | વર્ણન |
|---|---|
| **જોખમો ઓળખવા** | અવરોધો, અસમાન સપાટીઓ અથવા અસુરક્ષિત સાધનો શોધો જે જોખમો પેદા કરી શકે છે. |
| **પર્યાવરણીય પરિસ્થિતિઓ તપાસવી** | પ્રવૃત્તિઓ કરવા માટે સલામત વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે હવામાનની પરિસ્થિતિઓ, પ્રકાશ અને તાપમાનનું મૂલ્યાંકન કરો. |
| **સાધનોની સલામતી સુનિશ્ચિત કરવી** | રમતગમતના સાધનો અને રમતના માળખાંનો ઘસારો, યોગ્ય ઇન્સ્ટોલેશન અને સલામતી પાલન માટે નિરીક્ષણ કરો. |
| **કટોકટીમાં પહોંચવાના રસ્તાઓ** | ખાતરી કરો કે ઘટનાના કિસ્સામાં ઝડપી પ્રતિકાર માટે કટોકટીના માર્ગો ખુલ્લા અને સરળતાથી ઉપલબ્ધ હોય. |
| **નિયમિત જાળવણી** | સલામતીની પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરવા અને સમસ્યાઓનું તાત્કાલિક નિરાકરણ લાવવા માટે નિયમિત નિરીક્ષણનું સમયપત્રક ગોઠવો. |

**પ્રથમ પ્રતિકાર કરનારની ભૂમિકાઓ અને જવાબદારીઓ**

કટોકટીના વ્યવસ્થાપનમાં અને ભોગ બનનાર વ્યક્તિઓની સલામતી સુનિશ્ચિત કરવામાં પ્રથમ પ્રતિકાર કરનાર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેની મુખ્ય જવાબદારીઓમાં નીચેની બાબતો સામેલ છે:

1. **તાત્કાલિક મૂલ્યાંકન:** કટોકટીની પ્રકૃતિ અને ગંભીરતા નક્કી કરવા માટે પરિસ્થિતિનું ઝડપથી મૂલ્યાંકન કરો.
2. **પ્રાથમિક સારવાર પૂરી પાડો:** ઘાયલ વ્યક્તિઓને યોગ્ય પ્રાથમિક સારવાર આપો. તેમની સલામતી અને તેમને આરામ મળે તેની ખાતરી કરો.
3. **કટોકટી પ્રોટોકોલ સક્રિય કરો:** કટોકટી સેવાઓને સૂચિત કરીને પ્રતિકારનાં પ્રયાસોનું સંકલન કરીને કટોકટી કાર્ય યોજના (EAP) કાર્યાન્વિત કરો.

4. **અસરકારક રીતે વાતચીત કરો:** પરિસ્થિતિ અને કોઈપણ તબીબી જરૂરિયાતો અંગે અન્ય પ્રતિકાર કરનારાઓ, નજીકના લોકો અને કટોકટી કર્મચારીઓને આવશ્યક માહિતી આપો.
5. **ઘટનાનું દસ્તાવેજીકરણ કરો:** ઘટના, કરવામાં આવેલી કાર્યવાહી અને અસરગ્રસ્ત વ્યક્તિઓની સ્થિતિનો સચોટ રેકોર્ડ રાખો જેથી પછીથી સમીક્ષા અને રિપોર્ટિંગ કરી શકાય.
6. **સ્થળ પર સલામતી સુનિશ્ચિત કરો:** ઘટનાના વિસ્તારને સુરક્ષિત કરવા, વધુ ઇજાઓ થતી અટકાવવા અને મદદ આવે ત્યાં સુધી બધા સહભાગીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે પગલાં લો.

**પરિસ્થિતિઓ અને ઇજાઓના ઉદાહરણો**

**હીટસ્ટ્રોક (Heatstroke)**

હીટસ્ટ્રોક એ એક ગંભીર સ્થિતિ છે જે શરીરને વધુ ગરમ કરે છે, જે ઘણીવાર ઊંચા તાપમાને લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી અથવા સખત પરિશ્રમની પ્રવૃત્તિને કારણે થાય છે. જો તાત્કાલિક સારવાર ન કરવામાં આવે તો તે આરોગ્યને લઈને ગંભીર ગૂંચવણો તરફ દોરી જઈ શકે છે, કારણ કે શરીરની તાપમાનને નિયંત્રિત કરવાની ક્ષમતા નિષ્ફળ જાય છે. ગંભીર સ્વાસ્થ્ય જોખમોને રોકવા માટે સંકેતોને ઓળખવા અને તાત્કાલિક પગલાં લેવા ખૂબ જ મહત્વપૂર્ણ છે.

હીટસ્ટ્રોક ત્યારે થાય છે જ્યારે તમારા શરીરનું તાપમાન ઝડપથી વધે છે અને તમારું શરીર ઠંડુ થવામાં અસમર્થ છો. તે તમારા મગજ અને અન્ય મહત્વપૂર્ણ અવયવોને નુકસાન પહોંચાડીને જીવલેણ બની શકે છે. તે ગરમીમાં સખત પરિશ્રમની પ્રવૃત્તિ અથવા ખૂબ લાંબા સમય સુધી ગરમ જગ્યાએ રહેવાથી થઈ શકે છે. હીટસ્ટ્રોક અગાઉની કોઈપણ ગરમી સંબંધિત સ્થિતિ વિના થઈ શકે છે, જેમ કે ગરમીનો થાક (heat exhaustion).

**ચિહ્નો અને લક્ષણો**

1. 104 ડિગ્રી ફેરનહીટ કે તેથી વધુ તાવ
2. માનસિક સ્થિતિ અથવા વર્તનમાં ફેરફાર, જેમ કે મૂંઝવણ, બેચેની, અસ્પષ્ટ વાણી
3. ગરમ, શુષ્ક ત્વચા અથવા ભારે પરસેવો
4. ઉબકા અને ઉલટી
5. ત્વચા લાલ થઈ જવી
6. ઝડપી ધબકારા
7. ઝડપી શ્વાસ
8. માથાનો દુખાવો
9. મૂર્છા, જે વૃદ્ધોમાં પ્રથમ સંકેત હોઈ શકે છે.

**હીટસ્ટ્રોક માટે તાત્કાલિક પ્રાથમિક સારવાર**

1. વ્યક્તિને ઠંડા પાણીના ટબમાં અથવા ઠંડા શાવર (shower) નીચે મૂકો.
2. પાણીની પાઇપથી પાનીન છંટકાવ કરો.
3. ઠંડા પાણીનાં પોતા મૂકો.
4. ઠંડા પાણીથી છંટકાવ કરતી વખતે પંખો ચાલુ કરો.
5. ગરદન, બગલ અને જાંઘ પર આઈસપેક અથવા ઠંડા ભીના ટુવાલ મૂકો.
6. વ્યક્તિને ઠંડી ભીની ચાદરથી ઢાંકી દો.

**એલર્જિક રીએક્શન અને અસ્થમા**

અસ્થમા એ એક ક્રોનિક શ્વસન રોગ છે જેમાં બળતરા અને શ્વાસનમાર્ગ સાંકડો થવાનું લક્ષણ છે, જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડે છે. તે શ્વાસમાં ઘરઘરાટી (wheezing), ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ અને છાતી જકડાઈ જવાનું કારણ બની શકે છે, જે ઘણીવાર એલર્જિક ઘટકો, કસરત અથવા પર્યાવરણીય પરિબળોના કારણે થાય છે. અસ્થમાના કિસ્સામાં તેને ટાળવા, સૂચિત દવાઓનો ઉપયોગ કરવો અને અસ્થમાના હુમલાનો અસરકારક રીતે સામનો કરવા માટે કાર્ય યોજના બનાવવાનો સમાવેશ થાય છે.

**ગંભીર એલર્જીક પ્રતિક્રિયાના લક્ષણો**

1. શ્વાસમાં મુશ્કેલી અથવા શ્વાસ લેતા અવાજ થવો
2. જીભ પર સોજો
3. ગળામાં સોજો અથવા ગળું જકડાઈ જવું
4. બોલવામાં મુશ્કેલી
5. સતત ઉધરસ
6. સતત ચક્કર આવવા અથવા પડી જવું
7. નાના બાળકોમાં નિસ્તેજતા અને લથડવું
8. પેટમાં દુખાવો અને ઉલટી.

**ગંભીર એલર્જીક રીએક્શન (anaphylaxis)) માટે કટોકટીના પગલાઓ:**

1. વ્યક્તિને સપાટ સુવડાવો. તેમને ઊભા રહેવા કે ચાલવા ન દો
2. ઓટોઇન્જેક્ટર (જેમ કે epipen®)) વડે એડ્રેનાલિન (adrenaline) આપો
3. તબીબી કટોકટીમાં એમ્બ્યુલન્સ બોલાવો.

**અસ્થમાના હુમલાના લક્ષણો**

1. શ્વાસ લેવામાં મુશ્કેલી.
2. આરામથી બોલી શકતા નથી અથવા હોઠ વાદળી થઈ શકે છે.
3. ઝડપથી વધુ ખરાબ લક્ષણો દેખાય છે.
4. તેમના રિલીવર ઇન્હેલર (reliever inhaler) થી થોડી અથવા કોઈ રાહત થતી નથી.

**અસ્થમાના હુમલા માટે કટોકટીની પ્રાથમિક સારવાર**

1. શ્વાસનળીની આસપાસના સ્નાયુઓને આરામ આપવા માટે ઝડપથી અસર કરતી રાહતકારી દવાઓ - આ દવા અસ્થમાના હુમલા દરમિયાન વપરાતી દવા છે.
2. પ્રતિકારક દવા કે જે શ્વાસનળીને ધીમે ધીમે અસ્થમા પ્રેરક ઘટકો પ્રત્યે ઓછી સંવેદનશીલ બનાવે છે અને શ્વાસનળીની અંદર બળતરા ઘટાડે છે - તે તમને સ્વસ્થ રાખવામાં મદદ કરવા માટે દરરોજ લેવામાં આવે છે.
3. બે અલગ અલગ દવાઓની મદદથી સંયોજિત ઉપચાર.

**કાર્ડિયાક અરેસ્ટ (Cardiac arrest)**

કાર્ડિયાક અરેસ્ટ એ એક તબીબી કટોકટી છે જે ત્યારે થાય છે જ્યારે હૃદય અચાનક કાર્યક્ષમ રીતે ધબકતું બંધ થઈ જાય છે, જેના કારણે શરીરમાં રક્ત પ્રવાહ બંધ થઈ જાય છે. જે હૃદય રોગ, વિદ્યુત વિક્ષેપ (electrical disturbances) અથવા આઘાત (trauma) સહિત વિવિધ પરિબળોને કારણે થઈ શકે છે. જેને તાત્કાલિક ઓળખીને પગલાં લેવા, જેમ કે કટોકટી સેવાઓ માટે કૉલ કરવો અને કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન (CPR) કરવું અથવા ઓટોમેટેડ એક્સટર્નલ ડિફિબ્રિલેટર (AED) નો ઉપયોગ કરવો, જે બચવાની શક્યતા વધારવા અને કાયમી નુકસાન અટકાવવા માટે મહત્વપૂર્ણ છે. જો અચાનક કાર્ડિયાક અરેસ્ટથી વ્યક્તિનું હૃદય ધબકતું બંધ થઈ જાય તો તેનો જીવ બચાવવા માટે કટોકટી દરમિયાન કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન (CPR) કરવામાં આવે છે. જો CPR તાત્કાલિક કરવામાં આવે તો તે બચવાની શક્યતા વધારી શકે છે.

**આરોગ્ય સારસંભાળ પ્રોવાઈદર સિવાયના અથવા ઘટના સમયે હાજર પ્રત્યક્ષદર્શીઓ માટે CPR તાલીમ:**

આરોગ્ય સારસંભાળ પ્રોવાઈદર સિવાયના અથવા ઘટના સમયે હાજર પ્રત્યક્ષદર્શીઓ મોંઢે-થી-મોંઢાં માં શ્વાસ આપ્યા સિવાય compression only CPR, અથવા hands-only CPR આપે તે ઇચ્છનીય માનવામાં આવે છે.

**કટોકટીમાં તાત્કાલિક કાર્યવાહીનું મહત્વ:**

1. **બાળકોની સલામતી:** રમતના મેદાન જોખમી હોઈ શકે છે, અને કટોકટીનો ઝડપી પ્રતિકાર બાળકોની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરે છે.
2. **ઇજાઓ થતી અટકાવવી:** કટોકટી જેમ કે પડવું અથવા તબીબી સમસ્યા, દરમિયાન તાત્કાલિક કાર્યવાહી, વધુ ઇજા અને સ્વાસ્થ્ય સંબંધિત ગૂંચવણોને અટકાવી શકે છે.
3. **તૈયારીને પ્રોત્સાહન આપવું:** કટોકટી માટે નિયમિત તૈયારી કરવાથી સ્ટાફ અને સારસંભાળ રાખનારાઓને અસરકારક રીતે કેવી રીતે પગલાં લેવા તે જાણવામાં મદદ મળે છે, ગભરાટ અને મૂંઝવણ ઓછી થાય છે.
4. **આત્મવિશ્વાસ વધારવો:** માતાપિતા અને વાલીઓ જ્યારે જાણે છે કે સ્ટાફ કટોકટી માટે તાલીમ પામેલ છે અને તૈયાર છે, ત્યારે વિશ્વાસપાત્ર વાતાવરણ ઉભું કરે છે ત્યારે તેઓ ખાતરી અનુભવે છે.
5. **કાનૂની અને નૈતિક જવાબદારી:** સંસ્થાઓની ફરજ છે કે તેઓ સલામત વાતાવરણ પૂરું પાડે, અને કટોકટી માટે તૈયાર રહેવાથી કાનૂની જવાબદારીઓ પૂર્ણ કરવામાં મદદ મળે છે.
6. **વાતચીત:** યોજના બનાવવાથી માતાપિતા અને કટોકટી સેવાઓ પૂરી પાડનાર વ્યક્તિઓ સાથે સ્પષ્ટ વાતચીત શક્ય બને છે, જે ખાતરી કરે છે કે દરેકને જાણકારી અને સમર્થન મળે છે.
7. **સલામત વાતાવરણ બનાવવું:** નિયમિત કટોકટી કવાયત અને સલામતી પ્રક્રિયાઓની સમીક્ષાઓ સલામતીની સંસ્કૃતિ વિકસાવવામાં ફાળો આપે છે, જે બધા વપરાશકર્તાઓ માટે રમતના મેદાનોને વધુ સુરક્ષિત બનાવે છે.

## પ્રવૃત્તિઓ

**પ્રવૃત્તિ 1:** કટોકટીના પ્રતિકારની ભૂમિકા ભજવવી

**પ્રક્રિયા:**

- નાના જૂથો બનાવો અને દરેક જૂથને કટોકટીની ચોક્કસ પરિસ્થિતિ (દા.ત., હીટ સ્ટ્રોક, એલર્જીક રીએક્શન, પડી જવાથી ઇજા, અથવા વીજળી પડવાનો ભય) સોંપો.
- દરેક જૂથ એક સંક્ષિપ્ત ભૂમિકા ભજવવાની તૈયારી કરશે જેમાં નીચેની બાબતો સામેલ છે:
  a) કટોકટીની ઓળખ.
  b) તાત્કાલિક મૂલ્યાંકન અને લેવામાં આવેલા પગલાં.
  c) અન્ય લોકો સાથે વાતચીત (પ્રત્યક્ષદર્શીઓ, કટોકટી સેવાઓ આપનાર).
  d) તેમના દૃશ્યને અનુરૂપ પ્રાથમિક સારવારના પગલાં.
- જૂથો વર્ગ સમક્ષ તેમની ભૂમિકા રજૂ કરશે. દરેક પ્રેઝન્ટેશન પછી, સહાધ્યાયીઓ પ્રશ્નો પૂછી શકે છે અથવા પ્રતિભાવ આપી શકે છે.
- તમામ પ્રેઝન્ટેશન પછી, કટોકટી દરમિયાન ઝડપી મૂલ્યાંકન અને સંદેશાવ્યવહારના મહત્વ પર વર્ગમાં ચર્ચા કરો, જેમાં દરેક દૃશ્યમાંથી તેઓ શું શીખ્યા તે જણાવો.

**પ્રવૃત્તિ 2**: સલામતી નિરીક્ષણ મુલાકાત

**કાર્યવાહી**:

- સલામતી નિરીક્ષણ દરમિયાન શું ધ્યાન રાખવું તે અંગે વર્ગ સાથે ચર્ચા કરો, જેમ કે અસમાન સપાટીઓ, અસુરક્ષિત સાધનો અથવા પર્યાવરણીય જોખમો.
- રમતના મેદાન પર જાઓ. જોડીમાં અથવા નાના જૂથોમાં, ચેકલિસ્ટનો ઉપયોગ કરીને તેઓ જે જોખમો જૂએ છે તેની નોંધ કરવા કહો.
- દરેક જૂથ તેમના તારણો એકત્રિત કરશે અને શક્ય હોય તેવા ઉકેલો અથવા સુધારાઓ સૂચવશે (દા.ત., સાધનોનું સમારકામ, અવરોધો દૂર કરવા).
- જૂથો તેમના તારણો વર્ગ સમક્ષ રજૂ કરશે, દરેક ઓળખાયેલા જોખમના મહત્વ અને તેમના પ્રસ્તાવિત ઉકેલોની ચર્ચા કરશે.
- વર્ગ તરીકે, તારણોના આધારે એક સામૂહિક કાર્ય યોજના બનાવો, જેમાં દરેક સમસ્યાને ઉકેલવા માટે કોણ જવાબદાર રહેશે તે સામેલ છે.

## તમારી પ્રગતિ તપાસો

**A. બહુવિધ વિકલ્પ પસંદગીના પ્રશ્નો**

1. હીટસ્ટ્રોક ઇમરજન્સીનો સામનો કરવા માટેનું પ્રથમ પગલું કયું છે?

   a) CPR આપો
   b) વ્યક્તિને ઠંડા શાવર (shower) નીચે અથવા ટબમાં મૂકો
   c) ઇમરજન્સી સેવાઓને કૉલ કરો
   d) વ્યક્તિના કપાળ પર બરફ લગાવો

2. નીચેનામાંથી કયું અસ્થમાના હુમલાનું સામાન્ય લક્ષણ નથી?

   a) શ્વાસ લેવામાં તકલીફ
   b) છાતી જકડાઈ જવી
   c) અચાનક ઉબકા અને ઉલટી થવી
   d) હોઠ વાદળી થઈ જવા

3. જો કોઈને અચાનક કાર્ડિયાક અરેસ્ટનો અનુભવ થાય તો તાત્કાલિક શું કરવું જોઈએ?

   a) એડ્રેનાલિન આપો
   b) છાતીમાં દબાણ આપો
   c) વ્યક્તિ ભાનમાં આવે ત્યાં સુધી રાહ જુઓ
   d) ડૉક્ટરને બોલાવો

4. કટોકટીમાં પ્રથમ પ્રતિકાર આપનારની જવાબદારી નીચેનામાંથી કઈ છે?

   a) કટોકટીમાં મદદ માટે કૉલ કરો
   b) હોસ્પિટલને વિગતવાર તબીબી અહેવાલ આપો
   c) સંપૂર્ણ તબીબી તપાસ કરો

d) ઘટના સ્થળને યથાસ્થિતિ જાળવી રાખવાની ખાતરી કરો.

5. રમતના મેદાન માટે સર્વગ્રાહી કટોકટી કાર્ય યોજના (EAP) માં શું સામેલ હોવું જોઈએ?

a) ફક્ત પ્રાથમિક સારવાર કીટ
b) ભૂમિકાઓ અને જવાબદારીઓ સહિત કટોકટીઓ સમયની વિવિધ પ્રક્રિયાઓ
c) વાલીઓની સંપર્ક માહિતી
d) હવામાનની આગાહી

## સત્ર 3: કટોકટી કાર્ય યોજના તૈયાર કરો

રમતના મેદાનમાં કટોકટી અણધારી રીતે ઊભી થઈ શકે છે, જે નાની ઇજાઓથી લઈને જીવલેણ પરિસ્થિતિઓ સુધીના જોખમો ઉભા કરે છે. બધા સહભાગીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે ઝડપી અને અસરકારક પ્રતિકાર કરવો મહત્વપૂર્ણ છે. સારી રીતે વ્યાખ્યાયિત કટોકટી કાર્ય યોજનાઓ અને નિયમિત સ્ટાફ તાલીમનો અમલ કરવાથી તૈયારીમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. સુરક્ષિત વાતાવરણને પ્રોત્સાહન આપીને, આપણે જોખમો ઘટાડી શકીએ છીએ અને ઘટનાઓ બને ત્યારે અસરકારક રીતે પ્રતિકાર કરી શકીએ છીએ.

ઇમરજન્સી એક્શન પ્લાન (EAP) એ એક સર્વગ્રાહી દસ્તાવેજ છે જે કટોકટીનો અસરકારક રીતે પ્રતિકાર કરવા માટેની પ્રક્રિયાઓ અને પ્રોટોકોલની રૂપરેખા આપે છે. આ કટોકટી કાર્ય યોજના (EAP) નો હેતુ વ્યક્તિઓ, મિલકત અને પર્યાવરણને સુરક્ષિત રાખવા માટે કટોકટીનો પ્રતિકાર કરવા માટે સ્પષ્ટ, પગલું-દર-પગલું સૂચનો આપવાનો છે. આ યોજના તબીબી કટોકટી, આગ, કુદરતી આફતો અને કાર્યસ્થળ પરના અકસ્માતો સહિત વિવિધ પ્રકારની કટોકટીઓને આવરી લે છે.

1. **કટોકટી સમયના સંપર્કો**
   - કટોકટી સેવાઓ (અગ્નિ, પોલીસ, એમ્બ્યુલન્સ): 112 (અથવા સ્થાનિક કટોકટી નંબર)
   - પ્રાથમિક સારવાર ટીમ/નિયુક્ત તબીબી કર્મચારી: [નામ અને સંપર્ક નંબર]
   - બિલ્ડિંગ મેનેજર/સુવિધા વ્યવસ્થાપક: [નામ અને સંપર્ક નંબર]
   - કટોકટીના પ્રતિકાર માટેના કો.ઓર્ડીનેટર: [નામ અને સંપર્ક નંબર]
   - નજીકની હોસ્પિટલ: [નામ અને સંપર્ક નંબર]
   - ઝેર નિયંત્રણ: [નામ અને સંપર્ક નંબર]

2. **જોખમ મૂલ્યાંકન**
   - કાર્યસ્થળ, શાળા અથવા અન્ય વાતાવરણમાં સંભવિત જોખમો ઓળખો (દા.ત., આગ, તબીબી કટોકટી, કુદરતી આફતો, કાર્યસ્થળ પરના અકસ્માતો અથવા હિંસક ઘટનાઓ).
   - દરેક જોખમની સંભાવના અને સંભવિત ગંભીરતાનું મૂલ્યાંકન કરો.
   - જોખમનાં શમન માટેની યોગ્ય વ્યૂહરચનાઓ વિકસાવો.

3. **કટોકટી પ્રક્રિયાઓ**

કટોકટીની કાર્યવાહીમાં પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવું, અધિકારીઓને ચેતવણી આપવી, જરૂર પડ્યે સ્થળાંતર કરવું, પ્રાથમિક સારવાર આપવી અને સલામતી પ્રોટોકોલનું પાલન કરવાનો સમાવેશ થાય છે

**કોષ્ટક 2.2: કટોકટીના પ્રકારો અને કાર્યવાહી**

| કટોકટીનો પ્રકાર | પગલું | કાર્ય |
|---|---|---|
| a) તબીબી કટોકટી (Medical Emergency) | પગલું 1: પરિસ્થિતિનું મૂલ્યાંકન કરો | જોખમની તપાસ કરો (પીડિત અને પ્રતિકાર કરનારાઓની સલામતી સુનિશ્ચિત કરો). |
| | | તબીબી કટોકટીની પ્રકૃતિ ઓળખો (દા.ત., હૃદયરોગનો હુમલો, ઈજા, એલર્જીક રીએક્શન). |
| | પગલું 2: મદદ માટે કૉલ કરો | કટોકટી સેવાઓ (112 અથવા સ્થાનિક નંબર) ડાયલ કરો. |
| | | સ્થાન, કટોકટીની પ્રકૃતિ અને ચોક્કસ સૂચનાઓ વિશે સ્પષ્ટ માહિતી આપો. |
| | પગલું 3: મદદ માટે કૉલ કરો | જરૂર મુજબ પ્રાથમિક સારવાર આપો (સીપીઆર, રક્તસ્ત્રાવ નિયંત્રણ). |
| | | વ્યવસાયિક મદદ આવે ત્યાં સુધી વ્યક્તિ સાથે રહો. |
| | પગલું 4: મદદ માટે કૉલ કરો | ખાતરી કરો કે વ્યક્તિને અનુવર્તી (followup) સારસંભાળ (પરિવહન, દવા, વગેરે) મળે છે. |
| **b) આગ લાગવાથી ઉભી થતી કટોકટી** | પગલું 1: એલાર્મ વગાડો | ફાયર એલાર્મ સક્રિય કરો અને દરેકને તાત્કાલિક જગ્યા ખાલી કરવા માટે ચેતવણી આપો. |
| | પગલું 2: વિસ્તાર ખાલી કરો | કટોકટીમાં બહાર નીકળવાના રસ્તાઓનો ઉપયોગ કરીને તે વિસ્તાર ખાલી કરો. વિસ્તાર ખાલી કરાવવા માટે દર્શાવેલ માર્ગોને અનુસરો. |
| | | અગ્નિશામક સાધનોનો ઉપયોગ કરો (જો તાલીમ લીધેલ હોય અને સલામત હોય તો). |
| | પગલું 3: કટોકટી સેવાઓ માટે કૉલ કરો | આગના સ્થાનની વિગતો સાથે ફાયર વિભાગનો સંપર્ક કરો (112 અથવા સ્થાનિક નંબર ડાયલ કરો). |
| | પગલું 4: સુરક્ષિત ખુલ્લી જગ્યા પર ભેગા થાઓ | સુરક્ષિત વિસ્તારમાં ભેગા થાઓ અને કટોકટીનો પ્રતિકાર કરનારાઓ તરફથી સૂચનાઓની રાહ જુઓ. |
| **c) કુદરતી આફતો (ભૂકંપ, પૂર, વગેરે)** | પગલું 1: પરિસ્થિતિનું મૂલ્યાંકન કરો | ભૂકંપ દરમિયાન: નીચે નામી જાઓ, માથું ઢાંકો અને તમારા માથાનું રક્ષણ કરો. |
| | | પૂર દરમિયાન: ઊંચી જમીન પર જાઓ, પાણીમાં ચાલવાનું/વાહન ચલાવવાનું ટાળો. |
| | પગલું 2: કટોકટી સેવાઓ માટે કૉલ કરો | આપત્તિની જાણ કરવા અથવા સૂચનાઓ મેળવવા માટે કટોકટી સેવાઓ માટેના સંપર્ક નંબર ડાયલ કરો. |
| | પગલું 3: જો જગ્યા છોડવી સલામત હોય તો જગ્યા છોડી દો | જો વિસ્તાર છોડવો સલામત હોય તો જ વિસ્તાર ખાલી કરો, કટોકટી કર્મચારીઓના માર્ગદર્શનનું પાલન કરો. |

| | | |
|---|---|---|
| d) કાર્યસ્થળે અકસ્માત | પગલું 1: પરિસ્થિતિનું મૂલ્યાંકન કરો | ઘાયલ વ્યક્તિની સારવાર કરતા પહેલા ખાતરી કરો કે તે વિસ્તાર સુરક્ષિત છે. |
| | પગલું 2: પ્રાથમિક સારવાર પૂરી પાડો | જો જરૂર હોય તો પ્રાથમિક સારવાર (CPR, રક્તસ્રાવ નિયંત્રણ વગેરે) આપો. જો ખાતરી ન હોય તો ઈમરજન્સી રિસ્પોન્સ ટીમની રાહ જુઓ. |
| | પગલું 3: કટોકટી સેવાઓ માટે કૉલ કરો | જો ઈજા ગંભીર હોય તો તાત્કાલિક તબીબી સહાય માટે કૉલ કરો (112 અથવા સ્થાનિક નંબર). |
| | પગલું 4: ઘટનાનું દસ્તાવેજીકરણ કરો | અકસ્માતની વિગતો અને રિપોર્ટિંગ અને ફોલો-અપ માટે લેવામાં આવેલા પગલાંને નોંધી રાખો. |

4. **સ્થળાંતર યોજના**

- **સ્થળાંતર માર્ગો:** કટોકટીવાળા વિસ્તારમાંથી બહાર નીકળવાના રસ્તાઓ અને સલામત વિસ્તારો તરફ જતા માર્ગોને ચિહ્નિત કરો. ખાતરી કરો કે તમામ વ્યક્તિઓ ઇમારતને કેવી રીતે ખાલી કરવી તે જાણે છે.
- **સભા સ્થળો:** સભા વિસ્તારોને જોખમોથી દૂર રાખો. હાજરી તપાસો જેથી ખાતરી થાય કે દરેક વ્યક્તિનો હિસાબ રાખવામાં આવે.
- **વિશેષ જરૂરિયાતો:** ખાતરી કરો કે દિવ્યાંગતા અથવા વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતી વ્યક્તિઓને સ્થળાંતર દરમિયાન સહાય મળે.

5. **વાતચીત**

- **આંતરિક વાતચીત:** ખાતરી કરો કે સ્ટાફ અથવા કર્મચારીઓને કટોકટીની જાણ કરવામાં આવે અને શું પગલાં લેવા તે અંગે સ્પષ્ટ સૂચનાઓ હોય.
- **બાહ્ય વાતચીત:** સ્થાનિક ઈમરજન્સી રિસ્પોન્સ ટીમનો સંપર્ક કરો અને તેમને મહત્વપૂર્ણ માહિતી પહોંચાડો.
- **મિડિયાનો સંપર્ક:** મિડિયાની કોઈપણ પૂછપરછને સંભાળવા માટે પ્રવક્તા નિયુક્ત કરો.

6. **તાલીમ અને કવાયત**

- **નિયમિત કવાયત:** દરેક વ્યક્તિ પ્રક્રિયાઓથી પરિચિત છે તેની ખાતરી કરવા માટે સમયાંતરે આગ, પ્રાથમિક સારવાર અને સ્થળાંતર કવાયત ગોઠવો.
- **પ્રાથમિક સારવાર તાલીમ:** સ્ટાફનાં સભ્યોને પ્રાથમિક સારવાર તાલીમ આપો જેથી તેઓ તબીબી કટોકટીનો અસરકારક રીતે પ્રતિકાર કરી શકે.
- **યોજનાની સમીક્ષા:** નિયમિતપણે કટોકટી કાર્ય યોજનાની સમીક્ષા કરો અને અપડેટ કરો જેથી ખાતરી થાય કે તે સુસંગત અને અસરકારક રહે.

7. **કટોકટી સમયનો પુરવઠો**

ખાતરી કરો કે કટોકટી સમયે નીચેની સામગ્રી ઉપલબ્ધ હોય અને સરળતાથી પ્રાપ્ય હોય:

- પ્રાથમિક સારવાર કીટ
- અગ્નિશામક સાધનો
- ફ્લેશલાઇટ અને બેટરી
- કટોકટી સંપર્ક સૂચિ
- સ્થળાંતર માટે નકશા
- કટોકટીના સમય માટે ખોરાક અને પાણી પુરવઠો (જો લાગુ પડતું હોય તો)

8. **કટોકટી પછીનું મૂલ્યાંકન**

- કટોકટી પસાર થયા પછી, લેવાયેલ પગલાંની સમીક્ષા કરો.
- શું સારું રહ્યું અને સુધારણા માટેના ક્ષેત્રોનું મૂલ્યાંકન કરો.
- અસરગ્રસ્ત વ્યક્તિઓને સહાય પૂરી પાડો (પરામર્શ, તબીબી સારસંભાળ વગેરે).
- શીખેલા પાઠના આધારે યોજનાને જરૂરીયાત મુજબ અપડેટ કરો.

**કટોકટી યોજનાના ઘટકો**

1. **કટોકટી કર્મચારી:** તબીબી કર્મચારીઓ, લાઇસન્સ પ્રાપ્ત એથ્લેટિક ટ્રેનર્સ અને ઈમરજન્સી રિસ્પોન્સ ટીમો સહિત કટોકટીની પરિસ્થિતિઓનું સંચાલન કરવા માટે જવાબદાર નિયુક્ત વ્યક્તિઓ. યોજનામાં તેમની ભૂમિકા સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત હોવી જોઈએ.
2. **કટોકટી સંદેશાવ્યવહાર:** કટોકટી દરમિયાન મહત્વપૂર્ણ માહિતી રિલે કરવા માટેની સિસ્ટમ. આમાં કટોકટી સેવાઓને સૂચિત કરવા અને સ્ટાફ અને દર્શકોને માહિતી આપવા માટે સંચાર પદ્ધતિઓ (રેડિયો, ફોન, જાહેર સંબોધન પ્રણાલીઓ) અને પ્રોટોકોલનો સમાવેશ થાય છે.
3. **કટોકટી સાધનો:** આવશ્યક તબીબી પુરવઠો અને સાધનો જે રમતગમતની ઘટનાઓ દરમિયાન સરળતાથી ઉપલબ્ધ હોય છે. આમાં પ્રાથમિક સારવાર કીટ, સ્વચાલિત બાહ્ય ડિફિબ્રિલેટર (AED), સ્ટ્રેચર્સ અને આઈસ પેક સામેલ હોઈ શકે છે.
4. **લાઇસન્સ પ્રાપ્ત એથ્લેટિક ટ્રેનર્સની ભૂમિકા:** રમતગમત સંબંધિત ઇજાઓ માટે તાત્કાલિક સારસંભાળ પૂરી પાડવા માટે તાલીમ પામેલા વ્યાવસાયિકો. તેઓ ઇજાગ્રસ્ત રમતવીરોની સારસંભાળના મૂલ્યાંકન, સારવાર અને સંકલનમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.
5. **વિદ્યાર્થીઓના પ્રશિક્ષકોની ભૂમિકા:** ઘણીવાર લાઇસન્સ પ્રાપ્ત એથ્લેટિક ટ્રેનર્સને મદદ કરે છે, પ્રશિક્ષકો મૂળભૂત પ્રાથમિક સારવાર, સાધનોનું સંચાલન અને કટોકટી પુરવઠાનો સ્ટોક ઉપલબ્ધ છે તેની ખાતરી કરવામાં મદદ કરે છે.
6. **કોચની ભૂમિકા:** કોચ તેમના રમતવીરોની સલામતી માટે જવાબદાર છે અને કટોકટી યોજનાથી પરિચિત હોવા જોઈએ. તેઓએ કટોકટી દરમિયાન યોજનાના અમલીકરણમાં નેતૃત્વ કરવું જોઈએ અને સંદેશાવ્યવહારના પ્રયાસોને ટેકો આપવો જોઈએ.

**શારીરિક શિક્ષણ વર્ગો માટે પ્રાથમિક સારવાર કીટમાં આવશ્યક વસ્તુઓ**

દરેક શારીરિક શિક્ષણ વર્ગ માટે સારી રીતે ભરેલી પ્રાથમિક સારવાર કીટ એ પ્રોપ્સ (props) જેટલી જ મહત્વપૂર્ણ છે. કોઈપણ કટોકટીની સ્થિતિમાં શિક્ષક ઉપયોગ કરી શકે તે માટે પ્રાથમિક સારવાર કીટ સરળ પહોંચમાં હોવી જોઈએ. સારી રીતે ભરેલી પ્રાથમિક સારવાર કીટ તમને શારીરિક શિક્ષણ વર્ગ દરમિયાન સામાન્ય ઇજાઓનો અસરકારક રીતે જવાબ આપવા સક્ષમ બનાવશે.

સામાન્ય રીતે, પ્રાથમિક સારવાર કીટ બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ હોય છે. ભલે તે મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ હોય, શારીરિક શિક્ષણ આપતા શિક્ષકે તે જાણવાની જરૂર છે કે પ્રાથમિક સારવાર કીટમાં કઈ કઈ વસ્તુઓનો સમાવેશ થાય છે. પ્રાથમિક સારવાર કીટ માટે જરૂરી વસ્તુઓની યાદી (**કોષ્ટક 2.3**) નીચે આપેલ છે:

**કોષ્ટક 2.3: પ્રાથમિક સારવાર કીટમાં વસ્તુઓની યાદી**

| ક્રમ | સામગ્રી |
|---|---|
| 1. | પ્રાથમિક સારવાર અંગેની માર્ગદર્શિકા |
| 2. | જંતુરહિત ગેઝ પેડ (વિવિધ સાઈઝ) |

| | |
|---|---|
| 3. | એડહેસિવ ટેપ અને પાટો |
| 4. | સ્થિતિસ્થાપક પાટો |
| 5. | એન્ટિસેપ્ટિક વાઇપ્સ અને સોલ્યુશન |
| 6. | સાબુ |
| 7. | પીડા નિવારક (એસિટામિનોફેન, આઇબુપ્રોફેન) |
| 8. | ટ્વીઝર, કાતર, સેફ્ટી પિન |
| 9. | આઈસ પેક |
| 10. | થર્મોમીટર |
| 11. | CPR માઉથપીસ |
| 12. | ઇમરજન્સી કોન્ટેક્ટ લિસ્ટ |
| 13. | સ્પ્લિન્ટ |
| 14. | હાઇડ્રોકોર્ટિસોન ક્રીમ |
| 15. | ગ્લોવ્સ, |
| 16. | બ્લેન્કેટ |
| 17. | કેલામાઇન લોશન |
| 18 | ડેટોલ/સેવલોન |

**કટોકટી દરમિયાન DRABC ફ્રેમવર્ક**

DRABC એ પ્રાથમિક સારવાર સ્મૃતિશાસ્ત્ર છે જે કટોકટીમાં ઘાયલ અથવા બીમાર વ્યક્તિની સ્થિતિનું મૂલ્યાંકન કરીને સારસંભાળ પૂરી પાડવાના પ્રારંભિક પગલાંઓમાં રિસ્પોન્સ ટીમને માર્ગદર્શન આપવામાં મદદ કરે છે. કોષ્ટક 2.4 પ્રાથમિક સારવાર પૂરી પાડવા માટેનાં DRABC ફ્રેમવર્કનું વર્ણન કરે છે.

**કોષ્ટક 2.4: પ્રાથમિક સારવાર માટે DRABC**

| પ્રાથમિક સારવાર માટે DRABC | વર્ણન |
|---|---|
| **ખતરા (Danger) માટે D** | વધુ ઈજા થતી અટકાવવા માટે જે તે વિસ્તાર જોખમોથી મુક્ત છે તેની ખાતરી કરો. |
| **પ્રતિભાવ (Response) માટે R** | વ્યક્તિ સાથે વાત કરીને અથવા કોઈપણ પ્રતિક્રિયા જોવા માટે હળવા હાથે ટેપ કરીને સભાન છે કે નહીં તે તપાસો. |
| **શ્વસનમાર્ગ (Airways) માટે A** | વ્યક્તિને બાજુમાં માથું સહેજ નમેલું રાખીને શ્વસનમાર્ગ ખુલી જાય તેવા પ્રયાસ કરો. જો જરૂર પડે તો આ CPR માટે તૈયારી કરવામાં મદદ કરે છે. |
| **શ્વાસ (Breathing) માટે B** | નાક અને મોં પાસે શ્વાસની અનુભૂતિથી અથવા છાતીનું અવલોકન કરીને શ્વાસ ચાલે છે સકે કેમ તે તપાસો. જો શ્વાસ અનિયમિત અથવા ન ચાલતા હોય, તો પરિભ્રમણ તપાસ માટે આગળ વધો. |
| **પરિભ્રમણ (Circulation) માટે C** | રક્ત પરિભ્રમણના ચિહ્નો, જેમ કે હલનચલન અથવા ઉધરસ આવે છે તે માટે જુઓ. જો કોઈ ચિહ્નો ન જોવા મળે, તો વ્યક્તિ બેભાન હોઈ શકે છે અને તેને વધુ તબીબી સહાયની જરૂર હોઈ શકે છે. |

**પ્રાથમિક સારવાર - હેતુ અને મૂળભૂત સિદ્ધાંતો**

પ્રાથમિક સારવારનો હેતુ જીવન બચાવવું, સાજા થવામાં મદદ કરવી અને ઈજાને વધુ ખરાબ થતી અટકાવવાનો છે, જ્યાં સુધી ડૉક્ટરની સેવાઓ મળી ન જાય અથવા હોસ્પિટલ અથવા દર્દી ઘરે ન પહોંચે ત્યાં સુધી પરિવહન દરમિયાન. પ્રાથમિક સારવાર આપતી વખતે હંમેશા મદદ માટે કોઈને ફોન કરવા મોકલો.

**મૂળભૂત સિદ્ધાંતો**

1. પહેલા કામ ઝડપથી, શાંતિથી અને ગભરાટ વગર કરો
2. દર્દીને શક્ય તેટલું ઓછું ખસેડીને આઘાત આપવાથી બચો અથવા તેની સારવાર કરો.
3. વધુ પડતો પ્રયાસ કરશો નહીં
4. તણાવ ઓછો કરવા માટે દર્દી અને આસપાસના લોકોને આશ્વાસન આપો
5. કોઈપણ રક્તસ્રાવ બંધ કરો
6. જો શ્વાસ બંધ થઈ ગયો હોય તો કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપો.

**કાપો પડ્યો હોય, રક્તસ્રાવ, ગૂંગળામણ અને ગરમીના થાક (Heat Exhaustion) માટે પ્રાથમિક સારવાર**

**કાપા અને ઉઝરડા પડ્યા હોય**

કાપો અને ઉઝરડા એ ઘા મોટો થઈ શકે તેવો ભાગ છે. બાળકોની સલામતી વિશે ગભરાઈ ન જાઓ અને તેમને શોધખોળ કરતા અટકાવો. તે જ સમયે જાણી લો કે જ્યારે તેઓ પોતાને ઇજા પહોંચાડે ત્યારે શું કરવું. જો કાપા ઊંડા પડ્યા હોય અને રક્તસ્રાવ બંધ ન થાય, તો તબીબી સહાય મેળવો.

## કાપા અને ઉઝરડા માટે પ્રાથમિક સારવારના પગલાં

- **નાના કાપા:** નસોમાં નાના કાપા પડ્યા હોય તો, થોડીવારમાં રક્તસ્ત્રાવ બંધ થઇ જાય છે અને ગંઠાઈ જાય છે. પછી તે ભાગ ધોવા જોઈએ, અને તેના ઉપર ધીમેધીમે પ્લાસ્ટર લગાવવું જોઈએ.
- **ઊંડા કાપા:** નસોમાં ઊંડા કાપાથી લોહી વહે છે જે ધીમે ધીમે અને સતત બહાર નીકળે છે. જંતુરહિત અથવા સ્વચ્છ કપડાથી ઘા પર હળવું દબાણ આપીને તેને લોહી વહેતું રોકીને ત્યારબાદ સ્વચ્છ અથવા જંતુરહિત પાટો બાંધી શકાય છે. ઘણીવાર, આ ઘા પર ટાંકા લેવા અથવા ગ્લુઇંગ (gluing) કરવાની જરૂર પડે છે, અને તેથી પ્રાથમિક સારવાર પછી તબીબી સારવાર જરૂરી બની રહેશે.

**રક્તસ્ત્રાવ**

જ્યારે કોઈ વ્યક્તિને રક્તસ્ત્રાવ થઈ રહ્યો હોય, ત્યારે વધુ પડતા રક્તસ્ત્રાવને રોકવા માટે લોહીના પ્રવાહને ઝડપથી બંધ કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે, જે આઘાત અથવા અન્ય ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ તરફ દોરી શકે છે.
**રક્તસ્ત્રાવના ચિહ્નો:**

- દૃશ્યમાન લોહી
- લોહી વહેવું અથવા વહેતું લોહી
- લોહી એકઠું થવું
- લોહીમાં ભીંજાયેલા કપડાં અથવા પાટો

## રક્તસ્ત્રાવ માટે પ્રાથમિક સારવારના પગલાં

રક્તસ્ત્રાવના ઘા ની સારવાર માટેના પગલાં:

1. **ઘા ને ધોઈ નાખો:** કોઈપણ ગંદકી, કચરો અથવા ચેપ દૂર કરવા માટે ઘા ને સ્વચ્છ પાણીથી સાફ કરો. નુકસાન કરે તેવા રસાયણો, આલ્કોહોલ અથવા હાઇડ્રોજન પેરોક્સાઇડનો ઉપયોગ કરવાનું ટાળો, કારણ કે તે ઘા માં બળતરા કરી શકે છે.
2. **રક્તસ્ત્રાવ બંધ કરવા માટે દબાણ આપો:** રક્તસ્ત્રાવનાં ભાગ પર સીધું મજબૂત દબાણ આપવા માટે સ્વચ્છ કાપડ, સ્ટારાઈલ ગેઝ (sterile gauze) અથવા પાટાનો ઉપયોગ કરો. જે રક્તપ્રવાહને ધીમો અથવા બંધ કરવામાં મદદ કરે છે.
3. **ઇજાગ્રસ્ત ભાગને ઉંચો રાખો:** જો શક્ય હોય તો ઇજાગ્રસ્ત અંગને હૃદયના સ્તરથી ઉપર ઉઠાવો. અંગને ઉંચે કરવાથી તે ભાગમાં રક્તપ્રવાહ ઓછો થાય છે અને રક્તસ્ત્રાવ ધીમો થાય છે.

જો થોડી મિનિટોના દબાણ પછી રક્તસ્ત્રાવ ફરી શરૂ થાય છે અથવા બંધ ન થાય, તો દબાણ આપવાનું ચાલુ રાખો અને તાત્કાલિક કટોકટીની તબીબી સહાય મેળવો.

**ગૂંગળામણ**

જ્યારે કોઈ વસ્તુ, ખોરાક અથવા બાહ્ય પદાર્થ શ્વસનમાર્ગને અવરોધે છે, જે ફેફસામાં હવાના પ્રવાહને અટકાવે છે ત્યારે ગૂંગળામણ થાય છે. તે જીવલેણ બની શકે છે, કારણ કે તે મગજમાં ઓક્સિજનનાં પ્રવાહને કાપી નાખે છે. વ્યક્તિને તેમના શ્વસનમાર્ગને ચાલુ કરવામાં મદદ કરવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર પડે છે.

**ગૂંગળામણના ચિહ્નો:**

- શ્વાસ લેવામાં તકલીફ અથવા શ્વાસ ન આવવો
- બોલવામાં અસમર્થતા
- ખાંસી અથવા ગૂંગળામણ (કેટલાક કિસ્સાઓમાં)
- વ્યક્તિ હાથથી ગળું પકડી રાખે છે
- ગભરાટ અથવા તકલીફ
- ત્વચા વાદળી થઈ જાય છે (સાયનોસિસ)
- ચેતના ગુમાવવી (જો અવરોધ દૂર ન થાય તો)

## ગૂંગળામણ માટે પ્રાથમિક સારવારના પગલાં

1. **પરિસ્થિતિનું મૂલ્યાંકન કરો:**

- **હળવી ગૂંગળામણ (ખાંસી આવે છે અથવા બોલી શકે છે):** અવરોધ દૂર કરવા માટે વ્યક્તિને બળપૂર્વક ઉધરસ ખાવા માટે પ્રોત્સાહિત કરો. તેમની પીઠ થપથપાવશો નહીં અથવા તેમના મોંમાં કંઈપણ દબાણ કરવાનો પ્રયાસ કરશો નહીં, કારણ કે આ અવરોધને વધુ ખરાબ રીતે ફસાવી શકે છે.
- **ગંભીર ગૂંગળામણ (ખાંસવામાં, બોલવામાં અથવા શ્વાસ લેવામાં અસમર્થતા):** જો વ્યક્તિ શ્વાસ લઈ શકતો નથી, ખાંસી શકતો નથી અથવા બોલી શકતો નથી, તો તાત્કાલિક પગલાં લેવા જરૂરી છે.

2. **Heimlich Maneuver (Abdominal Thrusts) ની પ્રક્રિયા કરો.**

- **એક વર્ષથી વધુ ઉંમરના બાળક અથવા પુખ્ત વયના માટે**: વ્યક્તિની પાછળ ઊભા રહો અને તેમની કમરની આસપાસ તમારા હાથ વીંટાળો. તેમની નાભિ (પેટના બટન) ઉપર મુઠ્ઠી રાખો. તમારા બીજા હાથથી તમારી મુઠ્ઠી પકડો અને ઝડપી, અંદર અને ઉપર તરફ ધક્કો આપો. જ્યાં સુધી વસ્તુ બહાર ન નીકળી જાય અથવા વ્યક્તિ ફરીથી શ્વાસ લેવાનું શરૂ ન કરે ત્યાં સુધી ધક્કો મારતા રહો.
- **જો વ્યક્તિ બેભાન થઈ જાય**: જો વ્યક્તિ બેભાન થઈ જાય, તો તેને કાળજીપૂર્વક જમીન પર નીચે સુવાડો. તાત્કાલિક કટોકટી સેવાઓ માટે કૉલ કરો (અથવા બીજા કોઈને બોલાવો). CPR (કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન) શરૂ કરો. જો તાલીમ પામેલ હોય, તો છાતીમાં દબાણ આપો. દરેક દબાણ પછી, મોંઢાંમાં કોઈ અવરોધ દેખાય છે કે કેમ તે ચકાસવા માટે મોં તપાસો. જો વસ્તુ દૃશ્યમાન હોય, તો તેને દૂર કરો; જો નહીં, તો CPR ચાલુ રાખો.

**ગરમીનો થાક (Heat Exhaustion)**

ગરમીનો થાક (Heat Exhaustion) એ ગરમી સંબંધિત બીમારી છે જે લાંબા સમય સુધી ઊંચા તાપમાનના સંપર્કમાં રહેવાથી થઈ શકે છે, ખાસ કરીને જ્યારે ડિહાઇડ્રેશન અને શારીરિક શ્રમ વધારે કર્યો હોય ત્યારે થઇ શકે છે.

**ગરમીના કારણે થાક (Heat Exhaustion) લાગવાના ચિહ્નો અને લક્ષણો:**

- તીવ્ર તરસ
- સ્નાયુઓની નબળાઈ
- ઉબકા, ક્યારેક ઉલટી
- માથાનો દુખાવો
- પરસેવો વધવો
- ચેતનતામાં ઘટાડો અથવા ચેતના ગુમાવવી
- શ્વાસ લેવામાં તકલીફ

## ગરમીના થાક (Heat Exhaustion) માટે પ્રાથમિક સારવાર

1. **વ્યક્તિને ઠંડી જગ્યાએ ખસેડો:**
   - અસરગ્રસ્ત વ્યક્તિને ગરમ વાતાવરણમાંથી બહાર કાઢીને ઠંડા, છાંયડાવાળા વિસ્તારમાં અથવા શક્ય હોય તો એર-કન્ડિશન્ડ જગ્યામાં લઈ જાઓ.
2. **હાઇડ્રેટ:**
   - વ્યક્તિને પાણી અથવા ઇલેક્ટ્રોલાઇટ પીણાં પીવા માટે પ્રોત્સાહિત કરો (દારૂ અથવા કેફીન ટાળો). ધીમે ધીમે પીવડાવો, કારણ કે ખૂબ ઝડપથી પીવાથી ઉબકા કે ઉલટી થઈ શકે છે.
3. **આરામ:**
   - વ્યક્તિને સૂવડાવીને આરામ આપો. શરીરને ઠંડુ થવા દેવા માટે શ્રમ ટાળો.
4. **શરીરને ઠંડુ કરો:**
   - કપાળ, ગરદન, બગલ અને જાંઘ પર ઠંડુ (ખુબ ઠંડું નહીં) કપડું લગાવો.
   - જો ઉપલબ્ધ હોય તો પંખા અથવા એર-કન્ડિશનિંગનો ઉપયોગ કરો.

- o જો જરૂરી હોય તો વ્યક્તિને પાણી છાંટો અથવા હૂંફાળા શાવર (shower) નીચે મૂકવાનું વિચારો.

5. **મહત્વપૂર્ણ સંકેતોનું નિરીક્ષણ કરો:**
   - o વ્યક્તિના શ્વાસ અને પ્રતિભાવ પર નજર રાખો. જો તેની હાલત વધુ ખરાબ થઈ રહી હોય અથવા તે બેભાન થઈ જાય, તો તાત્કાલિક તબીબી સહાય મેળવો.
6. **જો જરૂરી હોય તો તબીબી સહાય મેળવો:**
   - o જો 30 મિનિટમાં લક્ષણોમાં સુધારો ન થાય અથવા હાલત વધુ ખરાબ થાય, તો આરોગ્યસંભાળ સેવા મેળવવા સંપર્ક કરો અથવા કટોકટી સેવાઓનો સંપર્ક કરો. જો વ્યક્તિ બેભાન થઈ જાય, શ્વાસ લેવામાં ગંભીર તકલીફ અનુભવે, અથવા હીટ સ્ટ્રોકના ચિહ્નો (જેમ કે બેચેની, ઝડપી ધબકારા, અથવા ખૂબ ઊંચું શરીરનું તાપમાન) દર્શાવે તો તાત્કાલિક તબીબી સારવાર ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**શ્વાસ લેવામાં તકલીફની સારવાર**

જો કોઈ વ્યક્તિ શ્વાસ લેવાનું બંધ કરી દે, તો જુઓ કે ખભા પર સ્પર્શ કરવાથી વ્યક્તિ બોલી શકે છે કે પ્રતિક્રિયા આપી શકે છે કે કેમ. જો નહીં, તો મદદ માટે કોઈને બોલાવો - અને તાત્કાલિક પ્રાથમિક સારવાર શરૂ કરો. મદદ માટે નજીકના લોકોને મોકલો. પરંતુ જો તમે એકલા હોવ, તો મદદ લેવા માટે જાઓ તે પહેલાં એક મિનિટ માટે બેઝિક લાઇફ સપોર્ટ આપો.

1. વ્યક્તિને ભોંયતળિયા પર તેની પીઠ પર મૂકો.
2. માથું નમાવો, જેથી હડપચી ઉપર તરફ નિર્દેશિત થાય. જડબાના હાડકા નીચે આંગળીઓ મૂકીને આ કરો, પછી વ્યક્તિના કપાળ પર હળવેથી દબાવતા ધીમેથી ઉપાડો? જીભ ગળાને અવરોધિત ન કરે તેની ખાતરી કરવા માટે આમ કરવામાં આવે છે.
3. શ્વાસ લે છે કે કેમ તે તપાસતી વખતે આ રીતે માથું પકડી રાખો. જુઓ કે છાતી ઉપર અને નીચે આવી રહી છે કે નહીં અથવા શ્વાસ સાંભળવા માટે તમારા કાન તેમના મોંની બાજુમાં રાખો અને તમારા ગાલ પર શ્વાસ અનુભવો. ફક્ત 10 સેકન્ડ માટે તપાસો.
4. જો સામાન્ય શ્વાસ ચાલી રહ્યો હોય, તો મદદ આવે ત્યાં સુધી ઉપર વર્ણવ્યા મુજબ માથું પકડી રાખો. જો શ્વાસ લેવામાં તકલીફ હોય અથવા શ્વાસ લેવાતો ન હોય, તો બેઝિક લાઇફ સપોર્ટ શરૂ કરો.

**રમતગમતની સામાન્ય ઇજાઓ**

રમતગમતની ઇજાઓ એવી ઇજાઓ છે જે સામાન્ય રીતે સંગઠિત રમતો, તાલીમ સત્રો અથવા ફિટનેસ પ્રવૃત્તિમાં ભાગ લેતી વખતે થાય છે. આ ઇજાઓ યોગ્ય સલામતી સાધનોના અભાવે, અયોગ્ય તાલીમ વગેરેને કારણે થઈ શકે છે. ઇજા તીવ્ર આઘાતજનક અથવા ક્રોનિક ઇજા હોઈ શકે છે. તીવ્ર આઘાતજનક ઇજા એક જ બળના ઉપયોગથી થાય છે, ઉદાહરણ તરીકે તાણ, મચકોડ, ફ્રેક્ચર વગેરે જ્યારે ક્રોનિક ઇજા પુનરાવર્તિત ખોટી તાલીમને કારણે સમયાંતરે થાય છે. આમાં સ્ટ્રેસ ફ્રેક્ચર (stress fracture), ટેન્ડિનાઇટિસ (tendinitis) વગેરેનો સમાવેશ થાય છે.

1. **મચકોડ:** અસ્થિબંધન એ પેશીઓ છે જે શરીરના સાંધાને સ્થિર કરે છે અને ટેકો આપે છે. મચકોડ એ અસ્થિબંધનના તંતુઓ ફાટી જવાથી અસ્થિબંધનને થતી ઇજા છે. જે લિગામેન્ટમાં આંશિક ફાટી શકે છે, અથવા તે સંપૂર્ણપણે ફાટી શકે છે. મચકોડાયેલા અસ્થિબંધન ઝડપથી ફૂલી જાય છે અને સામાન્ય રીતે, દુખાવો અને સોજો જેટલો વધારે હોય છે, તેટલી જ ગંભીર ઇજા હોય છે.

2. **સ્નાયુ ખેંચાણ**: સ્નાયુ ખેંચાણ એ સખત પ્રવૃત્તિના પરિણામે સ્નાયુમાં થતી ઇજા છે. ખેંચાણ એ સ્નાયુ અથવા સ્નાયુબંધનું ખેંચાણ અથવા ફાટી જવું તે છે.

## મચકોડ માટે પ્રાથમિક સારવાર

**R.I.C.E. ની સૂચનાઓનું પાલન કરો.**

1. **Rest**: ઇજાગ્રસ્ત અંગને આરામ આપો અને બધી પ્રવૃત્તિઓ ટાળો.
2. **Ice**: ઇજાગ્રસ્ત અંગ પર બરફ લગાવો. ઇજા પછી સોજો ઓછો કરવા માટે આઈસ પેકનો ઉપયોગ કરો. ઇજા પછી શક્ય તેટલી વહેલી તકે તે ભાગ પર બરફ લગાવવાનો પ્રયાસ કરો અને પહેલા 48 કલાક અથવા સોજો ઓછો થાય ત્યાં સુધી દિવસમાં ચારથી આઠ વખત 15 થી 20 મિનિટ સુધી બરફ લગાવતા રહો. તેનો વધુ સમય ઉપયોગ કરશો નહીં, કારણ કે આનાથી પેશીઓને નુકસાન થઈ શકે છે.
3. **Compress**: પાટા વડે લપેટીને તે ભાગને દબાણ આપો.
4. **Elevate**: સોજો અટકાવવા અથવા મર્યાદિત કરવામાં મદદ કરવા માટે શક્ય હોય ત્યારે ઇજાગ્રસ્ત અંગને તમારા હૃદયથી ઉપર ઉઠાવો.

# પ્રવૃત્તિઓ

**પ્રવૃત્તિ 1**: કટોકટી કાર્ય યોજના વિકસાવવાની

**પ્રક્રિયા:**

- તમારી શાળા અથવા સમુદાયમાં આવી શકે તેવી સામાન્ય કટોકટીઓ વિશે સંશોધન કરો. આમાં તબીબી સમસ્યાઓ (જેમ કે એલર્જીક રીએક્શન અથવા હીટ સ્ટ્રોક) અથવા કુદરતી આફતો (જેમ કે ભૂકંપ અથવા પૂર) સામેલ હોઈ શકે છે.
- તમારામાંથી દરેક (અથવા વિદ્યાર્થીઓનું જૂથ) એક EAP વિકસાવશે જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:
    - કટોકટીના પ્રકારનું સ્પષ્ટ વર્ણન.
    - પ્રતિકારમાં સામેલ વ્યક્તિઓ માટેની ભૂમિકાઓ અને જવાબદારીઓ (દા.ત., શિક્ષકો, વિદ્યાર્થીઓ, કટોકટી કર્મચારીઓ).
    - સંદેશાવ્યવહાર વ્યૂહરચના (કોનો સંપર્ક કરવો અને કેવી રીતે કરવો).
    - સ્થળાંતરના માર્ગો અથવા સલામતીનાં પગલાં.
    - કટોકટીને લગતી પ્રાથમિક સારવાર પ્રક્રિયાઓ.
- વર્ગ સમક્ષ તમારી EAP રજૂ કરો, દરેક ઘટકના મહત્વ પર પ્રકાશ પાડો અને ચર્ચા કરો કે તે કટોકટીને અસરકારક રીતે સંચાલિત કરવામાં કેવી રીતે મદદ કરશે.

**પ્રવૃત્તિ 2**: કટોકટીની તૈયારી માટેનું ચેકલિસ્ટ

**જરૂરી સામગ્રી:**

- ચેકલિસ્ટ માટે કાગળ અથવા ડિજિટલ ફોર્મેટ

- માર્કર અથવા પેન
- સંદર્ભ માટે પ્રાથમિક સારવાર માટેનો પુરવઠો (પટ્ટી, એન્ટિસેપ્ટિક્સ, ગેઝ (gauze) વગેરે)
- કટોકટીમાં સંપર્ક માટેના ટેમ્પ્લેટ (અગ્નિશામક, પોલીસ, એમ્બ્યુલન્સ, હોસ્પિટલ વગેરે માટે)
- સંપર્ક સૂચિ લગાડવા માટે ડિસ્પ્લે બોર્ડ અથવા સરળતાથી જોઈ શકાય તેવો વિસ્તાર

પ્રક્રિયા:

- **પ્રાથમિક સારવાર માટેની કીટનું ચેકલિસ્ટ બનાવો:**

  a) પ્રાથમિક સારવાર કીટ માટે આવશ્યક વસ્તુઓની યાદી મેળવો, જેમાં પાટો, એન્ટિસેપ્ટિક્સ, ગેઝ (gauze), ગ્લોવ્સ (gloves), પીડા નિવારક અને આઈસ પેકનો સમાવેશ થાય છે.
  b) જરૂરી વસ્તુઓ લખીને તમારી પોતાની પ્રાથમિક સારવાર માટેની કીટનું ચેકલિસ્ટ બનાવો. દરેક વસ્તુનો હેતુ અને કટોકટીના કિસ્સામાં તેઓ તેને ક્યાં શોધી શકશે તેની ચર્ચા કરો.
  c) ચેકલિસ્ટ બની ગયા પછી, તેને સંદર્ભ માટે સરળતાથી જોઈ શકાય તેવા વિસ્તારમાં પ્રદર્શિત કરો. અન્ય વિદ્યાર્થીઓને ચકાસવા અને ખાતરી કરવા માટે પ્રોત્સાહિત કરો કે જરૂરી વસ્તુઓ હંમેશા ઉપલબ્ધ અને સરળતાથી પ્રાપ્ય હોય.

- **કટોકટી સંપર્ક સૂચિ વિકસાવો:**

  a) સ્થાનિક અગ્નિશામક અને પોલીસને લગતા વિભાગો, એમ્બ્યુલન્સ સેવાઓ અને નજીકની હોસ્પિટલ જેવા કટોકટી સંપર્કોનું ટેમ્પ્લેટ અથવા સૂચિ મેળવો.
  b) આવશ્યક કટોકટી સંપર્ક નંબરો એકત્રિત કરો અને લખો, ખાતરી કરો કે તમે સંપર્ક વ્યક્તિનું નામ, તેમનો નંબર અને સ્થાન જેવી વિગતોનો સમાવેશ કરો છો.

યાદી બની ગયા પછી, તેને રમતના વિસ્તારમાં એક મોકાની, સરળતાથી શોધી શકાય તેવી જગ્યાએ મૂકો, જેથી તમામ વ્યક્તિઓને ખબર પડે કે કટોકટીના કિસ્સામાં તેને ક્યાંથી મળશે.

## તમારી પ્રગતિ તપાસો

A. **બહુવિધ વિકલ્પ પસંદગીના પ્રશ્નો**

1. ઇમરજન્સી એક્શન પ્લાન (EAP) નો પ્રાથમિક હેતુ શું છે?

   a) કાર્યક્રમ માટે સમયપત્રક બનાવવું
   b) ઇમરજન્સી રિસ્પોન્સ માટેની પ્રક્રિયાઓની રૂપરેખા બનાવવી
   c) સ્ટાફના સભ્યોને ભૂમિકાઓ સોંપવી
   d) સ્થળ પર લોજિસ્ટિક્સનું સંચાલન કરવું

2. પ્રાથમિક સારવાર આપવામાં નીચેનામાંથી મુખ્ય સિદ્ધાંત કયો છે?

   a) સંપૂર્ણ સારસંભાળ સુનિશ્ચિત કરવા માટે ખૂબ પ્રયાસ કરવો
   b) દર્દીને હંમેશા શક્ય તેટલું ખસેડો
   c) દર્દીને આશ્વાસન આપો અને તણાવ ઓછો કરો

d) જો રક્તસ્રાવ નજીવો લાગે તો તેને અવગણો

3. DRABC પ્રાથમિક સારવાર પ્રોટોકોલમાં, "C" નો અર્થ શું છે?

a) પરિભ્રમણ
b) સંદેશાવ્યવહાર
c) ઠંડો ઉપચાર
d) રક્તસ્રાવ નિયંત્રણ

4. R.I.C.E. પદ્ધતિ શેના માટે વપરાય છે?

a) ગરમીના થાક (heat exhaustion) નું સંચાલન
b) કાપા અને ઉઝરડાની સારવાર
c) મચકોડ અને સ્નાયુ ખેંચાણની સારસંભાળ કરવી
d) શ્વાસ લેવામાં તકલીફની સારવાર

5. જ્યારે કોઈને ગૂંગળામણ થાય છે ત્યારે તમારે પહેલા શું કરવું જોઈએ?

a) તરત જ Heimlich manoeuvre શરુ કરો
b) તબીબી સહાય માટે કૉલ કરો
c) તેમને ખાંસી ખાવા માટે પ્રોત્સાહિત કરો
d) મદદ માટે કોઈને મોકલો અને શ્વસનમાર્ગ ખોલવાનો પ્રયાસ કરો

## મોડ્યુલ 3 રમતના મેદાનમાં આરોગ્ય અને સ્વચ્છતા

## મોડ્યુલ પરિચય

મોડ્યુલ 3 રમતના મેદાનોમાં આવશ્યક આરોગ્ય અને સ્વચ્છતા સંબંધિત બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં સંલગ્ન તમામ માટે સલામત અને સ્વચ્છ વાતાવરણ જાળવવાના મહત્વ પર ભાર મૂકવામાં આવે છે. મોડ્યુલમાં બે સત્રોનો સમાવેશ થાય છે.

સત્ર 1 નો ઉદ્દેશ્ય રમતગમતમાં એકંદર સુખાકારી અને પ્રદર્શનમાં વધારો કરતી વ્યક્તિગત આરોગ્ય અને સ્વચ્છતા સંબધિત બાબતો પર શિક્ષિત કરવાનો છે. મુખ્ય મુદ્દાઓમાં સ્વચ્છતાનું મહત્વ, હાથ ધોવા અને પોષણ જેવી આવશ્યક બાબતો અને બીમારીના સંકેતોને ઓળખવાનો સમાવેશ થાય છે.

સત્ર 2, રમતના મેદાનોને સ્વચ્છ અને આરોગ્યપ્રદ રાખવા માટેની માર્ગદર્શિકા અને વ્યૂહરચનાઓ વિશે છે. આ સત્ર નિયમિત નિરીક્ષણ, સફાઈ અને સેનિટાઇઝિંગ સાધનો, કચરાનું અસરકારક વ્યવસ્થાપન અને ચેપ નિયંત્રણ અંગેના પગલાંના મહત્વને આવરી લે છે.

## અધ્યયન નિષ્પત્તિઓ

આ સત્ર પૂર્ણ કર્યા પછી, તમે આમ કરવા સક્ષમ બની શકશો:

- ખેલાડીઓના સ્વાસ્થ્ય વિશેનાં જ્ઞાનનું નિદર્શન
- રમતના મેદાનમાં સ્વચ્છતા અને આરોગ્યનો અભ્યાસ કરો
- ખેલાડીઓની સુખાકારીને પ્રોત્સાહન આપતી મુખ્ય આરોગ્યપ્રદ પ્રથાઓ ઓળખો, જેમાં યોગ્ય પોષણ, હાઇડ્રેશન અને આરામનો સમાવેશ થાય છે.
- સ્વચ્છ અને સલામત રમતના મેદાનની જાળવણી માટે જરૂરી આવશ્યક સ્વચ્છતાનાં ધારાધોરણો અને પ્રોટોકોલ ઓળખો.

## મોડ્યુલનું માળખું

સત્ર 1: ખેલાડીઓનું આરોગ્ય અને સ્વચ્છતા

સત્ર 2: રમતગમતની જગ્યા સ્વસ્થ અને સ્વચ્છ બનાવવી

## સત્ર 1: ખેલાડીઓનું આરોગ્ય અને સ્વચ્છતા

**સ્વાસ્થ્ય** એટલે બીમારી અથવા ઈજાથી મુક્ત રહેવાની સ્થિતિ અને પોષણ, કસરત, માનસિક સ્વાસ્થ્ય અને નિયમિત તબીબી તપાસ સહિત વિવિધ પાસાઓનો સમાવેશ થાય છે. સ્વાસ્થ્ય પ્રત્યેનો સર્વાંગી અભિગમ વ્યક્તિઓને સ્વસ્થ વર્તણૂકો વિકસાવવા માટે પ્રોત્સાહિત કરે છે જે દીર્ઘાયુષ્યને પ્રોત્સાહન આપે છે અને જીવનની ગુણવત્તામાં વધારો કરે છે.

**બીજી બાજુ**, સ્વચ્છતામાં આરોગ્ય જાળવવા અને રોગોના ફેલાવાને રોકવા માટે રચાયેલ પ્રથાઓનો સમાવેશ થાય છે. જેમાં વ્યક્તિગત સ્વચ્છતા (જેમ કે હાથ ધોવા અને દાંતની સંભાળ), પર્યાવરણીય સ્વચ્છતા (રહેવાની જગ્યાઓ સ્વચ્છ રાખવી), અને ખોરાક સ્વચ્છતા (સુરક્ષિત રીતે ખોરાક તૈયાર કરવો અને સુરક્ષિત સંગ્રહ સુનિશ્ચિત કરવો) સામેલ છે. ચેપનું જોખમ ઘટાડવા અને સ્વસ્થ સમુદાયને પ્રોત્સાહન આપવા માટે સારી સ્વચ્છતા પ્રથાઓ વિકસાવવી આવશ્યક છે.

ખેલાડીઓનું સ્વાસ્થ્ય અને સ્વચ્છતા એથ્લેટિક સફળતાના આવશ્યક આધારસ્તંભ છે. મનોરંજન અથવા વ્યવસાયિક રમતોમાં ભાગ લેતા હોય, ત્યારે ઉચ્ચ સ્વચ્છતા અને સુખાકારીના ધારાધોરણો જાળવવા એ શ્રેષ્ઠ પ્રદર્શન, ઈજા નિવારણ અને લાંબા ગાળાના સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે. આ વ્યાપક માર્ગદર્શિકા ખેલાડીઓના સ્વાસ્થ્ય અને સ્વચ્છતાના વિવિધ પાસાઓની શોધ કરે છે.

**ખેલાડીઓ માટે આરોગ્ય અને સ્વચ્છતાનું મહત્વ**

i. **પ્રદર્શનમાં સુધારો:** સારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ધરાવતા ખેલાડીઓ વધુ સખત તાલીમ લઈ શકે છે અને ઝડપથી સ્વસ્થ થઈ શકે છે. સ્વચ્છતા સંબંધિત પ્રથાઓ ચેપનું જોખમ ઘટાડે છે જે પ્રદર્શનને અસર કરી શકે છે.
ii. **ઈજા અને બીમારી નિવારણ:** યોગ્ય આરોગ્ય વ્યવસ્થાપન સામાન્ય રમતગમતની ઇજાઓ અને સ્નાયુઓમાં ખેંચાણ, ખેંચાણ (cramps) અથવા ત્વચા ચેપ જેવી બીમારીઓની શક્યતા ઘટાડે છે. સારી સ્વચ્છતા ટીમના વાતાવરણમાં ચેપી રોગોના ફેલાવાને ઘટાડે છે.
iii. **ટીમમાં સંકલન અને મનોબળ:** સ્વચ્છતા સંબંધિત ટેવો તમામ ખેલાડીઓ માટે સ્વચ્છ અને આરામદાયક વાતાવરણને પ્રોત્સાહન આપે છે, વધુ સારા આંતરવ્યક્તિ સંબંધો અને ટીમવર્કને પ્રોત્સાહન આપે છે.

**આરોગ્ય અને સ્વચ્છતાના મુખ્ય ઘટકો**

1. **વ્યક્તિગત સ્વચ્છતા**

i. **સ્નાન અને સ્વચ્છતા:** નિયમિત સ્નાન કરવાથી પરસેવો, બેક્ટેરિયા અને ગંદકી દૂર થાય છે, જેનાથી ફોલ્લીઓ અને ખીલ જેવી ત્વચાની સ્થિતિઓ અટકે છે. ખેલાડીઓએ સાબુનો પણ હળવો ઉપયોગ કરવો જોઈએ અને અન્યનો ટુવાલ ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ.
ii. **નખ અને વાળની સંભાળ:** નખ કાપવાથી ફૂગજન્ય ચેપનું જોખમ ઓછું થાય છે. નિયમિતપણે વાળ ધોવાથી ખોપરી ઉપરની ચામડીનું સ્વાસ્થ્ય જાળવવામાં મદદ મળે છે, ખાસ કરીને ગંદકી અને પરસેવાના સંપર્કમાં આવતા ખેલાડીઓ માટે.
iii. **મૌખિક સ્વચ્છતા:** દિવસમાં બે વાર દાંત સાફ કરવા અને માઉથવોશનો ઉપયોગ શ્વાસની દુર્ગંધ અને પેઢાના રોગો અટકાવે છે. માઉથગાર્ડનો ઉપયોગ કરતા ખેલાડીઓ માટે આ મહત્વપૂર્ણ છે.
iv. **વ્યક્તિગત વસ્તુઓ:** પાણીની બોટલ, ટુવાલ અથવા કાંસકા જેવી વ્યક્તિગત વસ્તુઓ અન્યોને આપવાથી ઠંડા ચાંદા (cold sores) અને રમતવીરના પગ (athlete's foot) જેવા ચેપનું જોખમ વધે છે.

2. **શારીરિક સ્વાસ્થ્ય**

i. **આહાર અને પોષણ:**

a) **પ્રોટીન:** સ્નાયુ પેશીઓના સમારકામ માટે જરૂરી; ઇંડા, માછલી અને કઠોળમાં જોવા મળે છે.
b) **કાર્બોહાઇડ્રેટ્સ:** લાંબા સમય સુધી પ્રવૃત્તિ માટે ઊર્જા પૂરી પાડે છે; જેના સ્ત્રોતોમાં ચોખા, બ્રેડ અને ફળોનો સમાવેશ થાય છે.
c) **સ્વસ્થ ચરબી (Healthy Fats):** સતત ઊર્જા મેળવવામાં મદદ; સૂકા મેવા, અનાજ અને એવોકાડોમાં જોવા મળે છે.
d) **વિટામિન અને ખનિજો:** રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને રીકવરીમાં વધારો કરે છે; શાકભાજી, ડેરી ઉત્પાદન અને ફળોમાંથી મળે છે.

ii. **હાઇડ્રેશન:** શ્રેષ્ઠ પ્રદર્શન માટે હાઇડ્રેટેડ રહેવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. ખેલાડીઓએ નિયમિતપણે પાણી પીવું જોઈએ, ખાસ કરીને કસરત દરમિયાન અને પછી, અને જો જરૂરી હોય તો ઇલેક્ટ્રોલાઇટ સોલ્યુશનનો ઉપયોગ કરવો જોઈએ.

iii. **ફિટનેસ રેજીમેન** (Fitness Regimen):

a) **વોર્મ-અપ્સ:** રક્ત પ્રવાહમાં વધારો કરે છે અને સ્નાયુઓને પ્રવૃત્તિ માટે તૈયાર કરે છે, જેનાથી ઈજા થવાનું જોખમ ઓછું થાય છે.
b) **સ્ટ્રેન્થ ટ્રેનિંગ** (Strength Training): સહનશક્તિ વધે છે અને એકંદર ફિટનેસને ટેકો આપે છે.
c) **કૂલ-ડાઉન કસરતો** (Cool-down Exercises): સ્નાયુઓને રીકવરી પ્રાપ્ત કરવામાં અને કસરત પછીની જડતા ઘટાડવામાં મદદ કરે છે.

3. **માનસિક સ્વાસ્થ્ય**

i. **તણાવ વ્યવસ્થાપન:** સ્પર્ધા અને અપેક્ષાઓને કારણે રમતગમત તણાવપૂર્ણ હોઈ શકે છે. માઇન્ડફુલનેસ (mindfulness), ધ્યાન (meditation) અને શ્વાસ લેવાની કસરતો જેવી ટેકનીકો ખેલાડીઓને ધ્યાન કેન્દ્રિત કરવામાં અને શાંત રહેવામાં મદદ કરે છે.
ii. **ઊંઘ અને રીકવરી:** ખેલાડીઓને શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ થવા માટે 7-9 કલાકની ઊંઘની જરૂર પડે છે. ઊંઘ નિર્ણય લેવા અને પ્રતિક્રિયાના સમયને પણ સુધારે છે.
iii. **ભાવનાત્મક ટેકો:** કોચ, ટીમના સાથીઓ અને પરિવાર તરફથી પ્રોત્સાહન, આત્મવિશ્વાસ અને સકારાત્મક દૃષ્ટિકોણને પ્રોત્સાહન આપે છે.

4. **પર્યાવરણીય સ્વચ્છતા**

i. **રમતના મેદાનની સ્વચ્છતા:**
a. રમતનું ક્ષેત્ર, મેદાન અને જિમ્નેશિયમની નિયમિત સફાઈ ચેપનું જોખમ ઘટાડે છે.
b. સાદડીઓ (mats,), બોલ અને હેલ્મેટ જેવા સાધનોને સેનિટાઇઝ્ડ સ્થિતિમાં રાખવા જરૂરી છે.
ii. **કચરાનો સલામત નિકાલ:** ખેલાડીઓએ સ્વચ્છ વાતાવરણ જાળવવા માટે રેપર, બોટલ અને અન્ય કચરાનો યોગ્ય નિકાલ સુનિશ્ચિત કરવો જોઇએ.
iii. **સુવિધાઓની પ્રાપ્યતા:** રમતગમતના ક્ષેત્રોમાં સ્વચ્છ શૌચાલય, તાજું પીવાનું પાણી અને સારી રીતે ભરેલી પ્રાથમિક સારવાર માટેની કીટ હોવી જોઈએ જેથી સલામત અને આરામદાયક અનુભવ સુનિશ્ચિત થાય.

5. **ઈજા નિવારણ**

i. **રક્ષણાત્મક ગિયર:** યોગ્ય રીતે ફીટ કરેલા હેલ્મેટ, મોજા અને પેડ પહેરવાથી રમત દરમિયાન ઇજાઓનું જોખમ ઓછું થાય છે.
ii. **યોગ્ય ટેકનીકો:** દોડવાની, કૂદવાની અને ઉપાડવાની યોગ્ય રીત શીખવાથી સ્નાયુ ખેંચાણ ઓછું થાય છે અને વારંવાર થતી સ્નાયુ ખેંચાણ (stress) ની ઇજાઓ ટાળવામાં મદદ મળે છે.
iii. **પ્રાથમિક સારવારનું જ્ઞાન:** ખેલાડીઓએ ઈજા સંબંધિત ગૂંચવણો અટકાવવા માટે મચકોડ, કાપા અને સ્નાયુઓમાં ખેંચાણ જેવી નાની ઇજાઓની સારવારથી પરિચિત રહેવું જોઈએ.

**બીમારી અટકાવવા માટે સ્વચ્છતા સંબંધિત પ્રથાઓ**

- **રમતગમત દરમિયાન થતી સામાન્ય બીમારીઓ:**
  i. રમતવીરના પગ (athlete's foot) જેવા ફૂગજન્ય ચેપ પરસેવાવાળા વાતાવરણમાં ફેલાય છે.
  ii. અસ્વચ્છ સપાટીઓ અથવા સાધનોથી ત્વચામાં બળતરા.
  iii. નબળા હાઇડ્રેશનને કારણે ડિહાઇડ્રેશન અને લૂ લાગવી.
- **નિવારણ માટેની વ્યૂહરચનાઓ:**
  i. ઉપયોગ પછી હંમેશા રમતગમતના સાધનોને સાફ કરીને સૂકા કરો.
  ii. પગ અને જૂતા માટે એન્ટિ-ફંગલ પાવડર અથવા સ્પ્રેનો ઉપયોગ કરો.
  iii. પરસેવો ઓછો કરવા માટે હવાની અવરજવર થઇ શકે તેવા કપડા પહેરો.

**આરોગ્ય અને સ્વચ્છતા માર્ગદર્શિકા**

- **રમત પહેલા**
  i. શરીરને તીવ્ર શારીરિક પ્રવૃત્તિ માટે તૈયાર કરવા માટે વોર્મ-અપ કસરતો કરો.
  ii. કેળા અથવા બદામ જેવા હળવા, ઉર્જાથી ભરપૂર નાસ્તાનું સેવન કરો.
  iii. વ્યક્તિગત ગીયર અને સાધનો તપાસો અને સેનિટાઇઝ કરો.

- **રમત દરમિયાન**
  i. વિરામ દરમિયાન પાણી પીને હાઇડ્રેટેડ રહો.
  ii. સારી પકડ માટે પરસેવો લૂછવા માટે સ્વચ્છ ટુવાલનો ઉપયોગ કરો અને હાથ સૂકા રાખો.
  iii. ચક્કર અથવા થાક જેવા અતિશય શ્રમના સંકેતોની દેખરેખ રાખો.

- **રમત પછી**
  i. સ્નાયુઓને આરામ આપવા માટે કૂલ-ડાઉન સ્ટ્રેચિંગ કરો.
  ii. પરસેવો અને બેક્ટેરિયા ધોવા માટે તરત જ સ્નાન કરો.
  iii. પ્રોટીન અને કાર્બોહાઇડ્રેટ્સથી ભરપૂર સંતુલિત ભોજનથી ઉર્જા મેળવો.

**કોચ અને સંસ્થાઓની ભૂમિકા**

- **શિક્ષણ અને તાલીમ:** કોચે વર્કશોપ અને નિદર્શનો દ્વારા ખેલાડીઓને આરોગ્ય અને સ્વચ્છતાના મહત્વ વિશે શિક્ષિત કરવા જોઈએ.
- **સુવિધાઓ પૂરી પાડવી:** સંસ્થાઓએ સ્વચ્છ રમતના ક્ષેત્રો, પૌષ્ટિક ખોરાક અને તબીબી સુવિધાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી જોઈએ.
- **નિયમિત દેખરેખ:** ખેલાડીઓ માટે સમયાંતરે આરોગ્ય તપાસ કરાવવાથી સમસ્યાઓને વહેલી તકે ઓળખી શકાય છે અને ખાતરી કરી શકાય છે કે તેમના ફિટનેસ સ્તર જાળવવામાં આવે છે.

**ખેલાડીઓ માટે આરોગ્ય અને સ્વચ્છતાના સિદ્ધાંતો**

ખેલાડીઓ માટે આરોગ્ય અને સ્વચ્છતાના સિદ્ધાંતો સ્વચ્છતા, પોષણ, ઈજા નિવારણ, યોગ્ય હાઇડ્રેશન અને એકંદર શારીરિક અને માનસિક સુખાકારી જાળવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે (**કોષ્ટક 3.1**).

**કોષ્ટક 3.1: ખેલાડીઓ માટે આરોગ્ય અને સ્વચ્છતાના સિદ્ધાંતો**

| ખેલાડીઓ માટે આરોગ્ય અને સ્વચ્છતાના સિદ્ધાંતો | વર્ણન |
|---|---|
| **નિયમિત આરોગ્ય તપાસ** | નિયમિત તબીબી મૂલ્યાંકન ઇજાઓ અને બીમારીઓને શોધવા અને અટકાવવામાં મદદ કરે છે, તે ખાતરી કરે છે કે ખેલાડીઓ શારીરિક રીતે ફિટ અને સ્વસ્થ છે. |
| **યોગ્ય હાઇડ્રેશન** | તાલીમ પહેલાં, દરમિયાન અને પછી હાઇડ્રેશન જાળવી રાખવાથી પ્રદર્શનને ટેકો મળે છે અને ગરમી સંબંધિત બીમારીઓ અટકાવે છે. |
| **સંતુલિત પોષણ** | પોષક તત્વોથી ભરપૂર આહાર ઊર્જા અને સહનશક્તિ પ્રદાન કરે છે અને રીકવરીમાં મદદ કરે છે. કાર્બોહાઇડ્રેટ્સ, પ્રોટીન, ચરબી, વિટામિન અને ખનિજોના સંતુલન પર ભાર મૂકે છે. |
| **વ્યક્તિગત સ્વચ્છતા** | સ્વચ્છતા ચેપને અટકાવે છે; ખેલાડીઓએ નિયમિતપણે હાથ ધોવા જોઈએ, સ્વચ્છ ગણવેશ/સાધનોનો ઉપયોગ કરવો જોઈએ અને સત્રો પછી સ્નાન કરવું જોઈએ. |
| **ઇજા નિવારણ અને વ્યવસ્થાપન** | યોગ્ય વોર્મ-અપ્સ, રક્ષણાત્મક ગિયર અને સારી ટેકનીક ઈજાનું જોખમ ઘટાડે છે. ઈજાની તાત્કાલિક સારવાર વધુ સ્વાસ્થ્ય સંબંધિત ગૂંચવણો ઉભી થતી અટકાવે છે. |
| **પર્યાપ્ત આરામ અને રીકવરી** | સત્રો વચ્ચે પૂરતી ઊંઘ અને આરામ સ્નાયુઓને રીકવર કરવાની મંજૂરી આપે છે અને થાક-સંબંધિત ઈજાના જોખમોને ઘટાડે છે. |
| **માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ** | માનસિક સુખાકારી મહત્વપૂર્ણ છે; તણાવનું સંચાલન કરવું, ટેકો શોધવો અને સકારાત્મકતા જાળવવી એ માનસિક સંતુલનની ચાવી છે. |
| **સ્વચ્છ પર્યાવરણ** | સ્વચ્છતાની તાલીમ અને સ્વચ્છ રમતના મેદાનો જંતુઓ અને રોગકારક જીવાણુઓના ફેલાવાને અટકાવે છે, જેનાથી સ્વસ્થ વાતાવરણને પ્રોત્સાહન મળે છે. |

**સ્વચ્છતા અને સેનિટેશનના કેટલાક સામાન્ય નિયમો:**

i. પ્રેક્ટિસ પછી દરરોજ સ્નાન કરો.
ii. રમત રમ્યા પછી ઘરે આવો ત્યારે હંમેશા તમારા હાથ, ચહેરો અને પગ ધોઈ લો.
iii. કપડાં અને અન્ડરવેર વારંવાર બદલો.
iv. હાથ અને પગના નખ નિયમિતપણે કાપો.
v. તમારા રોજિંદા કપડાં પહેરીને ક્યારેય સૂઈ જશો નહીં.
vi. ફળો અને શાકભાજી ધોયા વિના ખાશો નહીં.

## પ્રવૃત્તિઓ

પ્રવૃત્તિ 1: સ્વચ્છતા જાગૃતિ અભિયાન

પ્રક્રિયા:

- 4-5 વિદ્યાર્થીઓના નાના જૂથો બનાવો.
- દરેક જૂથ સ્વચ્છતાના વિવિધ પાસાઓ (વ્યક્તિગત સ્વચ્છતા, ખોરાક સંબંધિત સ્વચ્છતા, પર્યાવરણીય સ્વચ્છતા વગેરે) અને આરોગ્ય પર તેની અસર પર સંશોધન કરશે.
- મુખ્ય સ્વચ્છતા પ્રથાઓ અને તેમના ફાયદાઓને દર્શાવતું પોસ્ટર, બ્રોશર અથવા ડિજિટલ પ્રેઝન્ટેશન ડિઝાઇન કરો. આંકડા, ગ્રાફિક્સ અને વ્યવહારુ ટિપ્સ ઉમેરો.
- દરેક જૂથ વર્ગ સમક્ષ પોતાનું અભિયાન રજૂ કરશે, તેમના પસંદ કરેલા વિષયને સમજાવશે અને તેઓએ એકત્રિત કરેલી માહિતી રજૂ કરશે.
- જાગૃતિ ફેલાવવા માટે શાળાની આસપાસ પોસ્ટરો પ્રદર્શિત કરો અથવા નાના વિદ્યાર્થીઓને બ્રોશર વહેંચો.

**પ્રવૃત્તિ 2:** ખેલાડીઓ માટે સંતુલિત આહાર યોજના

**જરૂરી સામગ્રી:** પોષણ ચાર્ટ અને ખોરાક બાબતે કેટલોગ.

**પ્રક્રિયા:**

- રમતવીર માટે દૈનિક કેલરીની જરૂરિયાત ઓળખો.
- રમત પહેલા અને રમત પછીના ભોજન સહિત એક દિવસીય ભોજન યોજનાનો નમૂનો તૈયાર કરો.
- યોજનામાં દરેક ખાદ્ય પદાર્થના મહત્વની ચર્ચા કરો.

**પ્રવૃત્તિ 3:** રમતના વિસ્તારનું સ્વચ્છતા નિરીક્ષણ

**જરૂરી સામગ્રી:** નોટબુક, નિરીક્ષણ માટેનું ચેકલિસ્ટ.

**પ્રક્રિયા:**

- નજીકના રમતના મેદાન અથવા રમત કેન્દ્રની મુલાકાત લો.
- સાધનોની સ્થિતિ, પાણીની ઉપલબ્ધતા અને કચરાના નિકાલનું અવલોકન કરો અને તેની નોંધ કરો.
- સ્વચ્છતા જાળવવા માટે સુધારા સૂચવો.

## તમારી પ્રગતિ તપાસો

**A. બહુવિધ-વિકલ્પ પસંદગીના પ્રશ્નો**

1. સ્વાસ્થ્ય પ્રત્યેનો સર્વાંગી અભિગમ વ્યક્તિઓને શું કરવા માટે પ્રોત્સાહિત કરે છે?

   a) તબીબી તપાસ ટાળો
   b) સ્વસ્થ વર્તનમાં જોડાઓ જે દીર્ધાયુષ્યને પ્રોત્સાહન આપે છે અને જીવનની ગુણવત્તામાં વધારો કરે છે
   c) ફક્ત કસરત અને પોષણ પર ધ્યાન કેન્દ્રિત કરો
   d) માનસિક સ્વાસ્થ્યના પાસાઓ અવગણો

2. નીચેનામાંથી કયો ખેલાડીઓ માટે વ્યક્તિગત સ્વચ્છતાનો ઘટક નથી?

   a) પરસેવો અને બેક્ટેરિયા દૂર કરવા માટે નિયમિત સ્નાન કરો
   b) ટુવાલ અને પાણીની બોટલ જેવી વ્યક્તિગત વસ્તુઓનો પરસ્પર ઉપયોગ ટાળવો

c) દિવસમાં બે વાર દાંત સાફ કરવા
d) ફૂગજન્ય ચેપ ઘટાડવા માટે નખ કાપવા

3. ખેલાડીઓ માટે હાઇડ્રેટેડ રહેવું શા માટે મહત્વપૂર્ણ છે?

a) સ્થિતિસ્થાપકતા સુધારવા માટે
b) માનસિક સ્વાસ્થ્ય સુધારવા માટે
c) લૂ લાગવાથી રોકવા અને શ્રેષ્ઠ પ્રદર્શનને ટેકો આપવા માટે
d) શરીરનું વજન વધારવા માટે

4. નીચેનામાંથી કયો પર્યાવરણીય સ્વચ્છતા માટેની પ્રથા છે?

a) પગ માટે એન્ટિ-ફંગલ પાવડરનો ઉપયોગ
b) સ્વચ્છ અને સેનિટાઇઝ્ડ રમતના ક્ષેત્રોની ખાતરી કરવી
c) હવાની અવરજવર થાય તેવા કાપડ પહેરવા
d) માઇન્ડફુલનેસ અને ધ્યાનનો અભ્યાસ કરવો

5. રમત પછી ખેલાડીઓએ આરોગ્ય અને સ્વચ્છતા જાળવવા માટે શું કરવું જોઈએ?

a) સ્નાયુઓને આરામ આપવા માટે સ્ટ્રેચિંગ કસરતો છોડી દો
b) રમત પછી તરત જ સ્નાન કરવાનું ટાળો
c) સંતુલિત ભોજનથી ઉર્જા મેળવો અને સ્નાન કરો
d) સાથી ખેલાડીઓને વ્યક્તિગત સાધનો ઉપયોગ માટે આપો

## સત્ર ૨: રમતગમત માટેની જગ્યા સ્વસ્થ અને સ્વચ્છ બનાવવી

ખેલાડીઓની સલામતી, આનંદ અને વિકાસ માટે રમતગમત માટેની જગ્યા સ્વસ્થ અને સ્વચ્છ હોવી જરૂરી છે. પછી ભલે તે વ્યવસાયિક રમતગમતનું મેદાન હોય, શાળાનું રમતનું મેદાન હોય કે સામુદાયિક ઉદ્યાન હોય, સ્વચ્છતા અને સંગઠનના ઉચ્ચ ધારાધોરણો જાળવવાથી સંલગ્ન દરેક વ્યક્તિનું કલ્યાણ સુનિશ્ચિત થાય છે.

**રમતગમત માટે સ્વસ્થ અને સ્વચ્છ જગ્યાનું મહત્વ**

- **સલામતીને પ્રોત્સાહન આપે છે**: અસ્વચ્છ અથવા નબળી જાળવણીવાળી સપાટીઓ અને સાધનોને કારણે થતા અકસ્માતો અને ઇજાઓનું જોખમ ઘટાડે છે.
- **આરોગ્યમાં સુધારો કરે છે**: બેક્ટેરિયા, વાયરસ અને અન્ય પેથોજેન્સના સંપર્કને ઘટાડે છે.
- **ભાગીદારીને પ્રોત્સાહન આપે છે**: સ્વચ્છ અને આકર્ષક રમતગમત માટેની જગ્યાઓ ખેલાડીઓને પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રેરિત કરે છે.
- **પ્રદર્શનને ટેકો આપે છે**: સુવ્યવસ્થિત અને સ્વચ્છ વાતાવરણ ખેલાડીઓને સંભવિત જોખમોને બદલે તેમના પ્રદર્શન પર ધ્યાન કેન્દ્રિત કરવાની મંજૂરી આપે છે.

**રમતગમતના ક્ષેત્રમાં સ્વચ્છતાની જાળવણી**

**રમતના મેદાનની સ્વચ્છતા**

આપણી આસપાસની જગ્યા આપણા સ્વાસ્થ્યને અસર કરે છે. ચુસ્ત અને સ્વસ્થ રહેવા માટે આપણે આપણી આસપાસની જગ્યા અને રમતના મેદાનની કાળજી લેવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. આપણે આપણી આસપાસના વાતાવરણ પ્રત્યે જવાબદાર વર્તન દર્શાવવું જોઈએ જેથી તેમાંથી શ્રેષ્ઠ લાભ મેળવી શકાય અને ભવિષ્ય માટે તેને સાચવી શકાય.

અહી કેટલીક બાબતો આપેલી છે જે તમે આ કાર્યમાં મદદ કરવા માટે કરી શકો છો:

- કચરો ન નાખો, કચરો લાવવા અને તેને કચરાપેટીમાં નિકાલ કરવા માટે હંમેશા તમારી સાથે બેગ રાખો
- કચરો ફક્ત કચરાપેટીમાં જ ફેંકો
- જાહેર સ્થળોએ અથવા જમીન પર થૂંકશો નહીં
- તમારા ચેન્જિંગ રૂમને સ્વચ્છ રાખો
- છોડનો નાશ કરશો નહીં; રમતના મેદાનની આસપાસ ફૂલો અને પાંદડા તોડશો નહીં
- કચરાને જૈવિક અને બિન-જૈવિક શ્રેણીઓમાં અલગ કરો

આરોગ્ય જાળવવા અને જંતુઓ અને બીમારીના ફેલાવાને રોકવા માટે જંતુનાશક અને સફાઈ એજન્ટોનો ઉપયોગ કરવો એ એક પ્રક્રિયા છે જેનો હેતુ સ્વસ્થ વાતાવરણ પૂરું પાડવાનો છે. તેને લોકોની સુખાકારીને અસર કરતી મૂળભૂત પર્યાવરણીય પરિસ્થિતિઓના ધારાધોરણને સુધારવા અને જાળવવાના હેતુથી પ્રવૃત્તિઓ તરીકે પણ વર્ણવી શકાય છે.

તમે ઘરની અંદર રમો કે બહાર, સાધનો સ્વચ્છ અને સારી રીતે જાળવવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે તેનું સામાન્ય નિરીક્ષણ કરવું મહત્વપૂર્ણ છે. તમારે ધ્યાનમાં રાખવાની જરૂર છે તે કેટલાક મુદ્દાઓ નીચે મુજબ છે:

- ખાતરી કરો કે બધા સાધનો અને પ્રોપ્સ અકબંધ છે, કોઈ ભાગો તૂટેલા નથી .
- લાકડાના સાધનો તિરાડો અથવા સ્પ્લિન્ટર (splinters) થી મુક્ત હોવા જોઈએ.
- ધાતુના સાધનો કાટમુક્ત અને સારી સ્થિતિમાં હોવા જોઈએ.
- સપાટીની સામગ્રીથી નિયમિતપણે જાળવણી કરો, ખાસ કરીને સાધનોની આસપાસના ખાડા પડવાના વિસ્તારો.
- એવા સાધનો માટે ટકાઉ સામગ્રીનો ઉપયોગ કરો જે હવામાન અને ઘસારોનો સામનો કરે છે.
- સલામતી માટે લપસણી અને હીંચકા જેવા સાધનોની આસપાસ પૂરતી જગ્યા જાળવો.
- બહાર નીકળેલી વસ્તુઓ (દા.ત., ખીલા, બોલ્ટ) ની તપાસ કરો, જે નુકસાન પહોંચાડી શકે છે.
- અસુરક્ષિત સાધનોની તાત્કાલિક જાણ કરો અને દૂર કરો; ખાતરી કરો કે દરેક સાધનની યોગ્ય જાળવણી કરવામાં આવે છે.

**રમતના ક્ષેત્રનું નિરીક્ષણ**

રમતના ક્ષેત્રના નિરીક્ષણમાં જોખમોની તપાસ, સલામતી, સ્વચ્છતા સુનિશ્ચિત કરવી અને સાધનો સારી, કાર્યક્ષમ સ્થિતિમાં છે કે નહીં તે ચકાસવાનો સમાવેશ થાય છે. તેના સંદર્ભમાં અહીં કેટલાક માપદંડો (કોષ્ટક 3.2) આપેલા છે:

**કોષ્ટક 3.2: રમતના ક્ષેત્રના નિરીક્ષણ માટેના માપદંડ**

| નિરીક્ષણ માપદંડ | વર્ણન |
|---|---|
| **કચરો અને જોખમો સાફ કરો** | ખાતરી કરો કે વિસ્તાર તીક્ષ્ણ વસ્તુઓ, કચરા અને અન્ય સંભવિત જોખમોથી મુક્ત છે. |
| **સપાટીની સ્થિતિ** | ભીની, અસમાન અથવા ક્ષતિગ્રસ્ત સપાટીઓ તપાસો કે જેનાથી ખેલાડી લપસી શકે છે અથવા પડી શકે છે. |
| **સાધનોની સલામતી** | બધા સાધનોને નુકસાન અથવા ઘસારો આવ્યો છે કે કેમ તે માટે તપાસો; ખાતરી કરો કે તે સુરક્ષિત રીતે બાંધેલ છે અને ઉપયોગ માટે સલામત છે. |
| **સીમા ચિહ્નો** | અકસ્માત ટાળવા માટે ખાતરી કરો કે સીમા રેખાઓ સ્પષ્ટ અને દૃશ્યમાન છે. |
| **પૂરતી લાઇટિંગ** | ખાતરી કરો કે વિસ્તાર જોઈ શકાય તે માટે સારી રીતે પ્રકાશિત છે, ખાસ કરીને વહેલી સવાર અથવા સાંજે રમવા માટે. |
| **સુલભતા (Accessibility)** | પ્રવેશ અને બહાર નીકળવાની સ્પષ્ટ જગ્યા હોય તેની ખાતરી કરો; કોઈપણ અવરોધો ન હોય તે માટે તપાસો જે રમતમાં અવરોધ લાવી શકે છે. |
| **યોગ્ય ડ્રેનેજ** | લપસી જવાના જોખમોને રોકવા અને જંતુઓને દૂર કરવા માટે પાણી તો ભરાયેલ નથી તેનું નિરીક્ષણ કરો. |
| **સ્વચ્છતા** | ખાતરી કરો કે વિસ્તાર સ્વચ્છ છે, કચરાપેટીઓ ઉપલબ્ધ છે અને નિયમિતપણે ખાલી કરવામાં આવે છે. |
| **પ્રાથમિક સારવારની પ્રાપ્યતા** | કટોકટી માટે નજીકમાં પ્રાથમિક સારવાર કીટ ઉપલબ્ધ છે તેની ખાતરી કરો. |

**રમતગમતની સુવિધાઓ અને કિટ્સનું નિરીક્ષણ અને જાળવણી**

**સુવિધાનું નિરીક્ષણ અને જાળવણી**

- **માળખાકીય સલામતી**: ઇમારતો, રમતની જગ્યા, મેદાનો અને બ્લીચર્સ (bleachers) ની માળખાકીય અખંડિતતા નિયમિતપણે તિરાડો, કાટ અથવા ઘસારાની તપાસ માટે ચકાસો.
- **રમતગમત માટેની સપાટી**: સ્વચ્છ, એકસમાન અને સલામત સપાટીઓ જાળવો; એવી કોઈપણ તિરાડો, છિદ્રો અથવા ક્ષતિગ્રસ્ત વિસ્તાર હોય તો તેનું સમારકામ કરો કે જે ઈજા પહોંચાડી શકે છે.
- **પ્રકાશ અને દૃશ્યતા**: ખાતરી કરો કે બધા લાઇટિંગ ફિક્સર કાર્યરત છે અને સલામત રમત માટે પૂરતો પ્રકાશ પૂરો પાડે છે, ખાસ કરીને સાંજ અથવા ઇન્ડોર પ્રવૃત્તિઓ માટે.
- **વાડ અને જાળી**: વાડ, જાળી અને સીમા ચિહ્નોનું નિરીક્ષણ કરો; અકસ્માતો અટકાવવા માટે કોઈપણ ક્ષતિગ્રસ્ત ભાગોનું સમારકામ કરો અથવા બદલો.
- **શૌચાલય અને ચેન્જિંગ એરિયા**: પ્લમ્બિંગ અને સેનિટેશન સુવિધાઓની નિયમિત તપાસ કરવા સાથે આ વિસ્તારોને સ્વચ્છ અને કાર્યક્ષમ રાખો.
- **કટોકટીના સાધનો**: ખાતરી કરો કે પ્રાથમિક સારવાર કીટ, અગ્નિશામક ઉપકરણો અને ડિફિબ્રિલેટર જેવી કટોકટીની વસ્તુઓ સરળતાથી પ્રાપ્ય હોય, કાર્યાત્મક હોય અને તેની નિયમિત તપાસ કરવામાં આવે છે.
- **ડ્રેનેજ સિસ્ટમ્સ**: પાણીના ભરાવ અને સપાટીઓને લપસણી બનતી રોકવા માટે બહારની સુવિધાઓમાં યોગ્ય ડ્રેનેજની ખાતરી કરો.

**સ્પોર્ટ્સ કીટનું નિરીક્ષણ અને જાળવણી**

- વ્યક્તિગત રક્ષણાત્મક સાધનો (PPE): હેલ્મેટ, પેડ અને મોજા જેવી વસ્તુઓનું નિયમિતપણે ઘસારો છે કે નહીં તેનું નિરીક્ષણ કરો અને જરૂર પડ્યે તેને બદલો.

- ગણવેશ અને જૂતા: ખાતરી કરો કે ગણવેશ અને જૂતા સારી સ્થિતિમાં, સ્વચ્છ અને સારી રીતે ફિટ થાય તેવા છે જેથી અસ્વસ્થતા ન અનુભવાય અને ઈજા ન થાય.
- રમતગમતના સાધનો: બોલ, રેકેટ, બેટ અને અન્ય સાધનોને થયેલ નુકસાન અથવા ઘસારાની ચકાસણી માટે તપાસો, અને જરૂરી સમારકામ અથવા રિપ્લેસમેન્ટ કરો.
- સંગ્રહ અને સ્વચ્છતા: બગાડ અટકાવવા માટે કીટ અને સાધનોને સ્વચ્છ, સૂકી જગ્યાએ સંગ્રહિત કરો; ખાતરી કરો કે દરેક ઉપયોગ પછી વસ્તુઓ સાફ કરવામાં આવે છે.
- ઇન્વેન્ટરી મેનેજમેન્ટ: તમામ સાધનો અને કીટની અપડેટેડ ઇન્વેન્ટરી રાખો, જૂની અથવા ક્ષતિગ્રસ્ત વસ્તુઓને તાત્કાલિક બદલો.

**કોચ, વહીવટકર્તાઓ અને સંસ્થાઓની ભૂમિકા**

**A. શિક્ષણ અને જાગૃતિ**

- ખેલાડીઓને રમતની જગ્યા પર સ્વચ્છતા જાળવવાના મહત્વ વિશે શીખવો.
- સાધનોના યોગ્ય સંચાલન અને કચરાનાં નિકાલ જેવી સલામત પ્રથાઓ પર વર્કશોપનું આયોજન કરો.

**B. નિયમિત નિરીક્ષણ**

- રમતની જગ્યા સ્વચ્છતા અને સલામતીના ધોરણોને પૂર્ણ કરે છે તેની ખાતરી કરવા માટે નિયમિત તપાસ કરો.
- ક્ષતિગ્રસ્ત સાધનો અથવા દૂષિત સપાટીઓ જેવા સંભવિત જોખમોને વહેલા ઓળખો.

**C. સંશાધનોની ઉપલબ્ધતા**

- સ્વચ્છ પીવાનું પાણી અને સારી રીતે તૈયાર કરેલી પ્રાથમિક સારવાર કીટ પૂરી પાડો.
- રમતના મેદાનને વ્યવસ્થિત રાખવા માટે સાધનો મૂકવા માટે પૂરતી સંગ્રહ કરવાની જગ્યાની ખાતરી કરો.

**પર્યાવરણીય બાબતો**

**પર્યાવરણને અનુકૂળ પદ્ધતિઓ**

- પર્યાવરણીય અસર ઘટાડવા માટે જૈવિક સફાઈ એજન્ટોનો ઉપયોગ કરો.
- પ્લાસ્ટિક, કાગળ અને કાર્બનિક કચરા માટે અલગ ડબ્બા ગોઠવીને રિસાયક્લિંગને પ્રોત્સાહન આપો.
- ગ્રીન સ્પેસ (Green Space)
- હવાની ગુણવત્તા સુધારવા અને છાંયો પૂરો પાડવા માટે રમતના વિસ્તારોની આસપાસ વૃક્ષો અને છોડ વાવો.
- ખાતરી કરો કે ગ્રીન સ્પેસ (Green Space)ની નિયમિતપણે જાળવણી કરવામાં આવે છે જેથી તે જીવાતો માટે પ્રજનન સ્થળ ન બને.

**આઉટડોર રમતની જગ્યાઓ માટે ચોક્કસ પરિસ્થિતિઓ માટે વધારાના પગલાં**

- છાંયડાવાળા વિસ્તારો અથવા પાણીના મિસ્તિંગ સ્ટેશનો (water misting stations) સ્થાપિત કરીને ભારે ખરાબ હવામાન પરિસ્થિતિઓ સામે રક્ષણ આપો.
- ખુલ્લા ઇલેક્ટ્રિક વાયર અથવા અસુરક્ષિત વાડ જેવા સંભવિત જોખમોનો નિકાલ લાવો

**ઇન્ડોર રમતની જગ્યાઓ માટે**

- હવાની ગુણવત્તા જાળવવા માટે એર પ્યુરિફાયર ઇન્સ્ટોલ કરો, ખાસ કરીને વધુ ટ્રાફિકવાળા વિસ્તારોમાં.
- હાનિકારક રસાયણોના સંપર્કમાં આવવાથી બચવા માટે બિન-ઝેરી સફાઈ સામગ્રીનો ઉપયોગ કરો.

**દેખરેખ અને મૂલ્યાંકન**

- એવી રિસ્પોન્સ સીસ્ટમ લાગુ કરો કે જ્યાં ખેલાડીઓ અને વપરાશકર્તાઓ તેમની ચિંતાઓની જાણ કરી શકે અથવા સુધારા સૂચવી શકે.
- રમતની જગ્યાઓની સ્વચ્છતા અને સલામતી ધારાધોરણોનું નિયમિત મૂલ્યાંકન કરવા માટે ચેકલિસ્ટનો ઉપયોગ કરો.
- નવી ટેકનોલોજી અથવા પર્યાવરણીય પરિબળોના આધારે જાળવણી પ્રથાઓને સતત અપડેટ કરો.

## પ્રવૃત્તિઓ

**પ્રવૃત્તિ 1:** સ્વચ્છતા અંગે પોસ્ટર બનાવો

**જરૂરી સામગ્રી:** ચાર્ટ પેપર, માર્કર, ક્રેયોન્સ (crayons) અને ચિત્રો (વૈકલ્પિક).

**પ્રક્રિયા:**

- નાના જૂથો બનાવો અને દરેક જૂથને સ્વચ્છતા સંબંધિત પ્રથાઓ (દા.ત., "હંમેશા કચરાપેટીનો ઉપયોગ કરો" અથવા "સ્વચ્છ સાધનો = સલામત રમત") પ્રકાશિત કરતું પોસ્ટર ડિઝાઇન કરવા કહો.
- રમતના ક્ષેત્રમાં પોસ્ટરો એવી રીતે પ્રદર્શિત કરો જેથી દરેક વ્યક્તિ જોઈ શકે.
- વર્ગ તરીકે પોસ્ટરોમાં મુખ્ય સંદેશાઓની ચર્ચા કરો.

**પ્રવૃત્તિ 2:** સાધનોની સફાઈનો દિવસ

**જરૂરી સામગ્રી:** સફાઈ માટેની સામગ્રી (કપડ, પાણી, જંતુનાશકો).

**પ્રક્રિયા:**

- રમતના ચોક્કસ સાધનો સાફ કરવા માટે દેખરેખ હેઠળ વિદ્યાર્થીઓના જૂથોને સોંપો.
- વિવિધ સામગ્રી (લાકડું, ધાતુ, પ્લાસ્ટિક) ને સુરક્ષિત અને અસરકારક રીતે કેવી રીતે સાફ કરવી તે દર્શાવો.
- સ્વચ્છ સાધનોની આરોગ્ય અને સલામતી પર થતી અસરની ચર્ચા કરો.

## તમારી પ્રગતિ તપાસો

**A. બહુવિધ વિકલ્પ પસંદગીના પ્રશ્નો**

1. સ્વસ્થ અને સ્વચ્છ રમતગમતની જગ્યા જાળવવાના મુખ્ય ફાયદાઓમાંનો એક શું છે?

   a) તે વિસ્તારનું સૌંદર્યલક્ષી આકર્ષણ વધારે છે.
   b) તે અકસ્માતો અને ઇજાઓનું જોખમ ઘટાડે છે.
   c) તે ખેલાડીઓની સંખ્યા વધારે છે.
   d) તે રમતગમતના ક્ષેત્રને વધુ રંગીન બનાવે છે.

2. રમતગમતની સ્વચ્છતા માટે નીચેનામાંથી કયું એક મહત્વપૂર્ણ પાસું છે?

   a) સુશોભન માટે ફૂલો અને પાંદડા તોડવા.
   b) કચરો ફક્ત કચરાપેટીમાં ફેંકવો.
   c) ખેલાડીઓને મુક્તપણે કચરો ફેંકવા દેવો.
   d) ટુવાલ અને પાણીની બોટલ જેવી વ્યક્તિગત વસ્તુઓ પરસ્પર એકબીજાની ઉપયોગ કરવી.

3. જો રમતગમતના સાધનો તૂટેલા અથવા અસુરક્ષિત જણાય તો શું કરવું જોઈએ?

   a) કોઈપણ રીતે સાધનોનો ઉપયોગ કરો.
   b) તેને તાત્કાલિક પ્રતિબંધિત જાહેર કરો અને અધિકારીઓને તેની જાણ કરો.
   c) કોઈને જાણ કર્યા વિના તેને જાતે ઠીક કરવાનો પ્રયાસ કરો.
   d) સમસ્યા વધુ ગંભીર ન બને ત્યાં સુધી તેને અવગણો.

4. રમતગમતની સુવિધાઓ જાળવવા માટે નીચેનામાંથી કયું જરૂરી પગલું છે?

   a) ઇમારતો અને મેદાનોની માળખાકીય અખંડિતતા નિયમિતપણે તપાસો.
   b) લાઇટિંગ ફિક્સરનું નિરીક્ષણ કર્યા વિના રાખો.
   c) ચેન્જિંગ એરિયામાં સ્વચ્છતાને અવગણો.
   d) ડ્રેનેજ સિસ્ટમ ભરાઈ જવા દો.

5. રમતની જગ્યાએ સ્વચ્છતા જાળવવામાં કોચ શું ભૂમિકા ભજવે છે?

   a) તેઓ ફક્ત ખાતરી કરે છે કે ખેલાડીઓ સારી રીતે રમી રહ્યા છે.
   b) તેઓ ખેલાડીઓને સ્વચ્છતા અને સલામતીની પદ્ધતિઓ વિશે શીખવે છે.
   c) તેઓ રમતના ક્ષેત્રને જાતે સાફ કરે છે.
   d) તેઓ સાધનોના સમારકામ માટે જવાબદાર છે.

## આન્સર કી

**મોડ્યુલ 1: વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન**

**સત્ર 1: મૂલ્યાંકનની સંકલ્પના**

**A. બહુવિધ વિકલ્પ પસંદગી પ્રશ્નો**

1. b)
2. c)

3. c)
4. b)
5. b)

સત્ર 2: ગુણાત્મક અને માત્રાત્મક મૂલ્યાંકન

A. બહુવિધ વિકલ્પ પસંદગી પ્રશ્નો
1. c)
2. c)
3. c)
4. c)
5. a)

સત્ર 3: મૂલ્યાંકન આયોજન અને મૂલ્યાંકન

A. બહુવિધ વિકલ્પ પસંદગી પ્રશ્નો
1. b)
2. a)
3. b)
4. b)
5. b)

સત્ર 4: વાલીઓ સાથે ઈન્ટરેકશનનું આયોજન

A. બહુવિધ વિકલ્પ પસંદગી પ્રશ્નો
1. b)
2. a)
3. b)
4. b)
5. b)

## મોડ્યુલ 2: કટોકટી વ્યવસ્થાપન

સત્ર 1: કટોકટી સમયે લેવાના થતા પગલાં

A. બહુવિધ વિકલ્પ પસંદગી પ્રશ્નો
1. b)
2. c)
1. b)
3. b)
4. b)

સત્ર 2: રમતના મેદાનમાં કટોકટીની સ્થિતિ

A. બહુવિધ વિકલ્પ પસંદગી પ્રશ્નો
1. c)
2. c)
3. b)
4. a)

5. b)

સત્ર 3: : કટોકટી માટે તૈયારી કરો એક ક્રિયાત્મક યોજના

A. બહુવિધ વિકલ્પ પસંદગી પ્રશ્નો
1. b)
2. c)
3. a)
4. c)
5. c)

## મોડ્યુલ 3: રમતના મેદાનમાં આરોગ્ય અને સ્વચ્છતા

સત્ર 1: ખેલાડીઓનું આરોગ્ય અને સ્વચ્છતા

A. બહુવિધ વિકલ્પ પસંદગી પ્રશ્નો
1. b)
2. b)
3. c)
4. b)
5. c)

સત્ર 2: રમતની જગ્યાને સ્વસ્થ અને આરોગ્યપ્રદ બનાવવી

A. બહુવિધ વિકલ્પ પસંદગી પ્રશ્નો
1. b)
2. b)
3. b)
4. a)
5. b)

## શબ્દાવલિ

**AED (ઓટોમેટેડ એક્સટર્નલ ડિફિબ્રિલેટર):** અચાનક કાર્ડિયાક અરેસ્ટના કિસ્સામાં હૃદયને ફરીથી શરૂ કરવામાં મદદ કરવા માટે વપરાતું ઉપકરણ.

**એરોબિક ક્ષમતા:** શરીરના વજનના કિલોગ્રામ દીઠ મિનિટ દીઠ શરીર કેટલા ઓક્સિજનનો ઉપયોગ કરી શકે છે તેનું માપ.

**AED (ઓટોમેટેડ એક્સટર્નલ ડિફિબ્રિલેટર):** અચાનક કાર્ડિયાક અરેસ્ટના કિસ્સામાં હૃદયને ફરીથી શરૂ કરવામાં મદદ કરવા માટે વપરાતું ઉપકરણ.

**એરોબિક ક્ષમતા:** શરીરના વજનના કિલોગ્રામ દીઠ મિનિટ દીઠ શરીર કેટલા ઓક્સિજનનો ઉપયોગ કરી શકે છે તેનું માપ.

**કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન (CPR):** કટોકટીમાં પરિભ્રમણ અને શ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે છાતીના દબાણ અને શ્વાસને જોડતી કટોકટીની પ્રક્રિયા.

**જીવાણુ નાશકક્રિયા (Disinfection):** હાનિકારક સુક્ષ્મસજીવોને દૂર કરવા માટે સપાટીઓને સાફ કરવાની પ્રક્રિયા.

**કટોકટી કાર્ય યોજના (EAP):** શારીરિક પ્રવૃત્તિઓ અથવા રમતગમત દરમિયાન કટોકટીની સ્થિતિમાં લેવાના પગલાંની રૂપરેખા આપતી વિગતવાર યોજના.

**સ્થળાંતર યોજના (Evacuation Plan):** આગ અથવા અન્ય કટોકટીના કિસ્સામાં લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે અનુસરવાની પ્રક્રિયાઓ.

**પ્રાથમિક સારવાર:** વ્યાવસાયિક મદદ ન આવે ત્યાં સુધી ઘાયલ અથવા બીમાર વ્યક્તિને તાત્કાલિક તબીબી સહાય આપવામાં આવે છે.

**રચનાત્મક મૂલ્યાંકન:** સુધારણા માટે પ્રતિભાવ આપવાનું અધ્યયન દરમિયાન સતત મૂલ્યાંકન કરવામાં આવે છે.

**આરોગ્ય:** ફક્ત રોગ અથવા નબળાઈની ગેરહાજરી જ નહીં, સંપૂર્ણ શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિ.

**હાઇડ્રેશન:** શરીરમાં પાણીનું પૂરતું સ્તર જાળવવાની પ્રક્રિયા, ખાસ કરીને શારીરિક પ્રવૃત્તિ દરમિયાન મહત્વપૂર્ણ.

**સ્વચ્છતા:** રોગના ફેલાવાને રોકવા માટે તમને પોતાને અને તમારી આસપાસના વાતાવરણને સ્વચ્છ રાખવાની પ્રથા.

**ઘટના અહેવાલ:** ઈજા અથવા અકસ્માતની પરિસ્થિતિઓનું વિગતવાર દસ્તાવેજ.

**ઉદ્દેશ્ય મૂલ્યાંકન:** સ્પર્ધામાં સ્કોર કરવા જેવા સ્પષ્ટ, વાસ્તવિક માપદંડો પર આધારિત મૂલ્યાંકન.

**સહાધ્યાયી દ્વારા મૂલ્યાંકન:** એક પ્રક્રિયા જ્યાં વિદ્યાર્થીઓ તેમના સાથીઓના પ્રદર્શનનું મૂલ્યાંકન કરે છે.

**વ્યક્તિગત સ્વચ્છતા:** હાથ ધોવા, સ્નાન અને દંત સંભાળ જેવી વ્યક્તિગત પદ્ધતિઓ, જે સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે છે.

**વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો (PPE):** ખેલાડીઓને ઈજાથી બચાવવા માટે પહેરવામાં આવતા ગિયર, જેમ કે હેલ્મેટ, પેડ અને માઉથગાર્ડ.

**પોર્ટફોલિયો:** પ્રગતિ અને સિદ્ધિ દર્શાવવા માટે સમય જતાં વિદ્યાર્થીના કાર્યનો સંગ્રહ.

**પ્રગતિ અહેવાલ**: વિદ્યાર્થીના પ્રદર્શન, શક્તિઓ અને સુધારણા માટેના ક્ષેત્રોની રૂપરેખા આપતો ઔપચારિક દસ્તાવેજ.

**ગુણાત્મક મૂલ્યાંકન**: વિદ્યાર્થીના પ્રદર્શનની ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરતું બિન-આંકડાકીય મૂલ્યાંકન (દા.ત., કૌશલ્ય પ્રદર્શન, ભાગીદારી).

**માત્રાત્મક મૂલ્યાંકન**: સંખ્યાત્મક અથવા માપી શકાય તેવું મૂલ્યાંકન, જેમાં સામાન્ય રીતે પરીક્ષણના સ્કોર અથવા સમયસર પ્રદર્શનનો સમાવેશ થાય છે.

**રૂબ્રિક**: પૂર્વનિર્ધારિત માપદંડોના આધારે વિદ્યાર્થીઓના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા માટે વપરાતી સ્કોરિંગ માર્ગદર્શિકા.

**સેનિટાઇઝેશન**: રોગકારક સૂક્ષ્મજીવાણુઓને ઘટાડવા અને રોગના ફેલાવાને રોકવા માટે સપાટીઓ અને સાધનોને સાફ અને જંતુમુક્ત કરવાની પ્રક્રિયા.

**સ્વ-મૂલ્યાંકન**: જ્યારે વિદ્યાર્થીઓ પોતાના પ્રદર્શન અથવા વિકાસનું મૂલ્યાંકન કરે છે.

**રમતગમતની ઇજા**: શારીરિક પ્રવૃત્તિઓ અથવા રમતો દરમિયાન થતી કોઈપણ ઇજા.

**મચકોડ (Sprain)**: અસ્થિબંધનના તંતુઓ ફાટી જવાથી અસ્થિબંધનમાં ઇજા.

**ખેંચાણ (Strain)**: સખત પ્રવૃત્તિના પરિણામે સ્નાયુમાં ઇજા.

**વ્યક્તિલક્ષી મૂલ્યાંકન**: વ્યક્તિગત નિર્ણય અથવા અર્થઘટન પર આધારિત મૂલ્યાંકન, જેમ કે શિક્ષકના અવલોકનો.

**સત્રાંત મૂલ્યાંકન**: એકંદર પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા માટે શીખવાના સમયગાળાના અંતે મૂલ્યાંકન કરવામાં આવે છે.

**વેન્ટિલેશન**: નબળી હવાની ગુણવત્તાને કારણે થતી બીમારીઓનું જોખમ ઘટાડવા માટે રમતના ક્ષેત્રને યોગ્ય રીતે હવાની અવરજવરયુક્ત કરવાની ખાતરી કરવી.

**પીએસએસ સેન્ટ્રલ ઇન્સ્ટિટયુટ ઓફ વોકેશનલ એજ્યુકેશન**
**(શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર હેઠળ ના એનસીઇઆરટીનો ઘટક એકમ)**
**શ્યામલા હિલ્સ, ભોપાલ- 462 002, મધ્યપ્રદેશ, ભારત**
http://www.psscive.ac.in